ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૩ (કુલ વર્ષ ૬૩)

અંક-૩ • જુન, ૨૦૧૫ • પાના ૫૨ • કીમત રૂા. ૨૦

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 3, ISSUE : 3, JUNE 2015, PAGES 52. PRICE 20/-



## જિન-વચન

**અપ્રિયકારી ભાષા નથી બોલતા તે સદા પૂજ્ય છે**

अवण्णवायं च परम्मुहस्स
पचक्खओ पडिणीयं च भासं ।
ओहारिणिं अप्पियकारिणिं च
भासं न भासेज्ज सया स पुज्जो ।।
(द. ९-(३)९)

જે પાછળથી બીજાની નિંદા નથી કરતા, જે કોઈની હાજરીમાં વિરોધવાળાં વચન નથી બોલતા, જે નિશ્ચયકારી (આગ્રહી) અથવા અપ્રિયકારી ભાષા નથી બોલતા તે સદા પૂજ્ય છે.

Those who do not backbite others, use violent words in their presence and who do not speak uncompromising or unpleasant language are always respected.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૫ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૩મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૨.
- કુલ ૬૩મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબ સાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ


## પૂર્વ તંત્રી મહાશયો


જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ


## આચમન — ગાંધીજીએ દોરેલું શ્રીમદ્‌નું શબ્દચિત્ર

શ્રીમદ્ પહેરવેશ સાદો પહેરતા. આખું અંગરખું, ખેસ, ગરભ સુતરો ફેંટો અને ધોતી. તેમની ચાલ ધીમી હતી અને જોનાર પણ સમજી શકે કે ચાલતાં પણ આત્મવિચારમાં મગ્ન છે. આંખમાં ચમત્કાર હતો, અત્યંત તેજસ્વિતા – વિહ્વળતા જરાયે નહીં. ભોજનમાં જે મળે તેથી સંતુષ્ટ રહેતા. પોતાના વ્યવહારમાં સંપૂર્ણ રીતે પ્રમાણિકતા જાળવતા એવી મારી ઉપર તેમની છાપ પડી હતી. તેઓ સોદા કરતાં તે વખતે હું કોઈવાર અનાયાસે હાજર રહેતો. તેમની વાત સ્પષ્ટ અને એક જ હતી. 'ચાલાકી' જેવું હું કંઈ જોતો નહીં. સામેનાની ચાલાકી પોતે તરત કળી જતા, તે તેમને અસહ્ય લાગતી. એવે વખતે તેની ભ્રુકૂટી પણ ચડતી ને આંખમાં લાલાશ હું જોઈ શકતો.'

□ મહાત્મા ગાંધીજી

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પ. પૂ. ગુરુદેવ ડૉ. રાકેશભાઈની અમૃતવાણી ઉત્તરાધ્યયન સૂત્ર-ગ્રંથ સ્વાધ્યાય : અહેવાલ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | અલૌકિક અનુભૂતિ | રેશ્મા જૈન | ૪ |
| ૩. | ધર્મગ્રંથોનું પુનઃસંકલન (લેખાંક બીજો) | જશવંત મહેતા | ૧૩ |
| ૪. | અમારા ભૂપેન્દ્રભાઈ | — | ૧૭ |
| ૫. | ઉપનિષદમાં સંન્યાસ વિચાર | ડૉ. નરેશ વેદ | ૧૮ |
| ૬. | સ્વામી શ્રી તપોવનજી મહારાજ | ભાણદેવજી | ૨૦ |
| ૭. | જૈન ધર્મ વિશેનાં અનધિકૃત વિધાનો પ્રત્યે અંગુલિ નિર્દેશ | વિજયશીલચન્દ્રસૂરિ | ૨૩ |
| ૮. | ગુરુ ભગવંતોનો ભોગ લેતા ગોઝારા અકસ્માતો | હિંમતલાલ શાંતિલાલ ગાંધી | ૨૪ |
| ૯. | નવકારની સંવાદયાત્રા (લેખાક પાંચમો) | ભારતી દિપક શાહ | ૨૭ |
| ૧૦. | ત્રિગુણની સીડી-ગુણાતીતતાને માળે | મીરાં ભટ્ટ | ૨૯ |
| ૧૧. | સંત ફ્રુરિયાસકોસ ચાવરા | દક્ષા સંઘવી | ૩૦ |
| ૧૨. | આત્મિક સુખ જ પરમ શાંતિ આપે છે | શશિકાંત લ. વૈદ્ય | ૩૧ |
| ૧૩. | અવસર | — | ૩૨ |
| ૧૪. | ભાવ-પ્રતિભાવ | — | ૩૫ |
| ૧૫. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૪૦ |
| ૧૬. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન | — | ૪૪ |
| 17. | Pius Queen Shilvanti | Muni Vatsalyadeepji Trans. : Pushpa Parikh | 45 |
| 18. | The Seeker's Diary : Purpose | Reshma Jain | 46 |
| 19. | Lok-Sansthan-Vichay (લોક-સંસ્થાન-વિચય) વ્યવસ્થિત-શક્તિ ?) | S. M. Shah | 47 |
| 20. | Enlighten yourself by Self Study of Jainology Leson 6 (2)-Sangh,Rules for Ascetics & Lay Followers | Dr. Kamini Gogri | 48 |
| 21. | The Story Of the Third Chakravarty Maghava | Dr. Renuka Porwal | 50 |
| 22. | The Story Of the Third Chakravarty Maghava Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 51 |
| ૨૩ | પંથે પંથે પાથેય : રણમાં વીરડી | ગીતા જૈન | ૫૨ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૩ (કુલ વર્ષ ૬૩) • અંક : ૩ • જૂન ૨૦૧૫ • વિક્રમ સંવત ૨૦૭૧ • વીર સંવત ૨૫૪૧ • જેઠ વદિ તિથિ-અમાસ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • •  • • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## પરમ પૂજ્ય ગુરુદેવ ડૉ. રાકેશભાઈ ઝવેરીની અસ્ખલિત અવિસ્મરણીય અમૃતમયવાણી

## ગ્રંથ સ્વાધ્યાય અહેવાલ

### ભગવાન મહાવીરની અંતિમ દેશના ઉત્તરાધ્યયન સૂત્ર – ૩ – ચતુરંગીય

આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ૨૦૧૫ મે, ૫, ૬, ૭ના મુંબઈના શ્રી બિરલા માતુશ્રી સભાગૃહમાં શ્રી ભદ્રંકર વિદ્યા દીપક જ્ઞાન વિજ્ઞાન સ્વાધ્યાય સત્રના ઉપક્રમે 'ગ્રંથ સ્વાધ્યાય' શ્રેણીમાં ઉત્તરાધ્યયન સૂત્ર ઉપર અવિસ્મરણીય જ્ઞાનોત્સવ ઉજવ્યો.

ઉત્તરાધ્યયન સૂત્ર ઉપર ત્રણ દિવસ સતત બે બે કલાક સુધી પ. પૂ. ગુરુદેવ ડૉ. રાકેશભાઈ ઝવેરીએ એવી અસ્ખલિત, અવિસ્મરણીય અમૃતવાણી વરસાવી કે જાણે ત્રણે દિવસના અસંખ્ય જ્ઞાન જિજ્ઞાસુ શ્રોતાજનો અઢી હજાર વરસ પહેલાંના અપાપાપુરી નગરીમાં આસનસ્થ છે.

**આ અંકના સૌજન્યદાતા**

**સુષ્માબેન શૈલેશભાઈ મહેતા**

**શૈલેશભાઈ શાંતિલાલ મહેતા**

આ વૈચારિક સંસ્થાની સ્થાપનાને આજે લગભગ ૮૬ વર્ષ થયા. આ વરસો દરમિયાન આ સંસ્થાએ **અનેક દિશામાં પહેલ** કરી નવી કેડી કંડારી છે. ચિંતનાત્મક માસિક 'પ્રબુદ્ધ જીવન', પર્યુષણ વ્યાખ્યાનમાળા, ૧૯૮૪થી આ વ્યાખ્યાનમાળા પ્રસંગે ગુજરાતની કોઈ એક સેવા સંસ્થા માટે આર્થિક અનુદાન એકત્ર કરી એ સંસ્થાને પહોંચાડવું–અત્યાર સુધી ૩૦ સંસ્થાઓને ૫ કરોડનું દાન પહોંચાડ્યું છે ઉપરાંત સંસ્થાના 'પ્રેમળ જ્યોતિ' વિભાગ દ્વારા પ્રત્યેક માસે એકસો પરિવારને અનાજનું વિતરણ અને કિશોર ટિંબડિયા કેળવણી ફંડ દ્વારા વરસે પચાસેક વિદ્યાર્થીને આર્થિક સહાય થાય છે.

જૈન તત્ત્વજ્ઞાનને કથાના લોકપ્રિય સ્વરૂપમાં પ્રસ્તુત કરવા પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા છેલ્લા છ વર્ષથી મહાવીર જન્મકલ્યાણક દિવસ દરમિયાન ગૌતમ કથા, મહાવીર કથા, ઋષભ કથા, નેમ રાજુલ કથા, પાર્શ્વ પદ્માવતી કથા અને હેમચંદ્રાચાર્ય કથાનું સફળતાપૂર્વક આયોજન થયું છે.

જૈન ધર્મ શ્રુતજ્ઞાનનો સાગર છે. આ સર્વ ગ્રંથો સૌ જિજ્ઞાસુને વાંચવાની ઈચ્છા થાય, પણ વર્તમાન જીવન પરિસ્થિતિને કારણે એ શક્ય ન બને, અને કદાચ શક્ય બને અને આવા ગ્રંથ પોતાને પ્રાપ્ત થાય, પરંતુ એને સમજવા મુશ્કેલ બને.

આ વિચારને કેન્દ્રમાં રાખી આ સંસ્થાએ પ્રતિવર્ષ 'ગ્રંથ સ્વાધ્યાય'ની એક નવી શ્રેણીનો પ્રારંભ કર્યો, જેમાં તજ્જ્ઞ વિદ્વાન મહાનુભાવ સતત ત્રણ દિવસ આ ગ્રંથનો જ્ઞાન જિજ્ઞાસુઓને સ્વાધ્યાય કરાવે.

આ શ્રેણીનો પ્રારંભ પ. પૂ. ગુરુદેવ ડૉ. રાકેશભાઈની વિદ્વત્‌ભરી

(અનુસંધાન પાના પાંચ પર જુઓ)

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260
• Website : www.mumbai-jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

# અલૌકિક અનુભૂતિ

*વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ*
*આયુષ્ય એ તો જળનાં તરંગ,*
*પુરંદરી ચાપ અનંગ રંગ*
*શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ.*

પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી રચિત આ પંક્તિઓ મને બાળપણમાં મળેલી. પપ્પા અને પપ્પાના મિત્ર અનિલભાઈ સીરાજ જ્યારે પણ આ ગાતા, ત્યારે મને સાંભળવું બહુ ગમતું અને મનમાં ને મનમાં હું પણ એને વાગોળતી. આ પંક્તિઓનો ભાવાર્થ તો યુવાનીમાં સમજાયો. એ પણ ત્યારે સમજાયું જ્યારે જાણ્યું કે કોઈ પણ પ્રસંગની ઘણા પુરુષાર્થથી કરેલી તૈયારીઓ, આતુરતા, ઉત્સુકતા, સંકલ્પ-વિકલ્પો અને તેની સાથે જોડાયેલી અપેક્ષાઓએ પ્રસંગ પૂરો થતાંની સાથે જ શમી જાય છે. કોઈ પણ સુખદ કે દુઃખદ પ્રસંગે એની ક્ષણિકતા અનુભવી મને આ પંક્તિઓ યાદ આવતી.

એ જ સમય દરમ્યાન આપણા સૌના ચહિતા રમણભાઈના અર્ધાંગિની ઘરે આવ્યા હતા, એમની સાથે સમયની ક્ષણભંગુરતા વિષે ચર્ચા થઈ. ત્યારે હું diary ડાયરી લખતી અને મેં એમને વિનંતી કરી કે તેઓ મારી diary માં કોઈ સંદેશ લખી આપે. એમણે લખ્યું, 'વ્હાલી રેશમા, સમયં ગોયમ્ મા પમાયે'-એક ક્ષણ માત્રનો પ્રમાદ કરવો ઉચિત નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રભુ મહાવીર એમના શિષ્ય ગૌતમ સ્વામીને આ સત્ય કહે છે. આ પંક્તિ મારા અંતરને સ્પર્શી ગઈ. જ્યારે જ્યારે હું સ્વપ્નીલ જગતમાં મારો સમય વેડફતી ત્યારે ત્યારે આ પંક્તિ મને ચેતવતી અને હું પોતાને ઝંઝોડતી અને ભરત ચક્રવર્તીએ કહેલ તેમ પોતાને કહેતી–'રેશ, ચેત-કાળ ઝપાટા દેત.'

જીવનનો વળાંક એ સમયનો એવો હતો કે સત્ પુરુષોની વર્ષા હતી, અને એ ગાળામાં સુમનભાઈ દલાલ અને નીલાબેન શશીકાંત મહેતાની છત્ર છાયામાં બેસી તત્ત્વજ્ઞાન અને ધર્મ સંબંધી માર્મિક ચર્ચાઓનો લ્હાવો લેતી.

એમના આ જગતમાંથી વિદાય લેવાનાં પ્રસંગે સમયની અસારતા અને એમની સાથે વીતોલી પળોને યાદ કરીને સમયની ક્ષણ ભંગુરતાની તીવ્રતા અનુભવી હતી.

પાંચ વર્ષ પહેલાં હું પૂ. શ્રી ગુરુદેવ ડૉ. રાકેશભાઈ ઝવેરીના પરિચયમાં આવી, ત્યારે જઈને મને સમજાયું, 'સમયં ગોયમ્ મા પમાયે' પાછળનું ઊંડું અને ગહન રહસ્ય, કે ખરેખર સમય ન ગુમાવવો એટલે શું ?'

સમયનો મહિમા ગુરુદેવે માત્ર ઉપદેશથી નહીં પણ આચારથી સમજાવ્યો. ગુરુદેવશ્રી પોતે એક પણ ક્ષણનો વ્યય નથી કરતાં તેમ છતાં બધાં જ ધારેલા કામ કરે છે. હાડમાંસનાં બનેલા માનવીમાં આટ-આટલી હદે દિવ્ય સંભાવના હોઈ શકે છે, એનું જીવતું જાગતું ઉદાહરણ પૂ. શ્રી ગુરુદેવ છે. વિચાર, વાણી અને વર્તન ત્રણેય એક જ લીટીમાં હોય એવું અહીં જ મેં જોયું છે. એમના જીવનની પ્રત્યેક ક્ષણ, એની Mini ક્ષણ અને એની પણ Micro ક્ષણ સર્વના આત્મકલ્યાણમાં જ વીતે છે. એમને જોઈને પહેલી વાર મને realise થયું કે દરેક ક્ષણને સુખ અને શાંતિમય કેવી રીતે બનાવી શકાય.

જેમણે સમયને ખરા અર્થમાં જીતી જાણ્યો છે તેમની પાસેથી જ સમયનું મૂલ્ય સમજવા મળે, એનાથી વધારે ઉત્તમ શું ? આ ત્રણ દિવસ દરમ્યાન પૂ. ગુરુદેવશ્રી પાસેથી સમયની મહત્તાને સમજીશું અને જૈન તત્ત્વજ્ઞાનના મહાન ગ્રંથ **ઉત્તરાધ્યયન**માં પૂ. ગુરુદેવની અમૃતવાણી દ્વારા પ્રવેશીશું.

તો ચાલો આપણે જઈએ અઢી હજાર વર્ષ પહેલાનાં સમયકાળમાં, જ્યાં પ્રભુ વીરની અંતિમ દેશના સંભળાઈ રહી છે. એ સમયની મહત્તા અને આ તકની દુર્લભતાને ધ્યાનમાં રાખીને, આપણે સૌ આપણી માનસિક ચંચળતા અને સૌ ભૌતિક વસ્તુઓ જેમ કે આ Mobile Phone ને દૂર રાખીને અપાપાપુરી જઈએ, પ્રભુ વીરની ગહન વાણીના સરળ ભાવાનુવાદને ગુરુદેવ પાસેથી સમજીએ.

આ મહાન પ્રસંગના સંયોજનનું સુકાન મને સોંપી શ્રી મુંબઈ જૈન યુવક સંઘે મારી ત્રણ મહિનાની અને હવે પછીની સર્વ ક્ષણોને અવિસ્મરણીય અને ધન્ય બનાવી, એ માટે આ સંસ્થાની હું ૠણી બનું છું.

ખરેખર મારા માટે આ એલૌકિક અનુભૂતિ હતી અને હવે ત્રણ દિવસ ગુરુદેવ દ્વારા જે અનુભૂતિની પ્રાપ્તિ મને–આપણને થશે એ શાશ્વત રહેશે. આપણા ભીતરને વિકસિત કરતી રહેશે.

સર્વ પ્રથમ પૂ. ગુરુદેવને નત મસ્તકે પ્રણામ કરી આપ સર્વ જ્ઞાન પિપાસુ શ્રોતાઓનું અંતરથી સ્વાગત કરી, આભારની ભાવના પ્રગટ કરી અહિં બિરાજેલા સર્વ આત્માને હું કોટિ કોટિ વંદન કરું છું.

□ **રેશ્મા જૈન**
(09920951074)
સંયોજિકા ગ્રંથ સ્વાધ્યાય
પ્રથમ દિવસે પ્રારંભ કથન

**મારી આપ સર્વેને વિનંતિ છે કે સી. ડી. / ડી.વી.ડી. મેળવી પૂજ્ય શ્રીના શબ્દે શબ્દ અને ક્ષણોને આપ મ્હાણો અને ધન્યતા અનુભવો**

(પાના પહેલાથી આગળ)
અમૃતમય વાણીથી થાય એવી અમારા આત્મામાં ભાવના જાગી. અમે પૂજ્યશ્રીને અમારો અભિગમ–વિચાર સમજાવી આ સ્વાધ્યાય કરાવવા પૂજ્યશ્રીને વિનંતી કરી. પોતાની અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ આ સરળ આત્માએ અમને અનુમતિ આપી સર્વ જ્ઞાન જિજ્ઞાસુઓ ઉપર મોટો ઉપકાર કર્યો.

પૂજ્ય રાકેશભાઈની અમૃત વાણીનો લાભ લેવા અનેક એવા ઉત્સુક જિજ્ઞાસુઓ છે કે જેઓ ધરમપુર અથવા દાદર યોગી સભાગૃહમાં જઈ શકતા નથી. આ વિચારને કેન્દ્રમાં રાખી આ ગ્રંથ સ્વાધ્યાયનું આયોજન અમે મુંબઈના બિરલા સભાગૃહમાં કર્યું, અને આ ત્રણ દિવસ લગભગ એવા જ જ્ઞાનપિપાસુ શ્રોતાજનો પધાર્યા અને એ સર્વેએ જીવનનો અમૂલ્ય અવસર માણ્યો એવું અનુભવ્યું.

ખરેખર, આ ત્રણ દિવસનો ગ્રંથ સ્વાધ્યાય અનુભવ અલૌકિક હતો. આ અનુભૂતિ જો શબ્દસ્થ કરવા બેસું તો પૃષ્ઠો ભરાય.

'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને આ સ્વાધ્યાયનો અંશ અહીં અર્પણ કરતા ધન્યતા અનુભવું છું.

શબ્દે શબ્દનું અવતરણ શક્ય નથી, માટે મને ક્ષમા કરશો. આ ત્રણે દિવસની શબ્દ અને ક્ષણોની સી. ડી. અને ડી.વી.ડી. આપ અમારી પાસેથી પ્રાપ્ત કરી શકશો. મારી આપ સર્વેને વિનંતિ છે કે સી. ડી. / ડી.વી.ડી. મેળવી પૂજ્યશ્રીના શબ્દે શબ્દ અને ક્ષણોને આપ મ્હાણો અને ધન્યતા અનુભવો.

ત્રણે દિવસના સ્વાધ્યાયના સૌજન્યદાતા હતા શ્રી બિપીનચંદ્ર જૈન અને નિલમબેન જૈન. આ દંપતીના દામ્પત્ય જીવનનું આ સુવર્ણ વર્ષ છે. ત્રણે દિવસમાં પ્રથમ દિવસે પ્રારંભમાં આ દંપતીએ, બીજા દિવસે એમના જ્યેષ્ટ પુત્ર રસેશભાઈ અને પુત્રવધૂ શિતલબેને અને ત્રીજા દિવસે અનુજ પુત્ર રાજ અને પુત્રવધૂ બિયંકાએ પૂજ્યશ્રીનું તિલક–પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ત્રણે દિવસના સ્વાધ્યાયનું સફળ સંચાલન સંયોજિકા રેશ્મા જૈને કર્યું હતું અને સંગીત અને સ્વરથી જય શાહ, નિર્મલ અને આરતિ શાહ તેમ જ મેઘલ દેસાઈએ ભક્તિભર્યું વાતાવરણ સર્જ્યું હતું.

સંઘના ઉપપ્રમુખ નીતિનભાઈ સોનાવાલાએ છેલ્લા દિવસે આભાર વચનો પ્રસ્તુત કર્યા હતા.

પ્રથમ દિવસે દીપ પ્રાગટ્ય સંસ્થાના શુભેચ્છક દાતા શ્રી સી. કે. મહેતા અને પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શાહે કર્યું હતું અને ત્રીજે દિવસે આ જ મહાનુભાવોએ પૂજ્યશ્રીનું રજતપત્રથી અભિવાદન કરી આ તત્ત્વવાણીના લાભ માટે સર્વ જ્ઞાન જિજ્ઞાસુ વતી વંદન કર્યા હતા.

અમને વિશેષ આનંદ એ છે કે ગ્રંથ સ્વાધ્યાયના સંયોજનની પૂરી જવાબદારી આ સંસ્થાની નવી પેઢી – નવી જનરેશને– ઉપાડી લીધી અને શિસ્તબદ્ધ પાર પાડી, આ માટે ઉત્સાહી અને સમર્પિત સંયોજિકા રેશ્મા જૈન અને એમના સાથીઓને અમારા અભિનંદન, આભાર.

**હવે આપણે પૂજ્યશ્રી ડૉ. રાકેશભાઈ ઝવેરીના ત્રણે દિવસના સ્વાધ્યાયના થોડાં શબ્દોનું આચમન કરીએ :**

**☐ ધનવંત શાહ**
drdtshah2hotmail.com

(૧)

ધર્મ અપૂર્વ આંતર સંશોધન વિના પ્રાપ્ત થઈ ન શકે. બધા દેશકાળ અને ધર્મ-પંથના જ્ઞાની ગુરુઓએ કહ્યું છે કે ધર્મ ગુપ્ત છે. આપણે વિશાળ સંખ્યામાં ધર્મ, તપશ્ચર્યા, દાન, શીલ અને તપ થતા જોઈએ છીએ. તેનું કારણ ધર્મ આંતર સંશોધનથી પ્રાપ્ત થાય છે. સત્યની પ્રાપ્તિ આંતર સંશોધનથી પ્રાપ્ત થાય છે. કેરીને જોવાથી તેનો રંગ ખબર પડે પણ તેને જીભ ઉપર મૂકવાથી તેનો સ્વાદ સમજાય. એકમાં દર્શન છે. બીજામાં સ્વાદ છે. ઈન્દ્રિયની મદદ લઈને જ્ઞાન થાય તેને સંશોધન કહેવાય. ઈન્દ્રિયની મદદ વિના જ્ઞાન પ્રાપ્ત થાય તેને આંતર સંશોધન કહેવાય. વિજ્ઞાનમાં સંશોધન શબ્દ વપરાય છે. જ્યારે ધર્મ પ્રાપ્તિ માટે આંતર સંશોધન શબ્દનો ઉપયોગ થાય છે. સાધકે જીવનમાં દરરોજ ષટ-છ કાર્ય કરવા જોઈએ તેમાંનું એક સ્વાધ્યાય છે. સંતો કહે છે કે શાસ્ત્ર અભ્યાસ દ્વારા સ્વાધ્યાય કરવાનો છે. શાસ્ત્ર અભ્યાસમાં શાસ્ત્રનો અભ્યાસ છે. સ્વાધ્યાયમાં સ્વનું અધ્યયન રહેલું છે. જ્ઞાની પુરુષોના જ્ઞાનના પ્રકાશમાં પોતાના પરિણામોનું અવલોકન સ્વાધ્યાય છે. સ્વાધ્યાય માટે પરિપક્વતા, મુમુક્ષુતા, પરિભ્રમણથી છૂટવાની તીવ્ર અભિલાષા અને કષાયોમાંથી મુક્ત થવાની ઈચ્છા જોઈએ. રમણ મહર્ષિને કોઈકે પુછ્યું કે આત્મ અનુભૂતિ માટે કેટલા શાસ્ત્રો ભણવા જોઈએ? રમણ મહર્ષિએ પૂછ્યું, તારી દાઢી ખૂબ જ સારી થઈ છે, તેના માટે કેટલા અરીસાની જરૂર પડી? શ્રદ્ધાળુએ ઉત્તર આપ્યો–એક જ જોઈએ. ફક્ત તેમાં ચહેરો દેખાવો જોઈએ. મહર્ષિએ કહ્યું કે તે જ પ્રકારે આત્માની અનુભૂતિ માટે એક શાસ્ત્ર પુરતું છે. ફુગ્ગો તેના રંગ કે કદને લીધે નહીં પણ અંદર રહેલા હવા કે ગેસને કારણે ઉપર જાય છે. તમારી ભીતર શું છે? તમારી ગુણસંપત્તિથી આત્મા ઉર્ધ્વગમન કરે છે, બાહ્યક્રિયાથી નહીં. જ્યારે જે પોતાને ભીતર તપાસે કે કષાય અને વિષયોની તીવ્રતા, સાતત્ય (ફ્રીક્વન્સી) અને સમય મર્યાદા (ડ્યુરેશન) ઘટી છે તેને સાધક કહેવાય.

આ ભવે હંમેશા બહારમાં જ શુભ કે અશુભ ફેરફાર કર્યા છે. બહિર્મુખ એટલે જેને બહાર ફેરફાર કરવાની વૃત્તિ-પ્રવૃત્તિ છે. સુખદુ:ખના ઉપયોગ માટે તે બહાર ભટકે છે. અભિમુખમાં વ્યક્તિ

સુખપ્રાપ્તિ અને દુ:ખ દૂર કરવા દેવ, ગુરુ અને શાસ્ત્રનો આધાર લે છે. તેમાં તે સત્ સાધનની સન્મુખ થાય છે.

૧૭૪૦ ગાથાનો આ ઉત્તરાધ્યયન ગ્રંથ છે.

સન્મુખમાં વ્યક્તિ સત્ સાધનો દ્વારા આત્માની સન્મુખ થવાનો પ્રયત્ન કરે છે. આ ત્રીજી ભૂમિકા છે પછી તેનો ઉપયોગ આત્મામાં સ્થિર થાય. શરૂમાં સવિકલ્પપણે અને પછી નિર્વિકલ્પપણે ભાવ ભાષણ થાય અને આત્મ સ્વરૂપનું વેદન થાય. તે પ્રકારે બહિર્મુખમાંથી આપણે આંતરમુખ થયા કે નહીં તે તપાસવાનું છે. ૨૦ વર્ષ રાત્રિભોજનનો ત્યાગ અને દસ વર્ષ બ્રહ્મચર્ય ધારણ કર્યું હોય આ કોઈ શુભ કાર્યોનો નિષેધ નહીં પરંતુ એ દ્વારા ભીતરના પરિણામોમાં ફેર પડ્યો કે નહીં તેની તપાસ તે સ્વાધ્યાય છે. આ સ્વાધ્યાયમાં શાસ્ત્રનો અભ્યાસ ઉપયોગી થાય છે. આપણી ભીતરની તપાસના અભાવે ઘણીવાર બધા જ સત્ સાધન નિષ્ફળ થઈ જાય છે. તમે કરો છો તે ક્રિયાત્મક વ્યવહાર ખોટો નથી પરંતુ તમે ખોટા છે. જો યથાર્થ સાધન થાય તો અને મન બે ઘડી શુદ્ધભાવમાં સ્થિર થાય તો કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. આપણને દોષ બીજાનો અને બહાર દેખાય છે. આપણે તેને બદલવા પ્રયત્ન કરીએ છીએ. પેલી વ્યક્તિ બદલાય અને આપણો મોક્ષ થાય? એ શક્ય નથી. આ જૈન દર્શન ન હોઈ શકે. હું આ કર્મ કરું છું તેથી દુ:ખી છું એ સમજવાની જરૂર છે. તેમાંથી ધીમે ધીમે બહાર નીકળશું તો કોઈક દિવસ કેવળજ્ઞાન સુધી પહોંચશું. ઘણા ફરિયાદ કરે છે કે ધ્યાનમાં કે સામાયિકમાં બેસીએ ત્યારે ખરાબ વિચાર આવે છે. વાસ્તવમાં ખરાબ વિચાર કાયમ આવતા હોય છે પરંતુ અનુષ્ઠાનમાં બેસીએ એટલે તે બાબત આપણા ધ્યાનમાં આવે. ચોઈસ (પસંદગી) ઉભી થઈ એટલે સુખ અને દુ:ખ શરૂ થયા, અહમ શરૂ થયો. પસંદગી રહિત જાગૃતિ એ આપણું ધ્યેય છે. તેમાં શાંતિ અને આનંદ જન્મે. તેમાંથી સ્વાધ્યાય માટે શાસ્ત્રાભ્યાસ કરવાનો છે. આપણે વિચારીએ છીએ કે આમ થયું એટલે હું દુ:ખી થયો અને આમ ન થયું એટલે અશાંતિ થઈ. દાળમાં મીઠું ઓછું હોય ત્યારે આપણે મિજાજ (મૂડ) મુજબ પ્રત્યાઘાત આપીએ છીએ. આપણને કોઈ દુ:ખ આપતું નથી પણ ભીતરની પરિસ્થિતિ કે શત્રુથી દુ:ખ છે. પરિસ્થિતિ સમાન હોય છે પણ ભીતરના મૂડ મુજબ પ્રત્યાઘાત આપીએ છીએ. વૈદિક સાહિત્યમાં ગીતાનું અને બૌદ્ધ ધર્મમાં ધમ્મપદનું સ્થાન છે તે જૈન ધર્મમાં ઉત્તરાધ્યયન સૂત્રનું છે. ૧૭૪૦ ગાથાનો આ ઉત્તરાધ્યયન ગ્રંથ છે.

ઉત્તરાધ્યયન સૂત્રનું વારંવાર અધ્યયન કરવાથી જીવનશુદ્ધિ અને આચારશુદ્ધિ થાય છે. તેમાં જૈન સિદ્ધાંતોનું મૌલિક પ્રતિપાદન છે. ઉત્તરાધ્યયનની એક ગાથાનો નમૂનો (સેમ્પલ) આપણા જીવનમાં ઘણો પ્રકાશ પાડે છે. આચાર અને સાધના વિશે ઘણું માર્ગદર્શન આ ગ્રંથ આપે છે. માત્ર એક જ ગાથા એટલો પ્રકાશ પાડે છે. મોક્ષનું કાર્ય સરળ છે તે મુશ્કેલ હોય કરવા યોગ્ય છે. મુશ્કેલ હોય તો પણ સરળ જણાય છે. મોક્ષની યાત્રા પૂરી કરી શકાય કે નહીં પણ શરૂ તો કરી જ શકાય એમ મનમાં લાગે છે. પરિભ્રમણમાં આ જન્મ 'ટર્નિંગ પોઈન્ટ' બનવો જોઈએ. આ ભવમાં આત્માએ દિશા બદલી એમ લાગવું જોઈએ. ત્યારપછી જ દશા બદલાય અને મોક્ષ દશાનો પ્રારંભ થાય. જમ્બુદ્વીપના ભરત ક્ષેત્રમાં અવસર્પીણી કાળમાં ૨૪ તીર્થંકરો થઈ ગયા. અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર હતા. લગભગ ૨૬૦૦ વર્ષ પહેલાં એટલે ઈશુ પૂર્વ ૫૯૯ વર્ષ પહેલાં ચૈત્ર સુદ તેરસના પવિત્ર દિને વર્ધમાને અંતિમ ભવ ધારણ કર્યો. ગૃહસ્થાશ્રમમાં ૩૦ વર્ષ ગાળ્યા પછી દીક્ષા લીધી. સાડાબાર વર્ષ ઘોર સાધનામાં ગાળ્યા. ૪૬૧૫ દિવસના અંત પછી રુજુવાલિકા નદિના કાંઠે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ત્યારપછી ૩૦ વર્ષ ધર્મની પ્રભાવના કરી. કેવળજ્ઞાન પછી પ્રથમ ચોમાસું અપાપાનગરીમાં કર્યું હતું. તેમનું અંતિમ ચોમાસું પણ અપાપાનગરીમાં કર્યું હતું. આજે જે પાવાપુરી નગર તરીકે ઓળખાય છે. ભગવાન મહાવીરે કહ્યું, હવે દેહમાંથી આત્મા મુક્ત થવાનો છે. તમારે જે પૂછવું હોય તે પૂછો. પ્રશ્નોત્તરી શરૂ થઈ. પ્રથમ ૫૫ પ્રશ્ન પુણ્યવિપાક એટલે કે સુખ સંબંધી પુછાયા. ત્યારપછી ૫૫ પ્રશ્ન પાપવિપાક એટલે કે દુ:ખ સંબંધી પુછાયા. બાદમાં ભગવાન મહાવીરે અપૃષ્ઠ વ્યાકરણ એટલે કે નહીં પુછાયેલા પ્રશ્નોના ઉત્તર આપ્યા. ૩૭મું પ્રધાન નામનું અધ્યયન શરૂ થતું હતું તે મરુદેવા માતા સંબંધી હતું. પરંતુ તે પૂરું થયું નહીં અને દિવાળીના રાત્રે ભગવાન મહાવીરની દેહમુક્તિ થઈ અને તેઓ સિદ્ધ અવસ્થા પામ્યા. આ અંતિમ દેશનાની નોંધ થઈ નહોતી. નવ ગણધરો તો ભગવાન મહાવીરની હયાતીમાં જ મોક્ષ પામ્યા હતા. પાંચમા ગણધર સુધર્મા સ્વામીએ જમ્બુસ્વામીને મહાવીરની અંતિમ દેશનાના ૩૬ અધ્યયન વિશે કહ્યું તે આપણું ઉત્તરાધ્યન સૂત્ર. સૂત્ર રૂપે સુધર્મા સ્વામીએ તેને પ્રથમવાર ગુંથ્યું અને જમ્બુ સ્વામીને કહ્યું.

ત્યારપછી તેમાં સુધારા અને વધારા થતા ગયા. તેથી તેને સંકલન ગ્રંથ તરીકે પણ ઓળખવામાં આવે છે તેનું કારણ તે એક વ્યક્તિ દ્વારા રચાયેલું નથી. તેમાં સમયે સમયે સુધારા થતા રહ્યા છે. આજે તે જે સ્થિતિમાં આપણને પ્રાપ્ત છે તેનો ઇતિહાસ સમજવા જેવો છે. ત્યારપછી જમ્બુ સ્વામીએ, પછી પ્રભવ સ્વામીને, સ્વયંભવ સ્વામી, યશોભદ્ર સ્વામી, સંભૂતિવિનય સ્વામી અને ભદ્રબાહુ સ્વામીને કહેવાયું. તે વખત સુધીમાં ઉત્તરાધ્યન સૂત્ર સંકલનબદ્ધ થયું. ભગવાન મહાવીરના નિર્વાણના ૯૮૦ વર્ષ પછી ગુજરાતના વલ્લભીપુરમાં દેવર્ષીગણી ક્ષમાક્ષમણના વડપણ હેઠળ લિપિબદ્ધ થયું. ઉત્તરાધ્યન સૂત્ર અંગે પાટલી પુત્ર (હાલનું પટણા), મથુરા અને પછી વલ્લભીપુર એમ ત્રણ સ્થળોએ સંમેલન થયા. ઉત્તરાધ્યન સૂત્ર શ્વેતામ્બર અને દિગમ્બર બંનેને માન્ય છે. દિગંબર સંપ્રદાય ઉત્તરાધ્યન સૂત્રને વિચ્છેદ માને છે. આપણે અત્યારે જે સ્થિતિમાં પ્રાપ્ત થયું તે દિગમ્બરને માન્ય નથી. અર્થ રૂપે તે ભગવાન રચિત છે. સૂત્ર રૂપે તેમાં ઉત્તરવર્તી શ્રુતજ્ઞ શિષ્યો, પૂર્વાચાર્યો દ્વારા ફેરફારો થયા છે. જૈન ધર્મમાં ભગવાન મહાવીરનો ઉપદેશ આગમોમાં છે તે અર્ધમાગધી

ઉત્તરાધ્યયન સૂત્રનું વારંવાર અધ્યયન કરવાથી જીવનશુદ્ધિ અને આચારશુદ્ધિ થાય છે.

**શાસ્ત્રજ્ઞાનીને મજૂરી મળે અને આત્મજ્ઞાનીને તિજોરી મળે.**

ભાષામાં છે. તેમાં બે પ્રકાર છે. પહેલું અંગપ્રવિષ્ટ અથવા અંગ સાહિત્ય, તે ગણધરો દ્વારા રચિત છે. અંગબાહ્ય ગણધર ભગવાન અને આચાર્ય ભગવંતો દ્વારા રચિત છે. અંગબાહ્યના પણ બે ભાગ છે. પહેલું ઉત્કાલિક અને બીજું કાલિક. ઉત્કાલિકનું અધ્યયન ગમે ત્યારે થઈ શકે. કાલિકનું અધ્યયન અમુક સમયે જ થઈ શકે.

વૈદિક સાહિત્યમાં જે સ્થાન ગીતાનું છે અને બૌદ્ધ ધર્મમાં જે સ્થાન ધમ્મપદનું છે એવું જ સ્થાન જૈન પરંપરામાં ઉત્તરાધ્યયન સૂત્રનું છે. અર્થથી તે ભગવાન રચિત છે. સૂત્રરૂપે ઉત્તરવર્તી શ્રુતજ્ઞ પૂર્વાચાર્યા દ્વારા તેમાં સંશોધન અને ફેરફાર થયા છે. ભગવાન મહાવીરના ઉપદેશને આગમ કહે છે.

શ્વેતામ્બર મૂર્તિપૂજક પરંપરામાં અંગપ્રવિષ્ઠ અને અંગબાહ્ય સહિત ૪૫ આગમો છે. તેમાં ૧૧ અંગપ્રવિષ્ઠ છે. શેષમાં ૧૨ ઉપાંગ, ચાર મૂળ સૂત્ર, છ છેદ સૂત્ર, બે ચૂલિકા અને ૧૦ પ્રકીર્ણ છે. તેરાપંથ અને સ્થાનકવાસી પરંપરામાં ૩૨ આગમની ગણતરી થઈ છે. તેમાં ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ચાર મૂળસૂત્ર, ચાર છેદ સૂત્ર અને એક આવશ્યક સૂત્ર છે. દિગમ્બરમાં ૧૨ અંગ અને ૧૪ અંગબાહ્ય એમ ૨૬ આગમો છે તે બધા વિચ્છેદ છે એમ મનાય છે. ચાર મૂળ સૂત્રમાં એક ઉત્તરાધ્યયન સૂત્ર છે. ઉત્તરાધ્યયનમાં ત્રણ શબ્દોનો સમાવેશ થાય છે. સૂત્ર એટલે કે જેમાં શબ્દ ઓછા અને અર્થ વિપુલ. અધ્યયન એટલે વાંચવું કે ભણવું એવો અર્થ થાય. અહીંયા પ્રકરણ કે ચેપ્ટર એ અર્થમાં છે. ઉત્તરનો એક અર્થ ઉત્તમ છે. શૈલીની અને વિષય વસ્તુની દૃષ્ટિએ ઉત્તમ ગ્રંથ છે. ઉત્તરનો એક અર્થ જવાબ છે. ઉત્તર એટલે પાછળનું એવો પણ એક અર્થ થાય. ભગવાન મહાવીરની છેલ્લી દેશના હતી. તેથી ઉત્તરાધ્યયન સૂત્ર કહેવાય. વધુમાં તેનો અભ્યાસ છેલ્લે કરવાનો છે. તેના ૩૬ પ્રકરણ છે તેમાં તે પ્રકરણનો એકમેક સાથે સંબંધ નથી. કથાત્મક અધ્યયન ૧૪, ઉપદેશાત્મક અધ્યયન છ, સૈદ્ધાંતિક અધ્યયન સાત અને આચારાત્મક નવ સહિત કુલ ૩૬ પ્રકરણ છે. વૈરાગ્યના ઉપશયન કરવા ઉત્તરાધ્યયન ઉપયોગી છે. ઉત્તરાધ્યયનમાં વૈરાગ્યનો બોધ છે તે દરેક શુભક્રિયાને ધ્યેય તરફ વાળે છે. પહેલી રચના નિર્યુક્તિ છે. નિર્યુક્તિએ સ્વતંત્ર ગ્રંથ નથી. પ્રાકૃત ભાષામાં પદ્ય શૈલીમાં હોય તેને નિર્યુક્તિ કહેવાય. બીજું ભાષ્ય ગદ્ય અથવા પદ્યમાં હોઈ શકે. નિર્યુક્તિ સંક્ષિપ્ત છે. ભાષ્ય વિસ્તૃત હોય છે. ઉત્તરાધ્યયન સૂત્રનું ભાષ્ય અપ્રાપ્ત છે. ત્રીજું છે ચૂર્ણી. તે મુખ્યત્વે સંસ્કૃતમાં હોય છે. તેની શૈલી સરળ અને સંક્ષિપ્ત હોય છે. ઈસ. છઠ્ઠી શતાબ્દીમાં ચૂર્ણી જોવા મળી. ચોથું છે ટીકા. તે સંસ્કૃતમાં વિસ્તારપૂર્વક છે. તે હરિવલ્લભની અને ભાવવિજયની છે. પાંચમું છે અનુવાદ. અનેક ભાષામાં ઉત્તરાધ્યયનના અનુવાદ થયા છે. આ ગ્રંથોનો ઘણો ઉપકાર મારી આત્મદશા ઉપર છે.

શાસ્ત્રજ્ઞાની બનવું છે કે આત્મજ્ઞાની બનવું ? શાસ્ત્રજ્ઞાનીને મજૂરી મળે અને આત્મજ્ઞાનીને તિજોરી મળે.

**આ ચતુરંગીય ચીજોમાં મનુષ્યત્વ, સદ્ધર્મનું શ્રવણ, સદ્ધર્મમાં શ્રદ્ધા અને સંયમમાં પરાક્રમનો સમાવેશ થાય છે.**

પહેલીવાર ગ્રંથો બધા કુતૂહલ ખાતર વાંચે. બીજીવાર વાંચે એટલે અર્થ સમજાય. ત્રીજીવાર વાંચવાથી ભાવાર્થ સમજાય. ત્યારપછી તેના પાછળના રહસ્ય સમજાય. તે બાબતને પોતાના જીવન સાથે જોડીએ ત્યારે અલગ અનુભવ થાય. જ્યારે તમે ગ્રંથ રૂપી સમુદ્રમાં ડૂબો ત્યારે મોતી મળે. શબ્દની અંદર અર્થ છે ભાવ નથી. તે અર્થને વારંવાર ચિત્તમાં ફેરવો ત્યારે નવા ઉન્નત ભાવ થાય. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે પૂછવું, ફેરવવું, ચર્ચા કરવી અને ભાવના ભાવવી એવા તબક્કા છે. પૂછવાના બે હિસ્સા છે એક બીજાને પૂછવું અને બીજું પોતાને પૂછવું. આપણે દરરોજ આધ્યાત્મિક ઉંચાઈ વધારીએ એ જોવાનું છે. તમારું મનરૂપી સરોવર થીજી ગયેલું હશે તો સાધુસંતોએ કરેલા પ્રવચનથી તેમાં તરંગો સર્જાશે નહીં. આખું જગત અનિત્ય છે. આખું જગત નિર્દોષ નહીં લાગે ત્યાં સુધી અંતરનો દરવાજો ખુલશે નહીં. જે બને છે તે કર્મ અનુસાર બને છે. તેનાથી જાત અને જગત જોવાની દૃષ્ટિ બદલાશે. આખું જગત અનિત્ય છે, 'લક્ષ્મી વિદ્યુત જેવી, પ્રભુતા પતંગ જેવી, જ્યાં ક્ષણનો પ્રસંગ છે ત્યાં શું રાચીએ!' એ પંક્તિ યાદ રાખવી જોઈએ.

ઉત્તરાધ્યયન સૂત્રનું જ્ઞાન ગમે ત્યાં ફસાતો અટકાવે એવી બ્રેક બનવું જોઈએ. સ્થૂળ દૃષ્ટિએ અભ્યાસ કરશો તો દીક્ષિત થશો. વેશ બદલવાની નહીં પણ વૃત્તિ બદલવાની વાત છે. મેં બંગાલી મીઠાઈ છોડી મારો મોક્ષ કેમ થતો નથી? તે મીઠાઈ મોક્ષમાં અવરોધ હતી? મીઠાઈ છોડી પણ જીવનમાં આપણે રસ છોડતા નથી.

(૨)

ચહેરાનું દર્શન અરીસામાં થાય. તે રીતે મનનું દર્શન સ્વાધ્યાય છે. આત્માના દર્શન માટે નિર્વિકલ્પ દશા પ્રગટાવવી પડે. રાંધવા માટે મૂકેલા ચોખા ચઢ્યા છે કે કેમ તે જાણવા માત્ર એક દાણો આંગળીથી દબાવવાથી ખબર પડે છે. તેથી ૧૭૪૦ ગાથાના ઉત્તરાધ્યયન સૂત્રમાં એક અધ્યયનની એક ગાથાનો અભ્યાસ કરવાથી તેની ભવ્યતા સમજી શકાય છે. તેમાં ચાર દુર્લભ ચીજની વાત કરી છે. આ ચતુરંગીય ચીજોમાં મનુષ્યત્વ, સદ્ધર્મનું શ્રવણ, સદ્ધર્મમાં શ્રદ્ધા અને સંયમમાં પરાક્રમનો સમાવેશ થાય છે. મનુષ્યત્વ અને સદ્ધર્મનું શ્રવણ પ્રારબ્ધથી પ્રાપ્ત થાય છે જ્યારે સદ્ધર્મમાં શ્રદ્ધા અને સંયમમાં પરાક્રમ એ પુરુષાર્થથી અર્જિત કરવાના હોય છે. ચતુરંગીયની દુર્લભતા એટલે જે મુસીબતથી પ્રાપ્ત થાય છે. મોક્ષ જે દુર્લભ છે તેની તેમાં વાત કરી છે. આચાર અંગેની દુર્લભતા સમજાય તો મોક્ષનું ધ્યેય બંધાશે. દિવસમાં કેટલો સમય આપણે મોક્ષ માટેના પુરુષાર્થ પાછળ ખર્ચીએ છીએ? તે વિચારવાનું છે. આપણે જન્મ, નોકરી-ધંધો, લગ્ન, સંતાનપ્રાપ્તિ, વૃદ્ધાવસ્થા, માંદગી અને મૃત્યુના ચકરાવામાં ફરીએ છીએ એટલે મનુષ્ય શરીર દુર્લભ કહ્યું છે એવું નથી. પેલી 'પુશી કેટ'ના જોડકણામાં બિલાડી લંડન જઈને રાણીની ખુરશી નીચે ઉંદર જુએ છે. એવું

આપણે મનુષ્યજન્મમાં કરીએ છીએ. આપણે ક્ષુલ્લક બાબતોમાં રચ્યાપચ્યા રહીએ છીએ. આપણે મોહમાં ફસાયેલા છીએ. બિલાડી જ્યારે ઉંદરની પાછળ ભાગે ત્યારે બિલાડીનો હેતુ ખોરાક હોય છે. જ્યારે ઉંદરનો ઉચ્ચ હેતુ જીવ બચાવવાનો હોય છે. આત્મસાક્ષાત્કાર અને આત્મકલ્યાણ માટે શ્રદ્ધા અને સંયમ સમજાય તો તમને જીવનનો ઉચ્ચ હેતુ સમજાશે. જન્માંતર પછી મનુષ્યજન્મ મળે છે. આપણે પગ ધોવા એ સારું છે પણ અમતૃથી પગ ધુઓ એ બરાબર નથી. મનુષ્યપણું આત્મવિકસિત કરવા માટે છે. આપણે મોહવશ કામ અને ક્રોધ જેવા વિકાર જુદી જુદી વ્યક્તિઓ સાથે રીપીટ કરીએ છીએ. રત્નચિંતામણી જેવી એક ક્ષણ પાછી મળવાની નથી. એલેક્ઝાંડર-ધ ગ્રેટને વિશ્વને જીત્યા પછી પોતાના વતન સુધી પહોંચવામાં માત્ર ૨૪ કલાક બાકી હતા ત્યારે તેને મૃત્યુ ભરખી ગયું. તેણે વૈદ્યરાજને કહ્યું, મારા વતન સુધી પહોંચું ત્યાં સુધી મારું જીવન લંબાવી આપો. હું તમને અડધું રાજ્ય આપીશ. વૈદ્યે કહ્યું, આખું રાજ્ય આપો તો પણ શક્ય નથી. એલેક્ઝાંડરને પસ્તાવો થયો કે વિશ્વ જીતવા મેં કરોડો શ્વાસ ખર્ચ્યા તે રાજ મને એક શ્વાસ પણ વધુ આપી શકે એમ નથી. આ હકીકત સમજવા જેવી છે. એક અંધ કિલ્લામાં ફસાઈ ગયો હતો. કોઈકે તેને સલાહ આપી કે કિલ્લાની દિવાલ ઉપર હાથ ફેરવતા ચાલવાથી દરવાજો આવી જશે. તેણે હાથ ફેરવવાનું શરૂ કર્યું અને જેવો દરવાજો આવે એટલે તેના નાક ઉપર માખી બેસે. માખીને ઉડાડવા હાથ નાક ઉપર લગાડે અને દરવાજો ચાલ્યો જાય. આમ અનેક ચક્કર માર્યા. આપણે પણ ૮૪ લાખ જન્મના ચકરાવામાં અટવાયા છીએ. તેના માટે અંધત્વ નહીં પણ પ્રમાદ દોષી છે. સદ્‌માર્ગ ચૂકી જવાની આપણી આદત જૂની છે. શ્રીમદ્‌જીએ લખ્યું છે કે અપૂર્વ અવસર એવો ક્યારે આવશે જ્યારે આપણે બાહ્યાંતર નિર્ગ્રંથ આવશે. તેનો અર્થ સંયમ છે. મનુષ્યપણું મળવું અને સંયમ પ્રાપ્ત થવો એ બંને આવે તે અપૂર્વ અવસર છે.

**મનુષ્યપણું, મુમુક્ષુપણું અને મહાપુરુષનો યોગ એ ત્રણ વસ્તુ દુર્લભ છે. તે પ્રાપ્ત થાય તો મોક્ષ સુલભ છે.**

ખ્રિસ્તી અને ઈસ્લામ જેવા ધર્મો થીયરી ઑફ ક્રીએશનમાં માને છે. અર્થાત્ ભગવાને આપણને સર્જ્યા છે. ભારતીય ધર્મો હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મો થીયરી ઑફ ઈવોલ્યુશનમાં માને છે. અર્થાત્ આપણાં સારા કર્મો ધીમે ધીમે એકઠાં થતાં આપણને મનુષ્ય જન્મ મળ્યો છે. આપણે આજે કાર્યક્રમમાં બેઠા છીએ તે પૂર્વે કેટલું પરિભ્રમણ કર્યું હશે. આપણે આ ધર્મશ્રવણ કરવા ઘણી ઈચ્છા કરી હશે. ભગવાને ગૌતમને કહ્યું કે એકક્ષણનો પણ પ્રમાદ ન કરીશ. તેમાંથી આપણે પણ સમજવાનું છે કે આપણે પણ પ્રમાદ ન કરવો. આ બધી બાબતોને તમારી સાથે જોડશો તો આત્મા જાગશે અને કર્મો ભાગશે. મેં ગઈ કાલે તીખું ખાધું હશે તેથી આજે એસીડીટી થઈ હશે એ સમજતાં શીખવું પડશે. તિર્યંચમાં હતા ત્યારે કર્મો ચલાવે તેમ ચાલવું પડે. મનુષ્યજન્મમાં મન અને બુદ્ધિ વિકસિત થઈ જાય ત્યારે આપણે ડ્રાઈવરની સીટમાં આવી જઈએ છીએ. તેમાં આધ્યાત્મિક પ્રગતિ થઈ શકે. તેનાથી માણસ તેરમા ગુણસ્થાનક સુધી પહોંચી શકે. પ્લેટમાં ભોજન છે. તે પેટથી નજીક છે પણ તેને મુખ દ્વારા પેટમાં લઈ જવું પડે. સર્વાર્થ સિદ્ધિમાતાને જન્મ મળ્યો હોય પરંતુ મનુષ્ય પર્યાય લેવો પડે. ધર્મશ્રવણ, શ્રદ્ધા અને સંયમ એ રીતે પૂર્ણતા પ્રાપ્ત કરી સિદ્ધ દશા મેળવી શકાય. ઉત્તરાધ્યયન સૂત્રમાં નિર્યુક્તિની ગાથા ૧૬મીમાં મનુષ્યજન્મ અતિ દુર્લભ છે તે સમજાવવા દસ દૃષ્ટાંત આપવામાં આવ્યા છે. તેમાં એક દૃષ્ટાંત એવું છે કે પ્રશાંત મહાસાગરમાં એક સોય નાખીએ અને પૂર્વ તરફના એક સમુદ્રમાં દોરો નાખીએ. કદાચ સમુદ્રની લહેરો અને ભરતીઓટના કારણે તે સોયમાં દોરો કદાચ પરોવાઈ જાય. પરંતુ મનુષ્ય જન્મ તેના કરતાં પણ વધારે દુર્લભ છે. તમને કદાચ લાગે કે આ કદાચ આપણને જાગૃત કરવા કહેવાયું હશે, પણ એવી શંકા કરવાની જરૂર નથી. આ વીતરાગવાણી છે. મહર્ષિ શંકરાચાર્યએ વિવેક ચૂડામણિ ગ્રંથમાં લખ્યું છે કે મનુષ્યપણું, મુમુક્ષુપણું અને મહાપુરુષનો યોગ એ ત્રણ વસ્તુ દુર્લભ છે. તે પ્રાપ્ત થાય તો મોક્ષ સુલભ છે. મનુષ્યપણું પ્રાપ્ત થાય એટલે આત્માની વસંત આવી, તે વસંત જવાની છે, ટકવાની નથી. મનુષ્યપણું જાગવાનો અવસર છે. આપણી પાસે મર્યાદિત સમય છે. તેમાં અર્થ, કામ અને મોક્ષ વચ્ચે ક્યાંય જીવનને રીસેટ કરવું પડે છે. ધર્મની યથાર્થ સમજણ તર્કસંગત અને વ્યવહારીક રીતે આપવામાં આવે. અત્યારે સામાયિક કરશે તો અત્યારે જ સુખશાંતિ મળશે એવું રોકડીયું સોલ્યુશન આપવું પડે. મોરાલીટી (નૈતિકતા) એ માણસનો માણસ સાથેનો સંબંધ છે. રીલિજીયન (ધર્મ) એ માણસનો ગુરુ અને પ્રભુ સાથેનો સંબંધ છે. સ્પીરીચ્યુલીટી (આધ્યાત્મિકતા) એ માણસનો પોતાની સાથેનો સંબંધ છે. દૂધમાં સદ્‌ગુરુ બોધરૂપી મેળવણ નાખશો તો તેમાંથી ઘી બની શકે. અન્યથા દૂધ ખરાબ થઈ જશે. કીડીથી મુનિ સુધી બધા શાશ્વત સ્વાધીન સુખની સ્થિરતા ઈચ્છે છે. તે ઈચ્છા રાખવામાં કશું ખોટું નથી. પરંતુ જ્યાંથી તેની ઈચ્છા રાખો છો ત્યાં ભૂલ થાય છે. તરસ લાગે અને પાણી તરફ જાવ તે યોગ્ય છે. તરસ લાગે અને બજાર તરફ જાવ તો તે અયોગ્ય છે. વ્યક્તિ ગૃહસ્થાશ્રમમાં પોતાનું નિજ કાર્ય કરતો જાય એ યોગ્ય છે. શાશ્વત તરફની યાત્રામાં દિન પ્રતિદિન આગળ વધી શકાય. તમારી ગઈકાલને આજની ઈર્ષ્યા આવે. વર્ષોની શુભક્રિયાથી અંતરંગ પ્રગતિ થાય તો જ એ ધર્મ કહેવાય. તમારા હાથમાં કેસર હોય તો થોડીવાર તેની સુગંધ રહે. ધર્મ કર્યા પછી ગુણોની સુગંધ ન આવે તો માનવું કે તમારા જીવનને ધર્મનો મંગળ સ્પર્શ થયો નથી. પોતાની પત્નીની એકધારી ફરિયાદ કરનારને મેં કહ્યું હતું કે તમે તેના દોષ કાઢવાને બદલે તમારી પસંદગીનો ગુણ જુઓ. આપણી દૃષ્ટિ બીજા ઉપર છે તેથી બીજાના દોષ દેખાય છે. આપણને જ્યાં સુખ નથી પણ તેમાં સુખનો આભાસ દેખાય છે અજ્ઞાનથી જ્યાં સુખ દેખાય તેનો સંગ્રહ કરીએ છીએ. તે જડ કે ચેતન હોઈ શકે. તે પત્ની અને વાહન પણ હોઈ શકે. સુખ ભાસે એટલે સંગ્રહની ઈચ્છા થાય. તેમાં માલિકીભાવ જાગે. ચેતનમાં માલિકીભાવ જાગે એટલે તમે સામી

વ્યક્તિની સ્વતંત્રતા ઉપર ઘાત કરો છો. આ માલિકીપણું પણ હિંસા કહેવાય. પછી અઢાર પાપસ્થાનકોમાં વ્યક્તિ હાથ નાખે છે અને દાઝ્યા કરે છે. હંમેશાં અનુભવ ઉપર આશાનો વિજય થાય છે. આપણે ઉંધે રસ્તે ચઢી ગયા પછી રસ્તો બદલતા નથી. પરિભ્રમણની વૃદ્ધિ ઉપર આપણે આગળ વધ્યા કરીએ છીએ. તન, મન, ધન અને સંબંધનો કોઈ ફટકો લાગે ત્યારે સમજાય કે સત્ય શું છે? પછી આપણે બદલાઈએ છીએ. કેટલીકવાર સત્સંગમાં સ્વયંને તપાસીને આપણને ધક્કો લાગે પછી માર્ગ બદલીએ છીએ. અહીં કહેવાયેલી બધી વાતો તમે કદાચ સાંભળી હશે. પરંતુ આપણે હવે જીવનને રી-સેટ પુનઃ સુવ્યવસ્થિત કરવાનું છે. આપણા મનની અશાંતિ છે. તે કશુંક કહેવા માગે છે તેને સંભળો. તે કહે છે કે તમારું ચિત્ત એવી જગ્યાએ છે તે જગ્યા બેસવા યોગ્ય નથી. તમારે પરમાત્મા સુધી બેઠકની જરૂર છે. લક્ષ્મી, પરિવાર અને અધિકારમાં સુખ છે પણ તૃપ્તિ નથી. સૌભાગ્ય છે કે તમને અશાંતિ છે, દુઃખ છે તેના કારણે તમને ચિતને બેસવા લાયક જગ્યા ઈશ્વર કે સિદ્ધાત્માએ આપ્યા નથી. અંગ્રેજીમાં મેડ અને સંસ્કૃતમાં મદ શબ્દ છે. જેનાથી આત્મવિસ્મરણ થાય તે મદ એટલે કે નશો છે. નાણાંનો નશો હોય છે. આવકવેરાનો દરોડો હોય તો થોડું ઘણું જશે પણ મૃત્યુનો દરોડો પડે તો બધું સાફ થઈ જાય.

**અંધ શ્રદ્ધા પ્રલોભન અને ભયના કારણે જન્મે છે.**

તમને જો કહેવામાં આવે કે આ કાર્યક્રમ શરૂ થાય ત્યારે તમને સોનાની લગડી અપાશે. અને તે પૂરો થાય પછી પાછી મૂકી જવી. તેમાં કોને રસ પડે? આપણે પણ જન્મ લીધા પછી નાણાં રળીએ છીએ પણ મૃત્યુ પછી બધું અહીં જ મૂકી જવાનું છે. શ્રીમંત કરોડો અને ગરીબ થોડા હજાર રૂપિયા મૂકી જશે. બંને નાણાં મૂકી જવાના છે. માત્ર કરોડો અને હજારનો જ ફરક છે. મુમુક્ષુ વિનાના મનુષ્યપણાને તો ભગવાને દુર્લભ નથી કહ્યું. મુમુક્ષુપણા સહિતનું મનુષ્યપણું દુર્લભ છે. બીજું દુર્લભ અંગ-ધર્મશ્રવણ છે. ધર્મ શ્રવણનો મહિમા શ્રદ્ધા નામની જ્યોતિ જગાવી શકે છે. અજ્ઞાનનો અંધકાર દૂર કરી શકે છે. એક સર્વેક્ષણ અનુસાર લાખો હિન્દુ સંતો અને દસ લાખ ખ્રિસ્તી ફાધર છે. તેના લીધે વ્યાખ્યાન, સત્સંગ અને લેક્ચર થાય છે. તેમાં જાગૃત કેટલા છે? વાત કરનારાઓમાં જાગૃત કેટલા છે. ધર્મ કરાવનાર અને સમ્યક્ શ્રવણ કરાવનારની દુર્લભતા છે. મનુષ્ય, દેવ અને તિર્યંચ ગતિમાં ધર્મશ્રવણ શક્ય છે. નર્કના જીવ તો સમવસરણમાં આવી શકતા નથી. તેમના માટે ધર્મશ્રવણ શક્ય નથી. મનુષ્ય જન્મ એવો છે કે તે શ્રદ્ધા, અહિંસા, તપ અને સંયમ વડે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. ધર્મશ્રવણ કરવાથી કદાચ તે ઉપદેશ યાદ ન રહે પણ ચિત્તની શુદ્ધિ તો થઈ જ જાય છે. મોક્ષ સુધીનો માર્ગ થાક-દુઃખ ભરેલો નહીં પણ સંયમ અને તપના માર્ગનો આનંદ હોવો જોઈએ. સત્સંગ માત્ર જ્ઞાન માટે નહીં જીવનને અર્થસભર બનાવવા માટે છે. રોટલી, દાળ અને ભાત ખાઈએ છીએ. તેનો સ્વાદ જાણીએ છીએ છતાં ખાઈએ છીએ. તેનું કારણ આપણને તે ભાવે છે, ગમે છે. એટલે ખાઈએ છીએ. તરલાબહેન અહીં આવ્યા છે. તેઓને આખું ઉત્તરાધ્યયન સૂત્ર કંઠસ્થ છે છતાં અહીં આવ્યા છે. તેમને આ સાંભળવું ગમે છે એટલે આવે છે. ભગવાન બુદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું. ઈન્દ્ર અને દેવો તેમની પાસે પહોંચ્યા. તેઓએ વિનંતી કરી કે બુદ્ધ અમને ઉપદેશ આપો. બુદ્ધે ઉત્તર આપ્યો-મેં જે અનુભવ્યું તે શબ્દમાં આવી શકે એમ નથી. મેં જે પ્રાપ્ત કર્યું છે તે કહેવાની ઈચ્છા માત્ર થતી નથી. કહેવાવાળો જ રહ્યો નથી. કર્તા જ બાકી નથી. હવે જે છે તે સાક્ષી છે. દેવો જાણતા હતા કે તેઓ આ જવાબ આપશે. તેમણે મીઠી દલીલ કરી કે તમે શબ્દમાં કહી ન શકો તો ઈશારો કરો. વરસાદ નહીં તો છાંટણા કરો. તેથી અમે પ્રેરિત થઈએ. ઉત્સાહિત થઈ તમારી ઈચ્છા ન હોય તો કરુણા ભાવથી કહો. કર્તા ભલે ન હોય પણ મન, વચન અને કાયાનો યોગ તો છે જ. તેના માધ્યમથી અમારા સુધી પહોંચો. જ્ઞાની બોલે તેમ માત્ર કરુણાભાવથી બોલો. અજ્ઞાનીનું બોલવું વિક્ષિપ્તતા (અશાંતિ)ને કારણે હોય છે. સર્વ અજ્ઞાની જીવ પાગલ છે. તેમના પાગલપણાના પ્રમાણમાં ફેર હોય છે. આપણે બીજાને સલાહ આપીએ તેમાંથી થોડું જીવનમાં ઉતારીએ તો ફરક પડી જાય. ઘણાં અજ્ઞાની માનપૂજાની ઈચ્છાથી બોલે છે. જ્યારે જ્ઞાની માત્ર કરુણાથી બોલે છે. તેમના બોલવામાં અન્ય જીવનું માત્ર કલ્યાણ હોવાથી તેઓ બોલે છે. તે સમયે જેટલું આત્મકલ્યાણ સધાય એટલું કરી લેવું. ધર્મનું શ્રવણ કરાવનારા જ્ઞાની દુર્લભ, સમ્યક્ રીતે ધર્મનું શ્રવણ કરનાર પણ દુર્લભ છે. જે કાનથી સાંભળે તે શ્રોતા. હૃદયથી સાંભળે તે શ્રાવક. આળસને લીધે, મને બધી જાણ છે એવા અહંકારથી વક્તા પ્રત્યે ક્રોધ કે પૂર્વગ્રહને લીધે, જીવનમાં સમતોલપણું નહીં રહે એવા ભયથી, દીકરી માટે પાત્ર શોધવા જેવા ટેન્શન નથી કે મોજશોખની પ્રવૃત્તિને કારણે ધર્મશ્રવણમાં અવરોધ આવે છે.

**સમ્યક્ પ્રકારે શ્રવણ કરવું એટલે શું?** તેના બે પાસાં છે. પહેલું, વિક્ષિપ્તતાને કારણે આપણે ઘણું ચૂકી જઈએ છીએ. આપણા મનને જગતમાં ઘણાં આકર્ષણો છે. આપણું મન ઘણીવાર મહાવીર, બુદ્ધ, નેપોલિયન અથવા હીટલર બની જાય છે. તે થોડી સેંકડો કે મિનિટમાં પાછું જ્ઞાનીના વક્તવ્યમાં આવી જાય છે. બીજું છે પાંડિત્ય. જ્ઞાની વક્તા બોલતા હોય ત્યારે આપણને જણાય છે કે આ વિધાન તો વિવેક ચૂડામણિમાં આવે છે. આ પ્રકારના વિચારો સમ્યક્ શ્રવણમાં અવરોધરૂપ છે. આ વક્તા બોલ્યા તે તો પહેલા અમુક વક્તા બોલ્યા હતા. સમ્યક્ શ્રાવક કે નિર્ણાયક કે જજ બનવાની ઉતાવળ કરવી ન જોઈએ. અત્યારે સમ્યક્ શ્રાવક બનીને વક્તાનો આશય પકડી શકાય. તેમના શબ્દો પાછળની અપેક્ષા સમજાય. સાંભળવાની બાબતને ઔપચારિક ગણવાને બદલે હાર્દિક ઘટના બનાવવી જોઈએ.. આ બાબતને કાન અને બુદ્ધિને બદલે હૃદયની ઘટના બનાવવી જોઈએ. બાળકને ચમચી વડે દવા પીવડાવીએ છીએ ત્યારે તે માત્ર દવા પીએ છે. ચમચી તેના પેટમાં જતી નથી. તે રીતે જ્ઞાની અને અજ્ઞાનીનો સંગમ શબ્દથી થાય

**ધર્મ બાપમાંથી નહીં આપમાંથી આવવો જોઈએ.**

છે. શબ્દના માધ્યમમાંથી રસ પકડી લેવાનો હોય છે.

(૩)

મનુષ્યપણું આપણને મળ્યું છે પણ તેનું મૂલ્ય આપણને સમજાતું નથી. આપણને સમજ નહીં હોવાને કારણે અર્થ અને કામની પ્રવૃત્તિમાં ખર્ચીએ છીએ. જ્યારે સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય ત્યારે મનુષ્યપણાનું મહત્ત્વ સમજાય. આપણને આત્મામાં રમણતા કરવાનું સદ્‌ગુરુ શીખવે એટલે મનુષ્યપણું સફળ થયું એમ કહેવાય. મનુષ્યજન્મની એક-એક ક્ષણ કિંમતી છે. આપણે એરપોર્ટ તરફ જતા હોઈએ અને સમયસર ન પહોંચીએ તો કાઉન્ટર બંધ થઈ જાય એવો ભય હોય. ત્યારે સિગ્નલ ઉપર સિગ્નલ નડતા હોય ત્યારે ક્ષણની કિંમત સમજાય છે. ટેક્સીમાં બેસીએ ત્યારે જે રીતે મીટર ચાલે ત્યારે આપણે સમયની કિંમત સમજાય છે. આપણે દુકાન-મોલમાં વસ્તુ ખરીદતા પ્રાઈસ ટેગ વાંચીએ છીએ પછી તે ખરીદીએ છીએ. તે રીતે કર્મ કરતાં પહેલાં તે આપણને કઈ ગતિ તરફ લઈ જશે તેનો વિચાર કરવો જોઈએ. જાગૃત થઈને મનુષ્યભવની ક્ષણ વ્યતિત કરીએ તો ધર્મ અને મોક્ષ માટે પુરુષાર્થ કરી શકાય. ધર્મશ્રવણની તક મળે પણ આત્મકલ્યાણની કે મોક્ષની રૂચિ ન હોય એવું પણ બને છે. મન ચંચળ હોય અથવા વિક્ષિપ્ત હોય તો ઘણી વસ્તુ ચૂકી જવાય છે. વિક્ષિપ્તતા અને પાંડિત્યને કારણે સમ્યક્ શ્રવણ થતું નથી. દેહ, પુત્ર, સ્ત્રી અને ભોજન અનેક બાબતોમાં આપણું ઈન્વેસ્ટમેન્ટ કે ધ્યાન છે. તેથી આપણું ધ્યાન ધર્મશ્રવણમાં જતું નથી. બીજું આપણને ઘણાં સંતોનો પરિચય હોય અને આપણે ધર્મનું જ્ઞાન આપનારા વકતાના વક્તવ્યનું પોતાની રીતે અર્થઘટન કરતા હોઈએ ત્યારે સમ્યક્ શ્રવણ થતું નથી. જ્ઞાનીના વચનો કંઠસ્થ કર્યા પછી શું ? લગ્નની કંકોત્રી વાંચવી પૂરતી નથી. તે લગ્નમાં હાજરી આપવી જોઈએ. ધર્મનું શ્રવણ કર્યા પછી બે બાબત શ્રદ્ધા અને સંયમ અગત્યની છે. મનુષ્યપણું અને ધર્મશ્રવણ પ્રારબ્ધથી પ્રાપ્ત થાય છે. હવે આપણે પુરુષાર્થથી જે પ્રાપ્ત થયા છે તે શ્રદ્ધા અને સંયમ તેની વાત હવે કરીએ. ધર્મશ્રવણ કરીએ એટલે એ વિષયની જાણકારી મળે છે તેનો સ્વીકાર થાય એ શ્રદ્ધા, અત્યાર સુધી મેં કર્યું, જાણ્યું અને માણ્યું એ મિથ્યા. જાણવા કરતાં સ્વીકારવામાં વધુ હિંમતની જરૂર પડે. તથ્યનો સ્વીકાર કરવા તે વસ્તુ સમજાવી જોઈએ. શ્રદ્ધા કોઈપણ પરિસ્થિતિમાં આત્માની સંભાળ લે છે. શ્રદ્ધા સત્ય દિશા દર્શાવે છે. ચારિત્ર્યમોહના ઉદયમાં પણ આ શ્રદ્ધા એ આત્માની સંભાળ લે છે. ક્રોધ કરતી વખતે પણ આ હું યોગ્ય કરતો નથી. એ બાબત વ્યક્તિને શ્રદ્ધા સમજાવી શકે છે. તમારું અનુમોદન શ્રદ્ધાને આધારે હશે. ભગવાનની આજ્ઞા પ્રેમ, કરુણા અને મૈત્રીની છે એ ભાવ શ્રદ્ધાને લીધે મનમાં રહે છે. શ્રદ્ધા થતી નથી અને તે આવે તો ટકતી નથી. તેથી શ્રદ્ધાને ત્રીજું દુર્લભ અંગ કહ્યું છે. શ્રદ્ધા અનંત સંસારને ૧૫ ભવ જેટલો સીમીત કરી દે એટલી ટકે છે. વીતરાગ ભગવાનને અસત્ય બોલવાનું કારણ નથી. જેમને રાગ, દ્વેષ કે અજ્ઞાન નથી. આમ છતાં વીતરાગ વાણી ઉપર શ્રદ્ધા આવતી નથી. દર્શનમોહનીય કર્મનું એટલું જોર છે કે જીવ તર્ક-વિતર્ક અને શંકા કુશંકામાં અટવાય છે. જ્યારે કોઈ આત્મામાં જ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે અને વચનામૃત પ્રગટ થાય ત્યારે ચાર વર્ગ પેદા થાય છે. પહેલો વર્ગ તેનો વિરોધ કરે છે. બીજો વર્ગ તેની ઉપેક્ષા કરે છે અને કહે છે કે આ બધું તો શાસ્ત્રમાં છે. ત્રીજો વર્ગ એવો છે તે માત્ર પૂજા કરીને અટકી જાય છે. ચોથો વર્ગ એ છે કે જે જીવનમાં ઉપયોગ કરીને જીવનમાં પલ્ટો કરે છે. આપણે કયા વર્ગમાં આવીએ છીએ એ તપાસવાનું છે. શ્રદ્ધાના ઓઘ અને વિચારપ્રેરક એમ બે પ્રકાર છે. ઓઘ એટલે કે વિશ્વાસ એ અંધની ભાષા છે. ઓઘ કે વિશ્વાસ એટલે કે બીજાની વાત ઉપર વિશ્વાસ રાખીને માને છે. શ્રદ્ધાની પ્રક્રિયા વૈજ્ઞાનિક છે. વૈજ્ઞાનિક પદ્ધતિ જૈન ધર્મને સમજવા અપનાવવી જોઈએ. વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે એક્સપરીમેન્ટ (પ્રયોગ) કરે અને એક્સપીરીયન્સ (અનુભવ) કરે પછી જ સ્વીકારે. તેથી વિજ્ઞાનમાં સંપ્રદાયો નથી. ધર્મમાં અનેક સંપ્રદાયો છે અને પરસ્પર વિરુદ્ધ સંપ્રદાયો છે. વિતરાગ વચનની સમ્યક્ શ્રદ્ધા કરવી હોય તો વિચારપૂર્વક થવી જોઈએ.

**_આપણે દુકાન-મોલમાં વસ્તુ ખરીદતા પ્રાઈસ ટેગ વાંચીએ છીએ પછી તે ખરીદીએ છીએ. તે રીતે કર્મ કરતાં પહેલાં તે આપણને કઈ ગતિ તરફ લઈ જશે તેનો વિચાર કરવો જોઈએ._**

શ્રદ્ધામાં દર્શનની આરાધના આવી ગઈ. સંયમની અંદર ચારિત્ર્ય આવ્યું. તો જ્ઞાન ક્યાં ? શ્રદ્ધા વિચારપૂર્વકની હોવી જોઈએ. જ્ઞાનપૂર્વકની શ્રદ્ધા એટલે દર્શનજ્ઞાનની આરાધના. ચારિત્ર્યની આરાધના એ ચોથું દુર્લભ અંગ. સંયમ એમાં આવી જાય છે. દેશમાં ચિત્તની ગરીબી, ટેન્શન, તાણ અને તકલીફો અંધવિશ્વાસને કારણે છે. આ ઓઘશ્રદ્ધા છે. વિચારોમાં સ્પષ્ટતા, હૃદયની શુદ્ધતા અને નિર્ભયતા નથી–તેથી દેશમાં ચિત્તની ગરીબી, ટેન્શન અને તકલીફો છે. જ્યાં પ્રલોભન અપાય તો લોકો વિચારપૂર્વકની શ્રદ્ધા કરતા નથી. સંયમ નહીં પ્રગટે તો મોક્ષે પણ નહીં જઈ શકાય. વૈચારિક ક્રાંતિ આવે નહીં ત્યાં સુધી જીવનમાં ટ્રાન્સફોર્મેશન આવતું નથી. વિચારપૂર્વકની શ્રદ્ધા આવશ્યક છે. જ્ઞાન આરાધના સમજો, તેનો વિચાર કરો. તેના ફળરૂપે શ્રદ્ધા મળે. જ્ઞાન આરાધના અને પછી જ શ્રદ્ધા એ ક્રમ યોગ્ય છે. તે બદલાય તો અયોગ્ય કહેવાય. અર્થાત્ કફનીની ઉપર જાણે ગંજી પહેર્યું એવું વિચિત્ર લાગે. અંધશ્રદ્ધાની ટેવને લીધે આપણું શોષણ થાય છે. તમને આત્મજ્ઞાની સદ્‌ગુરુ જોઈએ, શાસ્ત્રજ્ઞાની ? સમદર્શિતાવાળા જોઈએ છે ? નિશદિન જેને આત્માનો ઉપયોગ છે એવા જોઈએ છે ? નિશદિન જે આત્માની વાત કરતા હોય એવા ગુરુ જોઈએ છે ? આત્મા વિશે કલાકો બોલે પણ આત્માને જાણતા ન હોય એવા વક્તા પણ મળી શકે. પ્રેમ નહીં કરનાર વ્યક્તિ પ્રેમ ઉપર પીએચ.ડી. કરનારા હોય છે. અંધશ્રદ્ધા અમેરિકામાં પણ હોય છે. અંધશ્રદ્ધા પ્રલોભન અને ભયના કારણે જન્મે છે. ઘણા સમાજમાં ખરાબ લાગશે અથવા સરકાર દ્વારા સજા થશે એવા ભયથી પાપ કરતા નથી. વાસ્તવમાં ધર્મના પ્રેમથી પાપ ન કરો તે સાચું છે. આપણાં મનમાં આજે સારા ભાવ આવે છે

## ઉત્તરાધ્યયન સૂત્ર ગ્રંથ

જિજ્ઞાસુ જન ઉપરોક્ત ગ્રંથ સંસ્થામાંથી વિના મૂલ્યે મેળવી શકશે, પરંતુ ગ્રંથ મેળવનારે આ ગ્રંથ વિશેના ૨૧ સવાલોના જવાબ છ મહિનામાં આપવાની **પ્રતિજ્ઞા** લેવી પડશે.

ઉત્તમ ઉત્તરો 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થશે.

પણ સંસાર-સમાજના વ્યવહારમાં ઉત્તેજનો કે પ્રલોભનો આવે એટલે સંકલ્પો બદલાઈ જાય છે. વૈચારિક ક્રાંતિના અભાવે બે પ્રશ્નો ઉભા થાય છે. પહેલું ચેતના સક્રિય થતી નથી અને પ્રરૂપક સાથે સંબંધ જોડાતો નથી. આ ક્રિયા કરું છું છતાં વિઝન નથી. માન્યતા છે પણ નિષ્ઠા-વિશ્વાસ નથી. ભરોસો જલ્દી આવી ગયો પણ આત્મવિકાસ થતો નથી.

ભગવાન મહાવીરે કહ્યું કે નીચે જોઈને ચાલવું. કોઈકે પુછ્યું કે તમારામાં આવું કેમ હોય ? તેથી તે વ્યક્તિએ ઉત્તર આપ્યો-કીડી ઉપર પગ મૂકે તો તે મરી જાય. કીડી મરી જાય તો મને પાપ લાગે અને હું નર્કમાં જાઉં. ત્યાં હું દુઃખી થાઉં. મારે નર્કમાં જવું નથી. તેથી નીચે જોઈને ચાલુ છું. આમ પ્રથમ નજરે વાત સમજદારી ભરી લાગે છે. હું દુઃખી ન થાઉં એટલે આમ કરું છું. કીડી મરે નહીં એ વાત ધ્યાનમાં નથી. ક્રિયા એક છે પણ એકમાં સ્વાર્થ છે કે હું દુઃખી ન થાઉ માટે કરું છું. કીડી મરે નહીં એ માટે જો કરે તો તેમાં વિશાળ દૃષ્ટિ છે. એકવાર સૂરત પાઠશાળાના પંડિતે મને પૂછ્યું કે ધર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય એ માટે શું કરવું ? મેં કહ્યું, તમે તેઓના પ્રશ્નોના ઉત્તરો આપો. પ્રશ્ન ન થાય તો એવી વાત કરો કે પ્રશ્નો ઊભા થાય. તેનાથી તેમના મનમાં નવા પ્રશ્નો ઉભા થશે. તેનાથી આત્માની ખોજ વધશે.

ધર્મ બાપમાંથી નહીં આપમાંથી આવવો જોઈએ. બાપે ધર્મ પસંદ કર્યો એ ખોટો છે એમ હું કહેતો નથી. આપણે ધર્મ વિશે વિચાર કરતાં નથી. મુમુક્ષુતા જાગશે ત્યારે આપણે ધર્મ વિશે વિચારતા થઈશું. શ્રીમદ્જીએ આત્મસિદ્ધિમાં કહ્યું છે કે આત્મા છે તે નિત્ય છે. તે કર્તા અને કર્મ છે. મોક્ષનો ઉપાય ધર્મ છે. તેના જવાબમાં શિષ્ય કહે છે કે ગુરુને લીધે અપૂર્વ જ્ઞાન મળ્યું છે. છ મિત્રો ભગવાન બુદ્ધ પાસે ગયા અને અમારો એક મિત્ર અંધ છે તે પ્રકાશના અસ્તિત્વને સ્વીકારતો નથી. અમે પ્રકાશની ઘણી દલીલ કરી છે. બુદ્ધે કહ્યું કે તેને ઉપદેશ નહીં ઉપચારની જરૂર છે. તેથી તેને વૈદ્ય પાસે લઈ જાવ. વૈદ્યના ઉપચારથી સાજો થયો. તે બુદ્ધનો આભાર માનવા ગયો. બુદ્ધે કહ્યું તેં પ્રકાશને નજરે જોવાનો આગ્રહ રાખ્યો તેથી તને દૃષ્ટિ મળી અને પ્રકાશ જોવા મળ્યો. તળેટી ઉપર વિચાર અને શિખર ઉપર શ્રદ્ધા હોવી જોઈએ. આખી યાત્રા કરીને અંતે એનો અસ્વીકાર થાય એવી શ્રદ્ધા જ્ઞાનીને હોવી જોઈએ. શ્રદ્ધામાં બધા વિકારોને બાળી નાખવાની તાકાત હોવી જોઈએ. ચોથા અંગ સંયમમાં પરાક્રમ છે. શ્રદ્ધા હોવા છતાં કોઈવાર એવું બની શકે કે સંયમમાં પરાક્રમ ન પણ હોય. સંયમ દુર્લભ છે. સંયમમાં રૂચિ હોવા છતાં ઘણીવાર તેમાં સ્થિર રહી શકાતું નથી. મનુષ્યપણામાં શક્તિ વધી પણ ધર્મ તરફ ન વાપરી, ભોગોમાં વાપરી, જેમાં તાત્કાલિકમાં સુખ અને પશ્ચાત ઘણું દુઃખ રહ્યું છે. આજ અસંયમ છે. શરીરથી મનુષ્ય છીએ પણ વૃત્તિથી મનુષ્ય છીએ કે તિર્યંચ તે જોવું જોઈએ. ક્રોધ સાપ જેવો, અહમ્ હાથી જેવો, ઘાસ જોયું ને ઢોરની જેમ મોઢું નાખ્યું એ બધી આપણી નબળાઈ છે. સંયમ એટલે શ્રદ્ધા અનુસાર આચરણ. સ્વીકાર્યું છે તે પ્રમાણે જ આપણી વૃત્તિ-પ્રવૃત્તિ ચાલે તે સંયમ. સંયમ અનુસાર આચરણ ન હોય તો પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત જ કરવા પડે. પૂર્વ સંસ્કાર તમને નીચે લઈ જવા ઈચ્છે પણ જ્ઞાનીના વચનની શ્રદ્ધા એવી હોય કે તે તમને પાણીના ફૂવારાની જેમ ઉંચે લઈ જાય. સંયમ અને અસંયમ વચ્ચેનો તફાવત સમજી શકાય. સંયમ અને તથાકથિત સંયમ એ બે વચ્ચે તફાવત છે. સંયમ એવી વસ્તુ છે કે ભવસાગર પાર કરાવવામાં મદદરૂપ થાય છે. કોઈપણ ચીજની વ્યાખ્યા બે રીતે કરી શકાય. તે હકારાત્મક અને નકારાત્મક. અહીં પ્રકાશ છે એમ કહી શકાય અને અંધકાર નથી એમ પણ કહી શકાય. સંયમની વ્યાખ્યા નિષેધાત્મક અને વિધેયાત્મક રીતે થાય. સંયમની આરાધના કરવી જોઈએ. સંયમ એ સૂર્યોદય વખતનું ફૂલ છે. તે વખતે ફૂલ ખીલે છે ને સુગંધ ફેલાય છે. સંયમ ધારણ કર્યો હોય તો તમારામાં ખીલવાનો ભાવ આવવો જોઈએ. જો આ ન કરો, આ ન કરો એવો ભાવ આવતો હોય તો તે ખોટું નથી પણ અધરું છે. તે અધુરું પકડવાથી અધુરા રહેવાશે. પૂર્ણતા નહીં આવે. જૈન ધર્મ ત્યાગમૂલક છે પણ પકડનો ધર્મ પણ છે. આત્માને પકડવો જેથી ગૌણ અને હલ્કી બાબતો જાય. અશુદ્ધ અને અસંયમ જાય. સાધના અમારી અસંયમને જવા માટે નથી. સાધના પરમાત્મા અને શુદ્ધાત્માને પકડવાની છે. જીવનમાં ઉચ્ચ વસ્તુઓ આવે એટલે ક્ષુલ્લક-ગૌણ બાબતો જાય છે. હાથમાંથી કાંકરા ફેંક્યા પણ હીરા આવ્યા નથી. તેથી ખંડીત વ્યક્તિત્વ (સ્પ્લીટ પર્સનાલિટી) ઉભું થાય. ઉપર બંધન અને મનમાં રસ એવું ન થવું જોઇએ. અમે પચ્ચક્ખાણ લઈ લીધા અને લગ્નમાં જવાનું બંધ કર્યું પણ દીકરો કે વહુ લગ્નમાં જઈ આવે એટલે પુછે–દંપતિએ કેવા રંગના કપડાં પહેર્યા હતા. લગ્નમાં જવાનું બંધ કર્યા પછી તે કપડામાં રસ રાખવાની શું જરૂર? નિયમ-વ્રત પગમાં બેડી નહીં પરંતુ પાયલ જેવા લાગવા જોઈએ. નાણાં હાથનો મેલ છે. આપણે નાણાંનું દાન આપ્યું અર્થાત્ હાથનો મેલ કાઢ્યો એમાં નામની શું જરૂર ? તમે દાન આપી નામ મેળવ્યું. આ સોદા

## ઉત્તરાધ્યયન સૂત્ર : ગ્રંથ સ્વાધ્યાય સી. ડી. અને ડી.વી.ડી..

ગુરુદેવ પૂ. ડૉ. રાકેશભાઈની ત્રણે દિવસની અમૃતવાણીની સી.ડી. અને ડી.વી.ડી. સંસ્થામાં ઉપલબ્ધ છે. ઉપરાંત સંસ્થાની વેબ-સાઈટ ઉપર પણ આપ સાંભળી શકશો.

સંપર્ક : ૦૨૨-૨૩૮૨૦૨૯૬. હિતેશ–૦૯૮૨૦૩૪૭૯૯૦.

થયો કહેવાય. પકડનો પ્રયત્ન કરો ત્યાં ત્યાગ સહજ થશે. સંયમને કારણે આ ન કરો, આ ન કરો એ આપણી સ્થિતિ છે. આ ખોટું નથી પણ અધુરું છે. શુદ્ધાત્માની વધુ ને વધુ નિકટ જવાય છે, સદ્‌ગુરુનો રાજીપો પ્રાપ્ત થાય છે! તમારા મનનો એક ભાગ કહેશે આમ કરો અને બીજો કહેશે આમ ન કરો. આ લડવું એ ધર્મ છે કે પછી આત્મા સાથે મિત્રતા વધારવી એ ધર્મ છે? દેવ, ગુરુ અને શાસ્ત્રમાંથી સુખ ટપકતું હશે તો આ કોઈ સુખની લાલસા રહેશે નહીં. આપણા સમાજમાં લગ્ન અને સાધુ એમ બે સંસ્થા છે. સાધુ સંસ્થા શુભ છે પણ તેનું કારણ પણ શુભ હોવું જોઈએ. એક દસથી બાર વર્ષનો બાળક મને કહે મારે દીક્ષા લેવી છે. તેનું કારણ પૂછતાં કહે કે મારા માતાપિતા રોજ લડ્યા કરે છે. મારે તે કલેશમાં જીવવું નથી. દીક્ષા લેવી તે શુભ છે પણ તે લેવા માટેનું કારણ અહીં શુભ નથી. દેવ, ગુરુ અને ધર્મ આરાધના કરી આત્મકલ્યાણ સાધવું છે. સંયમની નિષેધાત્મક વ્યાખ્યા પ્રચલિત છે. ખાવા અને પહેરવા અંગે ત્યાગ કરવો અને મર્યાદા બાંધો. આ બધું કર્યા પછી અસંયમના પરિણામ, વૃત્તિ અને વિભાવ કેમ જાગે છે? જેનું સ્વરૂપ સમજાયું નથી, તેના કારણે દુઃખી થાઉં છું. તે સ્વરૂપ સમજવાનો પ્રયત્ન કરે છે. બાહ્યનું કરવાથી પ્રશંસા મળે છે. ગ્રહ્યું અભિમાન અને રહ્યું સ્વરૂપ અને વૃત્તિનું. એક દિવસ ભૂખ્યો રહે એમાં પાંચ વાર આહારનો વિચાર કરે અને દસવાર અભિમાન કરે. ઋષભદેવ ઉપવાસ કરતાં અને આત્માના આનંદમાં નિમગ્ન રહેતા. પકડનો અભાવ હશે વૃત્તિઓનું દમન થશે. આત્મસ્વરૂપની પકડ હશે તો વૃત્તિઓનું શમન થશે. પકડના અભાવે વૃત્તિઓ વિકૃતરૂપે બહાર આવશે. જ્ઞાનીનો માર્ગ પકડનો છે. સંયમની આરાધનામાં 'આ ન કરવું' આવે તેની સાથે 'આ કરવું' પણ આવવું જોઈએ. બ્રહ્મચર્યનું વ્રત છે મૈથુનત્યાગનું નથી. બ્રહ્મમાં ચર્યા કરવું અર્થાત્ આત્મામાં રમવું એવો અર્થ થાય.

આશ્રય કરવા યોગ્ય એક જીવ તત્ત્વ, અંશે પ્રગટાવવા યોગ્ય ઉપાદેય તત્ત્વ એ સંવર, નિર્ઝર, પૂર્ણપણે યોગ્ય ઉપાદેય એ મોક્ષ તત્ત્વ છે. યથાર્થ તત્ત્વ નિર્ણય કરી આપણે કલ્યાણ સાધીએ.

* * *

રજત પત્ર ઉપર અંકિત કરી અર્પણ

**શ્રી ભદ્રંકર દીપક જ્ઞાન વિજ્ઞાન સ્વાધ્યાય સત્રના ઉપક્રમે**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત**

## ગ્રંથ સ્વાધ્યાય

શ્રીમદ્ રાજચંદ્રજીના પરમભક્ત, વર્તમાન યુગના આધ્યાત્મિક આર્ષદૃષ્ટા

યુવાનોના ધર્મપથ દર્શક, સર્વધર્મ તત્ત્વચિંતક, કરુણામૂર્તિ

**પ. પૂ. ગુરુદેવ ડૉ. રાકેશભાઈ ઝવેરી**

આપશ્રીની ઋતંભરા પ્રજ્ઞામાંથી પરિણત અમૃતવાણીએ અમો સર્વ જ્ઞાનપિપાસુઓને ભગવાન મહાવીરની અંતિમ દેશના **ઉત્તરાધ્યયન સૂત્ર** – (૩) – ચતુરંગીય ગ્રંથ – નો ત્રિદિવસીય સ્વાધ્યાય કરાવ્યો છે. આ સ્વાધ્યાય માટે આપશ્રીનો ઉપકાર માનવા અમારી પાસે શબ્દો નથી. આપશ્રીની આ તત્ત્વભરી વાણી અમારા સર્વ માટે જીવન પાથેય બની રહેશે.

અમારા અભિનંદન અને વંદનો સ્વીકારવા વિનંતી.

**આપશ્રીના જ્ઞાનજિજ્ઞાસુઓ**

ચંદ્રકાંત શાહ–પ્રમુખ, નિતિનભાઈ સોનાવાલા–ઉપપ્રમુખ, નિરુબહેન શાહ–મંત્રી, ડૉ. ધનવંત શાહ–મંત્રી, વર્ષાબહેન શાહ–સહમંત્રી, ભૂપેન્દ્ર જવેરી–કોષાધ્યક્ષ, જગદીપ જવેરી–સહ કોષાધ્યક્ષ,

સંયોજિકા : રેશ્મા જૈન તથા સંસ્થા પરિવાર અને જિજ્ઞાસુ શ્રોતાઓ

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૨૦૧૫ મે માસ તા. ૫, ૬, ૭ સાંજે સાડા છ થી નવ :

બિરલા માતુશ્રી સભાગૃહ–મુંબઈ

સ્વાધ્યાય સૌજન્યદાતા : બિપીનચંદ્ર કે. જૈન, નિલમબેન બી. જૈન

# ધર્મગ્રંથોનું પુનઃ સંકલન [લેખાંક બીજો]

[ *આ વિષય સંદર્ભે સુજ્ઞ વાચકોને પોતાના વિચારો પ્રસ્તુત કરવા નિમંત્રણ આપું છું.* –**તંત્રી** ]

❑ જશવંત મહેતા

લેખના પ્રથમ ભાગમાં મે મહિનાના અંકના પાના નં. ૧૦ ઉપર બહાઈ ધર્મના અનુયાયીઓ ઉપર ઈરાનમાં અમાનુષ અત્યાચાર કરી થયેલી કત્લેઆમમાં શરતચૂકથી ૨૦૦૦ લોકોને નિર્દય રીતે મારી નાખવામાં આવ્યા હતા તેમ છપાયેલું છે. **હકીકતમાં એ આંકડો ૨૦૦૦૦નો છે.**

જોઈતી ચર્ચા વિચારણા કે સંશોધન વગર ધર્મગ્રંથોના લખાણને બ્રહ્મવાક્ય તરીકે સ્વીકારી લેવાની પ્રણાલિકા અંગે સ્વામી વિવેકાનંદે તેમના પુસ્તક `Selection of Works of Vivekanand' માં Thoughts on the Gita-page no. 366-369 માં કરેલી ટીપ્પણી ઘણી સૂચક છે.

In ancient times there was very little tendency in country to find out truths by historical research. So any one could say what he thought best without substantiating it with proper facts and evidence. Another thing: in those ancient times there was very little hankering after name and fame in men. So it often happened that one man composed a book and made it pass current in the name of his Guru or of someone else.'

'ભૂતકાળમાં ઐતિહાસિક સંશોધન કરવાની પ્રણાલિકા નહીવત્ હતી અને પોતાની વિચારણાને અનુરૂપ જે યોગ્ય લાગ્યું હોય તેના સત્ય વિષે કે પુરાવાની ચકાસણી કર્યા વગર રજૂઆત કરવું સામાન્ય હતું. બીજું એ સમયમાં નામ કે કીર્તિની લાલસાની કે અપેક્ષા આજના સમય કરતા ઘણીયે ઓછી હતી અને ઘણીયે વખત પોતે લખેલ પુસ્તકનો સંદેશ ગુરુવાણી તરીકે રજૂ કરવું સામાન્ય હતું. (મારા અંગત મત પ્રમાણે ગુરુની સંમતિ લઈને તેને નામે આ સંદેશો કે ઉપદેશ ફેલાવવાની પ્રણાલિકા હશે)'

શ્રી વિવેકાનંદ આ જ લેખમાં આગળ જણાવે છે-

`In ancient times they had no knowledge whatsoever of geography; imagination ran riot. And so we meet with such fantastic creations of the brain as sweet-ocean, milk-ocean, clarified-butter-ocean, curd-ocean, etc! In the Puranas, we find one living ten thousand years, another a hundred thousand years! But the Vedas say, शतायुर्वै पुरुषः – `Man lives a hundred years." Whom shall we follow here?"

એ જમાનામાં ભૂગોળનું જ્ઞાન ઘણું સીમિત હતું અને ઘણુંએ લખાણ કલ્પના પર આધારિત હતું અને કેટલી એ હકીકતો લખનારના મગજના તુક્કાઓ હતા જેમકે સમુદ્ર માટે મીઠો સમુદ્ર, ઘી-દૂધથી ભરેલો સમુદ્ર કે દહીંમય સમુદ્ર વગેરે ઉલ્લેખ જોવા મળે છે. પુરાણોમાં ક્યાંક મનુષ્યનું આયુષ્ય સેંકડો-હજારો વર્ષોનું વર્ણવ્યું છે પરંતુ વેદોમાં 'શતાયુર્વૈ પુરુષઃ' (સો વર્ષના આયુષ્યનો) ઉલ્લેખ છે. તો આપણે કયું સત્ય સ્વીકારવું ?

ગીતાની રચના ક્યારે થઈ હશે કે તેનો ઉપદેશ ભગવાન શ્રી કૃષ્ણએ ક્યારે આપ્યો હશે તે વિષે આજ લેખમાં તેઓએ લખેલી નોંધ પણ ઘણી સૂચક છે.

`How could there be so much discussion about Jnâna, Bhakti and Yoga on the battle-field, where the huge army stood in battle array ready to fight, just waiting for the last signal? And was any shorthand writer present there to note down every word spoken between Krishna and Arjuna, in the din and turnmoil of the battle field?"

``The book known as the Gita forms a part of the Mahâbharata. To understand the Gita properly, several things are very important to know. First, whether it formed a part of the Mahâbharata, i.e. whether the authorship attributed to Veda-Vyâsa true , or it was merely interpolated within the great epic."

``In the first place, let us see what grounds there are for such inquiry. We know that there were many who went by the name of Veda-Vyasa; and among them who was the real author of the Gita – the Bâdarâyana Vyasa or Dvaipâyana Vyasa? `Vyasa' was only a title. Anyone who composed a new Purâna was known by the name of Vyasa, like the word Vikramaditya, which was also a general name. Another point is, the book, Gita, had not been much known to the generality of people before Shankarâchârya made it famous by writing his great commentary on it. Long before that, there was current, according to many, the commentary on it by Bodhâyana. If this could be proved, it would go a long way, no doubt, to establish the antiquity of the Gita and the authorship of Vyasa."

``Then as to the second point in question, much doubt exists about the personality of Krishna. In one place in the Chhândogya Upanishad we find mention of Krishna, the son of Devki, who received spiritual in-

structions from one Ghora, a Yogi. In the Mahâbharata, Krishna is the king of Dwârakâ; and in the Vishnu *Purâna* we find a description of Krishna playing with the Gopis. Again, in the *Bhâgavata*, the account of his Râsalila is detailed at length. In very ancient times in our country there was in vogue an Utsava called Madanotsava (celebration in honour of Cupid.) That very thing was transformed into Dola (Holi) and thrust upon the shoulders of Krishna."

**અર્જુન અને શ્રી કૃષ્ણ વચ્ચેનો આ લાંબો સંવાદ પણ કદાચ થયો હોય તો પણ કયા શોર્ટહેન્ડ/ટાઈપીસ્ટે ત્યાં હાજર રહીને યુદ્ધ મેદાનમાં આટલી બધી હલચલ વચ્ચે આ બધી નોંધ ટપકાવી હશે ?''**

''યુદ્ધના મેદાનમાં જ્યારે જંગી લશ્કર ફક્ત હુકમની રાહ જોઈને એકબીજાની સાથે લડવાની અણી ઉપર હોય ત્યારે જ્ઞાન, ભક્તિ અને યોગ વિષે આટલી બધી લાંબી ચર્ચા અને વિવેચન કઈ રીતે થયા હશે ? અર્જુન અને શ્રી કૃષ્ણ વચ્ચેનો આ લાંબો સંવાદ પણ કદાચ થયો હોય તો પણ કયા શોર્ટહેન્ડ/ટાઈપીસ્ટે ત્યાં હાજર રહીને યુદ્ધ મેદાનમાં આટલી બધી હલચલ વચ્ચે આ બધી નોંધ ટપકાવી હશે ?''

''ગીતાના નામે જાણીતો ગ્રંથ એ મહાભારતનો એક ભાગ છે. ગીતાને બરાબર સમજવા માટે બીજી ઘણી જાણકારી અગત્યની છે. દા. ત. ખરેખર એ મહાભારતનો જ એક ભાગ છે ? શું વેદ વ્યાસ એના રચયિતા ગણાય છે તે ખરેખર સત્ય છે કે મહાભારત સાથે તેને જોડી દેવાયું છે ?''

''ઉપલા સવાલોની યથાર્થતા ચકાસવા માટે આપણી પાસે કેટલા પુરાવાઓ છે તે જાણવું જરૂરી છે. ગીતાના રચયિતા કોણ હતા ? બાદરાયણ વ્યાસ કે દ્વૈપાયન વ્યાસ ? હકીકતમાં વ્યાસ તો એક પદવી છે. એ જમાનામાં જે કોઈ વ્યક્તિ નવું પુરાણ રચે તે વ્યાસના નામે ઓળખાતી. જેમ વિક્રમાદિત્ય શબ્દનો ઉપયોગ પણ સામાન્ય હતો. (તે જમાનામાં જે રાજા પરાક્રમી અને શુરવીર હતો તેને માટે વિક્રમાદિત્ય શબ્દનો ઉપયોગ સામાન્ય હતો) બીજી એક માન્યતા અથવા એક મુદ્દો છે કે શંકરાચાર્યે તેના વિષે (ગીતા વિષે) ખૂબ જ ઉપયોગી વિશ્લેષણ કર્યું અને તેને પ્રખ્યાત બનાવી. એના ઘણાં સમય પહેલાં બોધાયને પણ તેના ઉપર વિવેચન કર્યું હતું એમ ઘણા લોકોનું માનવું છે. જો આના વિષે પુરાવા મળે તો ગીતા ક્યારે રચાણી અને તેના કર્તા તરીકે વ્યાસ વિષે ઘણી માહિતી પ્રાપ્ત થાય.'

'બીજું, કૃષ્ણનું વ્યક્તિત્વ ખરેખર કેવું હશે તેના વિષે પણ ચોક્કસ માહિતી પ્રાપ્ત નથી. છાંદોગ્ય ઉપનિષદમાં એક જગ્યાએ જણાવવામાં આવ્યું છે કે 'દેવકી પુત્ર કૃષ્ણે એક ધોરા નામક યોગી પાસેથી અધ્યાત્મિક શિક્ષણ લીધું હતું.' મહાભારત પ્રમાણે કૃષ્ણ દ્વારકાના રાજા હતા, વિષ્ણુપુરાણમાં કૃષ્ણ ગોપીઓ સાથે રાસ રમતા બતાવ્યા છે. અસલના વખતમાં આપણે ત્યાં કામદેવના માનમાં મદનોત્સવ ઉજવાતો હતો પછી આ ઉત્સવનું હોળીના ઉત્સવમાં રૂપાંતર થઈ ગયું અને છેલ્લે કૃષ્ણને આની જોડે પણ જોડી દેવાયા.''

શ્રી વિવેકાનંદ આ જ લેખમાં નિખાલસ રીતે પોતાના વિચારો વિગતમાં રજૂ કરે છે.

``It is human nature to build around the real character of a great man all sorts of imaginary superhuman attributes. As regards Krishna the same must have happened, but it seems quite probable that he was a king. Quite probable I say, because in ancient times in our country it was chiefly the kings who exerted themselves most in the preaching of Brahma-Jnâna. Another point to be especially noted here is that whoever might have been the author fo the Gita, we find its teachings the same as those in the whole of the Mahâbharata. From this we can safely infer that in the age of the Mahâbharata some great man arose and preached the Brahma-Jnâna in this new garb to the then existing society. Another fact comes to the fore that in the olden days, as one sect after another arose, there also came into existence and use among them one new scripture or another. It happened, too, that in the lapse of time both the sect and its scripture died out, or the sect ceased to exist but its scripture remained. Similarly, it was quite probable that the Gita was the scripture of such a sect which had embodied its high and noble ideas in this sacred book."

``One thing should be especially remembered here, that there is no connection between these historical researches and our real aim, which si the knowledge that leads to the acquirement of Dharma. Even if the historicity of the whole thing is proved to be absolutely false today, it will not in the least be any loss to us. Then what is the use of so much historical research, you may ask. It has its use, because we have to get at the truth; it will not do for us to remain bound by wrong ideas due to ignorance. In this country people think very little of the importance of such inquiries. Many of the sects believe that in order to preach a good thing which may be beneficial to many, there is no harm in telling an untruth, if that helps such preaching, or in other words, the end justifies the means. Hence we find many of our Tantras begining with, `Mahâdeva said to Pârvati'. But our duty should be to convince ourselves of the

truth, to believe in truth only. Such is the power of superstition, or faith in old traditions without inquiry into its truth, that it keeps men bound hand and foot, so much so, that even Jesus the Christ, Mohammed, and other great men believed in many such spuerstitions and could not shake them off. You have to keep your eyes always fixed on truth only and shun all superstitions completely."

આપણી ફરજ તો સ્વયંને સત્યની જાણ કરવાની છે અને સત્યને જ માનવાની છે.

''મહાન વ્યક્તિની બાબતમાં કાલ્પનિક ગુણો–મનુષ્યમાં હોય તેના વધુ અસામાન્ય–મનુષ્યેત્તર–ગુણો જોવા એ મનુષ્યનો સ્વભાવ છે. કૃષ્ણની બાબતમાં પણ આવું જ કંઈક હોવું જોઈએ. જો કે વધુ શક્યતા તેમની રાજા હોવાની છે કેમ કે એ સમયમાં રાજાઓ બ્રહ્મજ્ઞાનનો પ્રચાર કરવામાં મોટો ભાગ ભજવતા. બીજો મુદ્દો અત્રે નોંધવા જેવો એ છે કે ગીતાનો રચયિતા જે હોય તે પણ મહાભારત અને ગીતાનો બોધ એક સમાન છે. આના પરથી આપણે એક અનુમાન કરી શકીએ કે મહાભારતના સમયમાં કોઈ એક મહાન વ્યક્તિના મનમાં બ્રહ્મજ્ઞાન વિષે નવો વિચાર ઉદ્ભવ્યો અને સમાજને તે ગીતાના રૂપમાં બોધ આપ્યો હશે. બીજું પણ એક તારણ એ કાઢી શકીએ કે અગાઉના એ સમયમાં જુદા જુદા ફાંટાઓ પડ્યા બાદ નવા પુસ્તકો (ધાર્મિક પુરાણો) બહાર પાડ્યા હશે પણ સમય જતા તે જ્ઞાતિઓનું અસ્તિત્વ લુપ્ત થયું હશે, પરંતુ સાહિત્ય સચવાયું હોય. આવા જ કોઈ સમાજ કે જ્ઞાતિની માર્ગદર્શક પુસ્તિકા જેમાં ઉચ્ચ અને ઉમદા વિચારો ગ્રંથીત થયા હોય તે ગીતા હોઈ શકે.''

''એક વસ્તુ અત્રે ખાસ યાદ રાખવા જેવી છે કે આપણું લક્ષ્ય ધર્મને માટેનું જ્ઞાન મેળવવું અને ઐતિહાસિક શોધખોળ વચ્ચે કોઈ સંબંધ નથી. આજે ઐતિહાસિક દૃષ્ટિએ પણ જો બધું તદ્દન ખોટું પુરવાર થયું તો પણ આપણને કોઈ ખોટ જવાની નથી. તો તમને સ્વાભાવિક સવાલ થશે કે આ ઐતિહાસિક શોધખોળની જરૂર શી છે? તો એનો જવાબ એ છે કે એની પણ જરૂર છે. આપણે સત્ય સુધી પહોંચવાનું છે. અજ્ઞાનને લીધે ખોટા તથ્યો પર અટકી જવું યોગ્ય નથી. આપણા દેશમાં આવી શોધખોળને લોકો બહુ ઓછું મહત્ત્વ આપે છે. ઘણાં ગ્રંથો એવું માને છે કે લોકોને ફાયદાકારક સારું શીખવવા માટે ખોટું કહેવામાં કોઈ વાંધો નહિ. ખોટું કહેવાથી પણ જો ફાયદો થતો હોય તો શું વાંધો? અને તેથી આપણાં ઘણાં તંત્રો કે સૂત્રોની શરૂઆત 'મહાદેવે પાર્વતીને' કહ્યુંથી થાય છે. આપણી ફરજ તો સ્વયંને સત્યની જાણ કરવાની છે અને સત્યને જ માનવાની છે. સત્યતાની ચકાસણી કર્યા વગર ચાલી આવતી જૂની અંધશ્રદ્ધા કે શ્રદ્ધા એટલા શક્તિશાળી છે કે તે આપણને જકડી રાખે છે. જીસસ ક્રાઈસ્ટ, મહંમદ પયગંબર અને અન્ય મહાન વ્યક્તિઓએ પોતે પણ ઘણી અંધશ્રદ્ધાભરી માન્યતાઓને સમર્થન આપી અને સાથ પુરાવ્યો હતો અને તેમાં પરિવર્તન કે ફેરફાર લાવી શક્યા નથી. આપણે સત્ય પર જ દૃષ્ટિ રાખવી જોઈએ અને અંધશ્રદ્ધાને તિલાંજલિ આપવી જોઈએ.''

આપણે સત્ય પર જ દૃષ્ટિ રાખવી જોઈએ અને અંધશ્રદ્ધાને તિલાંજલિ આપવી જોઈએ

**અન્ય ધર્મો પ્રત્યે દ્વેષીલું સાહિત્ય**

એ હકીકત છે કે દરેક ધર્મમાં પોતાના ધર્મની સર્વોપરિતા કે મહાનતા દર્શાવવા માટે અન્ય ધર્મો પ્રત્યે દ્વેષીલું સાહિત્ય રચાયું છે અને ધર્મગુરુઓના પ્રભાવ હેઠળ મોટા ભાગના અનુયાયીઓ એને સત્ય તરીકે સ્વીકારી લે છે. આપણો જૈન ધર્મ પણ આમાં બાકાત નથી એમ મારું માનવું છે. જૈન ધર્મમાં એક વ્યાપક માન્યતા ફેલાયેલી છે કે કૃષ્ણ ભગવાન નરકમાં ગયા છે.

સ્વામી સચ્ચિદાનંદ જેમને હું ખુલ્લી રીતે વિચાર કરનારા હિંદુ ધર્મના સ્વામીઓમાં અગ્રગણ્ય સ્થાન આપું છું, તેઓએ હિંદુ ધર્મમાં પણ વ્યાપેલા અનિષ્ટ રીત-રિવાજોનું તેમના પુસ્તક 'મારા અનુભવો'માં સ્પષ્ટ પ્રતિપાદન કર્યું છે. તેઓએ જૈન સમાજના એક વિદ્વાન પંડિતજી પાસે જૈન તત્ત્વાર્થાભિગમ સૂત્ર વિષે ભણવાનું શરૂ કર્યું. તેઓ પોતે કબૂલે છે કે પંડિતજીના સત્સંગથી તેઓને ઘણો લાભ થયો અને અડધા કલાકની બદલે બે-ત્રણ કલાક સહેજે ચર્ચાવિચારણામાં વિતાવી દેતા. આ પંડિતજીએ જ્યારે શ્રી સચ્ચિદાનંદને જણાવ્યું કે (જૈન ધર્મની માન્યતા પ્રમાણે) શ્રી કૃષ્ણ સાતમી નારકીમાં ગયા છે ત્યારે તેમની વાતથી સ્વામીજીને દુઃખ થયું, કારણ કે કૃષ્ણ તેમના ઈષ્ટદેવ હતા. સ્વામીજી પોતાનો પ્રતિભાવ વર્ણવે છે કે 'પંડિતજી, કોણ નરકમાં ગયું અને કોણ સ્વર્ગમાં ગયું છે તે કોણ જોવા ગયું છે? અરે, સ્વર્ગ અને નરક જેવા સ્થાનો ખરેખર છે કે કેમ તેની પણ શી ખાતરી? પણ જે વિભૂતિને કરોડો માણસો પોતાના પ્રિયતમ ઈષ્ટદેવ માનતા હોય તેને સાતમી નારકીએ ગયાની વાત કરવી એ પ્રેમથી સાથે રહેવા માગતી પ્રજા માટે બહુ દોષ કહેવાય. વચગાળામાં આવું દ્વેષીલું સાહિત્ય બધા પક્ષે રચાયું છે અને તેમાં એકબીજાના ધર્મો તથા ઈષ્ટદેવોને હલકા બતાવવાનો પ્રયત્ન થયો છે. આ કોઈ આર્ષવાણી નથી. વિચાર કરો કે જેવું તમે લખ્યું તેવું જ તમારા ઈષ્ટદેવ માટે બીજો કોઈ પંથ લખી દે તો? કેવું લાગે? સદ્ભાગ્યે આ મુદ્દા ઉપર હિંદુ તથા જૈન ધર્મના અનુયાયીઓ વચ્ચે હિંસા નથી થઈ અને એકબીજાના ધર્મ કે ધાર્મિક માન્યતાઓ પ્રત્યે સહિષ્ણુતા જળવાઈ રહી છે પણ જો આવું જ વિધાન કે ફક્ત નિર્દેશ પણ ઈસ્લામ ધર્મના પ્રણેતા મહંમદ પયગંબર કે કુરાન વિષે થયો હોય તો વ્યાપક તોફાનો અને હિંસા થયા વગર રહે નહિ.'

**ધર્મ જોડે માન્યતાઓ સાંકળી દેવામાં અન્ય કારણો પરીભૂત**

કંઈ કેટલીયે માન્યતાઓને અન્ય કારણોને લક્ષ્યમાં લઈ ધર્મ સાથે જોડી દેવામાં આવી છે પણ હકીકતમાં આ મૂળભૂત કારણો સમય જતાં ભૂલાઈ જાય છે અને આ માન્યતાઓ ધર્મનું એક

અવિભાજ્ય અંગ બની જાય છે. આજે ઈસ્લામ ધર્મમાં ભૂંડનું (પોર્ક) માંસ ખાવા માટે મનાઈ ફરમાવી છે અને જે જે દેશોમાં મુસ્લિમ વસ્તી બહુમતીમાં છે ત્યાં પોર્ક માટે નિષેધ છે. હકીકતમાં આપણે આગલા લેખમાં ચર્ચા કરી કે જ્યાં સુધી પ્રાણીઓની હિંસા કે માંસાહારને લાગે વળગે છે ત્યારે કુરાન સુદ્ધામાં તેને સ્પષ્ટ સમર્થન કરેલ છે. તો એક સવાલ એ ઉપસ્થિત થાય કે જેમ હિંદુ ધર્મમાં ગાયને પવિત્ર ગણી ગૌમાંસ માટે નિષેધ છે તેમ શું ભૂંડને ઈસ્લામ ધર્મમાં પવિત્ર ગણી તેના માંસ માટે નિષેધ હશે? મારા મત મુજબ આ નિષેધ પાછળનો હેતુ ભૂંડ મોટો સમય ગંદકીમાં વિતાવે છે. આથી તેનું માંસ ખાવું આરોગ્ય માટે હાનિરાકરક નીવડી શકે તે ઇરાદાથી મનાઈ કરી હશે. એક વસ્તુ નિઃશંક છે કે ધર્મગુરુઓ ધર્મને નામે આદેશ કરે ત્યારે એના અનુયાયીઓ ઉપર આ ઉપદેશની સચોટ અસર થાય છે અને મોટા ભાગના અનુયાયીઓ તેનો ચુસ્ત અમલ કરે છે. આ જ ભલામણ જો સ્વાસ્થ્યની દૃષ્ટિએ કરવામાં આવે તો તેને અનુસરનારા ઘણાં ઓછાં હશે અને સમય જતાં તેમાંથી પણ તેઓ કંઈ ને કંઈ રસ્તો શોધી કાઢશે.

**હિંદુ ધર્મમાં ગૌહત્યા અને ગૌમાંસનો નિષેધ**

હિંદુ ધર્મમાં બ્રાહ્મણ અને વૈષ્ણવ પ્રજા માટે ભાગે શાકાહારી છે. તે સિવાય ક્ષત્રિય અને અન્ય વર્ગમાં માંસાહાર સામાન્ય છે પણ ગૌહત્યા કે ગૌમાંસ ખાવા અંગે સખત પ્રતિબંધ છે અને ગૌરક્ષા એ હિંદુ ધર્મનું એક અનિવાર્ય અંગ ગણાય છે. ગાયની ભગવાન સ્વરૂપે પૂજા પણ સામાન્ય છે. જૈન ધર્મમાં અહિંસા અગ્રસ્થાને છે અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુથી લઈ સર્વ પ્રાણીઓનો તેમાં સમાવેશ થયો છે અને ગૌહત્યા કે ગૌમાંસ જેટલી જ પ્રાધાન્યતા ગાય ઉપરાંત દરેક પ્રાણીઓને અપાયેલી છે.

મનુસંહિતાની ચર્ચા કરતી વખતે એમાં આપેલ આદેશ માંસાહારથી દૂર રહેવા માટે સ્પષ્ટ છે. માંસની પ્રાપ્તિ માટે ક્રુરતા અને ઘાતકી રીતે કતલ કરવી એ એક અધમ કૃત્ય ગણ્યું છે. પણ હકીકતમાં વખત જતાં પ્રાણીઓની બલિ ચડાવવાનું સામાન્ય થઈ ગયું અને જીવહિંસા વ્યાપક થઈ જતાં માંસાહાર તરફ પ્રજા ઢળી ગઈ હશે. મારા આગલા લેખમાં જણાવ્યા મુજબ પણ ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધે ધર્મને નામે પ્રાણીઓ પર થતી હિંસાનો પ્રચંડ વિરોધ કરી સમાજમાં જાગૃતિ લાવતા આ અમાનુષી પ્રથાનો અંત આવ્યો અને હિંદુ ધર્મના મોટા વર્ગે માંસાહારને પણ તિલાંજલિ આપી.

હકીકતમાં ઈસ્લામમાં ભૂંડના માંસનો નિષેધ અને હિંદુ ધર્મમાં ગૌમાંસનો નિષેધ પાછળના કારણોની સરખામણી રસપ્રદ રહે છે. મારા અંગત મત પ્રમાણે ગાય તથા બળદની નીચે જણાવેલ અનેક ઉપયોગીતાને લક્ષમાં લઈ તેનું રક્ષણ કરવાના ઇરાદાથી ગૌવધને અને ગૌમાંસને ધર્મ જોડે સાંકળી લઈ ધર્મના અંગ તરીકે તેના ઉપર પ્રતિબંધ મુક્યો હોવો જોઈએ.

૧. ગાયના દૂધનો ખોરાક તરીકે આજે પણ વ્યાપક ઉપયોગ થાય છે.
૨. એક સમયે ખેતી એ આપણા દેશમાં મુખ્ય ઉદ્યોગ હતો અને ૯૦ ટકા વસ્તી ખેતી ઉપર નભતી હતી. ખેતરો બળદથી જોતરવામાં આવતા હતા.
૩. ગાયના છાણનો ખાતર તરીકે વ્યાપક ઉપયોગ થતો હતો. આ ઉપરાંત ગાયનું છાણ જમીન લીંપવામાં પણ ઉત્તમ ગણાતું હતું. ગાયનું છાણ માટીની બનાવેલી દિવાલ ઉપર પ્લાસ્ટર તરીકે આજે પણ ગામડામાં વપરાય છે. (તે જમાનામાં સિમેન્ટની શોધ નહોતી થઈ અને ચૂનાનો ઉપયોગ ફક્ત પૈસાપાત્ર કે રાજ્ય દ્વારા થતા પાકા બાંધકામમાં થતો હતો.)
૪. ગૌમૂત્રનો ઉપયોગ ઔષધ તરીકે આજે પણ થાય છે.
૫. એકસમયે આપણા દેશમાં મુખ્ય વાહન તરીકે બળદ દ્વારા હંકારવામાં આવતું ગાડું હતું.
૬. ગાયના ચામડાનો ઉપયોગ બૂટ ચંપલ બનાવવામાં આજે પણ વ્યાપક થાય છે.

એ નિઃશંક છે કે તે સમયના


## ૨૦૧૫નો વિશિષ્ટ પર્યુષણ અંક

**જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ**

**આ વિશિષ્ટ અંકની વિદુષી માનદ્ સંપાદિકા :**

**ડૉ. રશ્મિબેન જિતુભાઈ ભેદા**

(09867186440)

**શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**

(09324115575)

જૈન પરંપરામાં પરમ તત્ત્વને, આત્માને, પરમાત્માને જાણવાના સાધનાનો માર્ગ એટલે છ આવશ્યક ક્રિયાઓને **'ષડ્ આવશ્યક'** કહેવામાં આવે છે જેમાં સામાયિક, લોગસ્સ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન (પચ્ચખાણ)નો સમાવેશ થયેલો છે.

અન્ય ધર્મમાં પણ આવી ક્રિયાઓ છે.

ઉપરના પ્રત્યેક વિષય અને અન્ય ધર્મનાં વિષય ઉપર તજજ્ઞ વિદ્વાનો પોતાનું ચિંતન આ અંકમાં પ્રકાશિત કરશે.

વિદ્વાનો અને લેખકોને સંપાદિકાનો સંપર્ક સાધવા વિનંતી.

ક્રિયા અને જ્ઞાનના સમન્વયનો આ વિશિષ્ટ અંક જિજ્ઞાસુ માટે એક અમૂલ્ય નજરાણું બની રહેશે.

**પ્રભાવના માટે ઇચ્છિત નકલો માટે સંઘની ઑફિસમાં ૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર સંપર્ક કરવા વિનંતી. ૧૦૦ થી વધુ નકલોનો ઑર્ડર હશે તો અંકમાં પ્રભાવનાકારનું નામ છાપી શકાશે.**

**એક નકલની કિંમત રૂા. ૬૦/-**

**–તંત્રી**

ભારતમાં અન્ય સર્વે પ્રાણીઓમાં ગાયના કૂળના પ્રાણીઓનો સામાન્ય પ્રજાને સેવા આપવામાં સૌથી મોટો ફાળો હતો. આ લક્ષમાં લઈને ગાયના કૂળને જાળવવાનું અતિશય જરૂરી હતું અને એક આભારની લાગણી પણ પ્રદાન કરવી એ માનવ તરીકે આપણી ફરજ હતી. આ હકીકત લક્ષ્યમાં લઈને હિંદુ સમાજના ધર્મગુરુઓએ ગૌવંશને હિંદુ ધર્મના અનિવાર્ય અંગ તરીકે પ્રજાને ઉપદેશ આપ્યો આમાં અહિંસા કરતાં વધારે વ્યવહારિક દૃષ્ટિ હતી. પણ સમય જતાં આ ઉપદેશ ધર્મ જોડે એટલો બધો સંકળાઈ જાય છે કે તેના ખરા કારણો તદ્દન વિસરાઈ જાય છે અને તે Ritualism (ક્રિયાકાંડ)માં ફેરવાઈ જાય છે.

વખત જતાં હિંદુ ધર્મ ગૌહત્યા કે ગૌમાંસ સાથે એટલો બધો જોડાઈ ગયો કે ગૌહત્યા કે ગૌમાંસનું સેવન કરવું એ એક અક્ષમ્ય એવા પાપના રૂપમાં પરિવર્તિત થઈ ગયું અને મુસલમાન રાજાઓના સમયમાં તો ઘણી વખત હિંદુઓને વટલાવવા માટે સરળ ઉપાય તરીકે હિંદુઓને ગાયનું માંસ ખવડાવવામાં આવતું હતું અને એક વાર ગાયનું માંસ ખાધા પછી આ હિંદુઓને એટલું બધું નીચાપણું લાગતું હતું કે સ્વયં તેઓને હિંદુ ધર્મ ત્યજી દેવા યોગ્ય લાગતો હતો.

**સ્વામી વિવેકાનંદ**

૧. છેલ્લાં દોઢસો વર્ષમાં ભારતમાં થઈ ગયેલા ધર્મગુરુઓમાં સ્વામી વિવેકાનંદ નિઃશંક ખૂબ ઊંચું સ્થાન ધરાવે છે. ૧૮૯૩માં અમેરિકામાં યોજાયેલ વિશ્વ ધાર્મિક સંસદ (World's Parliament of Religion)માં તેમણે હિંદુ ધર્મનું પ્રતિનિધિત્વ કરી અને તે વિષે કરેલ વ્યાખ્યાનોએ અમેરિકામાં ભારત અને હિંદુ ધર્મ વિષે ફેલાયેલી ગેરસમજ દૂર કરવામાં ખૂબ મોટો ભાગ ભજવ્યો હતો. આ જ સંસદમાં જૈન ધર્મનું પ્રતિનિધિત્વ શ્રી વીરચંદ ગાંધીએ કર્યું હતું. અત્રે ખુલાસો કરવો જરૂરી છે કે સ્વામી વિવેકાનંદનું વાંચન અને જ્ઞાન ખૂબ જ વિશાળ હતું. તેઓએ ગીતાના કર્મયોગ અને ભક્તિયોગના ઉપદેશને સંપૂર્ણ સમર્થન આપ્યું છે અને તેમના આ પુસ્તકો અત્યંત લોકપ્રિય છે. તેઓએ હિંદુ ધર્મમાં માનવ સેવા પ્રત્યે વધારે જાગૃતિ લાવવા માટે પણ અથાગ પ્રયત્નો કર્યા હતા અને આજે પણ તેમના અનુયાયીઓએ આ અભિગમ રામકૃષ્ણ મિશન તથા વિવેકાનંદ મિશનના નેજા હેઠળ અત્યંત ખંત અને ઉત્સાહથી ચાલુ રાખ્યા છે.

✷ ✷ ✷

બી-૧૪૫/૧૪૬, મીત્તલ ટાવર, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૧.
ટેલિ. નં. : ૯૧-૨૨-૬૬૧૫ ૦૫૦૫ - ૦૯૮૨૦૩૩૦૧૩૦. ઇમેઈલ : mehtagroup@theemerald.com / jashwant@theemerald.com

# અમારા ભૂપેન્દ્રભાઈ

તા. ૧૩ મે, ૨૦૧૫ના સવારે અમારા ભૂપેન્દ્રભાઈ દેહ મૂકીને ચાલ્યા ગયા.

૮૨ વર્ષના આયુષ્યકાળમાં કારકિર્દીના લગભગ ૩૫ વર્ષ એક જ સંસ્થાને જે વ્યક્તિએ સમર્પિત કર્યા હોય, સંસ્થાની પ્રત્યેક મુશ્કેલીમાં સંસ્થા સાથે અડીખમ ઊભા હોય અને સંસ્થાની પ્રગતિ સમયે અંતરથી પોરસાતા હોય એવી વ્યક્તિને કાળ જ્યારે પોતાની પાસે બોલાવી લે ત્યારે એ સંસ્થા અને એના સહકાર્યકરોને થતું દુઃખ શબ્દોમાં શી રીતે ગોઠવાય?

શ્રી ભૂપેન્દ્રભાઈ ડાહ્યાભાઈ ઝવેરી. લગભગ ૧૯૮૩માં આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાં પોતાની સેવા સમર્પિત કરવા જોડાયા અને ૧૯૯૫થી જીવનના અંતિમ શ્વાસ સુધી સંસ્થાના કોષાધ્યક્ષ તરીકે ઉત્તમ ફરજ બજાવી. સર્વ સહકાર્યકરોનો પ્રેમ સંપાદિત કરી કર્મચારીના પ્રિય પાત્ર બની ગયા.

અમારા વર્તમાન માનદ મંત્રી અને 'પ્રેમળ જ્યોતિ' પ્રવૃત્તિના સૂત્રધાર નીરુબેન શાહના આ ભૂપેન્દ્રભાઈ લઘુબંધુ. નીરુબેન અને એમના પતિ સુબોધભાઈ આ સંસ્થામાં ૧૯૬૩માં પ્રવેશ્યા અને સંસ્થાનો કાર્યભાર સંભાળી સંસ્થાને એક ઊંચાઈએ લઈ જનારા અનેકોમાંના એક આ દંપતી અને સાથે અમારા ભૂપેન્દ્રભાઈ.

શ્રી ભૂપેન્દ્રભાઈએ આ સંસ્થાના કોષાધ્યક્ષનું સ્થાન સંભાળી સંસ્થાને આર્થિક રીતે સ્થિર કરી. સ્થાયી ફંડનું, ક્યાં કેવી રીતે વધુ આવક થાય તેમજ સલામત રીતે કેમ રોકાણ કરવું એ એમની ઊંડી અને દીર્ઘ સમજ. સંસ્થાના સ્થાયી ફંડને સહેજ પણ આંચ આવ્યા વગર સંસ્થાના ખર્ચને વ્યવસ્થિત ગોઠવે. ચેક ઉપર સહી લેવા જનારને એમના અનેક સવાલોનો સામનો કરવો પડે એવા એ શિસ્તબદ્ધ અને ચોકસાઈવાળા.

સંસ્થાની નેત્રયજ્ઞ પ્રવૃત્તિમાં તો ભૂપેન્દ્રભાઈ પુરા સક્રિય, તન મનથી તે ખરા જ પરંતુ પોતાના સ્વર્ગસ્થ પત્ની જ્યોત્સનાબેનની સ્મૃતિમાં આ નેત્ર યજ્ઞ માટે એઓશ્રીએ સંસ્થાને રૂા. એક લાખનું દાન પણ આપેલું.

પ્રમાણિકતા, સ્પષ્ટ અને સત્ય વક્તા, સ્વમાન, કરકસર, પ્રેમ આપવો અને પ્રેમ મેળવવો, સિદ્ધાંતનિષ્ટ, ઊગી નીકળે એ રીતે પૈસાને ક્યાં વાવવા એની ઊંડી સમજ, આ બધાં વિરલ ગુણો ભૂપેન્દ્રભાઈમાં હતા.

અમારે તો આ છ મહિનામાં મથુરભાઈ ગયા હવે આ ભૂપેન્દ્રભાઈ, બીછડે સભી બારી બારી. આપણી સાથે, આપણી આજુબાજુ હુંફ લઈને બેસનારની ખુરશી ખાલી દેખાય ત્યારે વેદના સાથે સમજ કેળવવી પડે એ પરિસ્થિતિને પચાવવી સહેલું નથી, પણ કાળ પાસે આપણે શું કરીએ?

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને અમારા ભૂપેન્દ્રભાઈના જવાથી ન પૂરી શકાય એવી ખોટ પડી છે એ વાસ્તવિકતા છે.

પ્રભુ એમના આત્માને શાંતિ અર્પો.

ભૂપેન્દ્રભાઈ, જ્યાં હો ત્યાંથી અમારા ઉપર આશીર્વાદ અને માર્ગદર્શન વરસાવતા રહેશો. ૐ શાંતિ.

**☐ ધનવંત શાહ અને**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવાર**

# ઉપનિષદમાં સંન્યાસ વિચાર

❑ ડૉ. નરેશ વેદ

ઉપનિષદોમાં જીવ, જગત, બ્રહ્મ વગેરે અનેક વિષયો ચર્ચાયા છે, તેમ સંન્યાસનો વિષય પણ વિગતે ચર્ચાયો છે. અહીં સંન્યાસ એટલે બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ પૈકી છેલ્લા આશ્રમની વાત નથી. એ ચાર આશ્રમોની વાત તો સંસારમાં રહેનાર માટેની હતી. જ્યારે અહીં સંન્યાસ વિષયની જે ચર્ચા આપણે જોવાના છીએ તે સંસાર છોડીને સંન્યસ્ત ધારણ કરનારની છે. આ વાત આમ તો વીસ જેટલા ઉપનિષદોમાં થઈ છે. પરંતુ વધારે વિશદતાથી બ્રહ્મોપનિષદ, સંન્યાસ ઉપનિષદ, આરુણેય ઉપનિષદ, કઠશ્રુતિ ઉપનિષદ, પરમહંસ ઉપનિષદ, જાબાલ ઉપનિષદ, આશ્રમ ઉપનિષદ, કુંડકોપનિષદ અને નારદ પરિવ્રાજક ઉપનિષદમાં થયેલી છે.

આ બધા ઉપનિષદોમાં સંન્યાસ એટલે શું, એમાં પ્રવેશવાનો અધિકારી કોણ, એ કેવી રીતે સ્વીકારવામાં આવે છે, એમાં પ્રવેશની વિધિ કેવી હોય છે, એની દીક્ષા કોના દ્વારા કેવી રીતે અપાય છે, એનો પહેરવેશ કેવો હોય છે, એની જીવનચર્યા કેવી હોય છે, એનો સાધનાક્રમ કેવો હોય છે, એના કરણીય કૃત્યો કેવાં હોય છે, એના કેટલા પ્રકારો હોય છે, એમની વચ્ચે શો ભેદ હોય છે, એના માટે શું નિષિદ્ધ હોય છે અને એના વડે એ શું સંસિદ્ધ કરે છે. પ્રસિદ્ધ સંન્યાસીઓ કોણ કોણ છે–એમ અનેક મુદ્દાઓની વિગતવાર છણાવટ છે. આપણે ક્રમશઃ આ મુદ્દાઓ ઉપર જઈએ.

સંન્યાસી એટલે શું, એની સમજૂતી આપતાં ઋષિ કહે છેઃ આ નશ્વર જગતનો પરિત્યાગ કરવાવાળા વિરક્ત સંન્યાસી હોય છે. જે આત્માની ઉન્નતિ માટે માતા-પિતા, સ્ત્રી-પુત્ર, બંધુ, બાંધવ વગેરેથી અનુમોદન પ્રાપ્ત કરીને પૂર્વોક્ત ક્રિયાઓનો ત્યાગ કરી દે છે, તે સંન્યાસી છે. આવો સંન્યાસ લેનાર બ્રહ્મચારી હોય, ગૃહસ્થ હોય કે વાનપ્રસ્થ હોય – દરેકે દિવ્ય અગ્નિઓને, પોતાના જઠરાગ્નિમાં આરોપિત કરી લેવા જોઈએ. તેણે ગાયત્રીને પોતાની વાણીરૂપ અગ્નિમાં પ્રતિષ્ઠિત કરવી જોઈએ. પોતાની યજ્ઞોપવિતને પૃથ્વી અથવા જળમાં વિસર્જિત કરી દેવી જોઈએ. ઝૂંપડીમાં રહેનારા બ્રહ્મચારીએ પોતાના કુટુંબનો ત્યાગ કરવો જોઈએ. તેણે પાત્ર અને પવિત્રી – બંનેન ત્યાગ કરવો જોઈએ. એટલું જ નહિ, હાથમાંના દંડનો તેમજ લૌકિક અગ્નિનો પણ ત્યાગ કરવો જોઈએ. તેણે ઔષધિની જેમ અન્ન ગ્રહણ કરવું જોઈએ, તથા ત્રિકાળ સંધ્યા સ્નાન કરવા જોઈએ. સંધ્યાકાળમાં સમાધિસ્થ થઈને, પરબ્રહ્મ પરમાત્માનું અનુસંધાન કરવું જોઈએ. સ્વર્ગ આદિ લોકમાં જવાની ઈચ્છા કરવાને બદલે વેદોનું વાચન-મનન અને ઉપનિષદોનું અધ્યયન કરતા રહેવું જોઈએ. આવા સંન્યાસીએ બ્રહ્મચર્ય, અહિંસા, અપરિગ્રહ અને સત્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું જોઈએ, તથા કામ, ક્રોધ, હર્ષ, શોક, રોષ, લોભ, મોહ, દંભ-આડંબર, ઈચ્છા, ઈર્ષ્યા, પરનિંદા, મમતા અને અહંકાર વગેરેનો સંપૂર્ણ રીતે ત્યાર કરી દેવો જોઈએ. આવો સંન્યાસી યજ્ઞ, યજ્ઞોપવીત વગેરે કર્મકાંડો અને અન્ય ચિહ્નો-પ્રતીકોનો ત્યાગ કરે છે. આમ કહીએ છીએ ત્યારે વાતનું હાર્દ સમજવું જરૂરી છે. સંન્યાસી યજ્ઞનો ત્યાગ કરતો નથી, પરંતુ સ્વયં યજ્ઞરૂપ બની જાય છે. એ મંત્ર છોડતો નથી, એની વાણી જ મંત્રરૂપ થઈ જાય છે. આ બધાં મહત્ત્વપૂર્ણ સૂત્રોને અંતરંગ જીવનમાં ધારણ કરવાને કારણે એને સંન્યાસી, એટલે કે, સમ્યક્રૂપે ધારણ કરનારો કહેવામાં આવે છે. આવો સંન્યાસી સ્ત્રીભોગ વગેરે શારીરિક આનંદ પ્રાપ્તિથી દૂર રહેનારો, આચરણમાં પવિત્ર અને આહારવિહારમાં સંયમી હોય છે. તે અહોનિશ ૐકારનો જપ જપીને, આત્મચિંતનમાં તલ્લીન થઈને, મોક્ષ પ્રાપ્તિ માટે મંથનશીલ રહેતો હોય છે.

સંન્યાસ ધારણ કરવા માટે કોણ અધિકારી અને કોણ અનધિકારી ગણાય તેની સમજૂતી મુનિએ આ રીતે આપી છેઃ નપુસંક, પાપી, અંગવિહીન, વધારે પડતો સ્ત્રીઆસક્ત, બહેરો, મૂંગો, બાળક, પાખંડી, કુચક્ર રચનારો, લિંગી (વેષ ધારણ કરનારો), વૈષાનસ (વાનપ્રસ્થી), શિપવિષ્ટ (ટાલિયો અથવા કોઢીયો), અગ્નિહોત્ર ન કરનારો, વેતન લઈને શિક્ષણ આપનારો – આ બધા સંન્યાસ ગ્રહણ કરવાના અધિકારી નથી. અગર કોઈપણ રીતે એ સંન્યાસ ગ્રહણ કરી લે તો પણ એ મહાવાક્યોનો ઉપદેશ કરવાનો અધિકારી નથી. જે બ્રહ્મચર્યાશ્રમ અને ગૃહસ્થાશ્રમના સમયથી સંન્યાસાશ્રમ અનુસાર આચરણ કરનારો છે, એ જ સંન્યાસ ધારણ કરવાના અધિકારી છે. મનુષ્યે, જ્યારે તેના મનમાં દરેક પદાર્થો પ્રત્યે વિતૃષ્ણા ઉત્પન્ન થાય, ત્યારે જ સંન્યાસ ધારણ કરવાની ઈચ્છા કરવી જોઈએ. જેની જીભ (રસના), ઉપસ્થેન્દ્રિય, ઉદર અને હાથ-પગ વગેરે ઈન્દ્રિયો પૂરેપૂરી વશમાં હોય અથવા તો જેણે વિવાહ ન કર્યો હોય, એવો બ્રહ્મચર્યવાન બ્રાહ્મણ પણ સંન્યાસ ગ્રહણ કરવાના અધિકારી છે. સંસારને સારહીન સમજીને સારતત્ત્વ મેળવવાની ઈચ્છાથી અવિવાહિત રહીને જે વૈરાગ્યાશ્રિત બન્યો હોય છે તે સંન્યાસ ગ્રહણ કરી શકે છે. જે મનુષ્ય ભૂતકાળના ભોગોનું ચિંતન કરતો નથી, વર્તમાન કાળમાં મળેલ ભોગોનું સ્વાગત અને ભાવન કરતો નથી તેથી ભવિષ્યમાં મળનાર ભોગોની ઈચ્છા રાખતો નથી, એ જ સંન્યાસનો અધિકાર રાખે છે. જે વ્યક્તિ શરીરમાં પ્રાણ હોવા છતાં પણ સુખદુઃખનો અનુભવ કરતો નથી, એ જ સંન્યાસ લેવાને યોગ્ય છે.

ત્યારબાદ સંન્યસ્ત ધારણ કરવાની વિધિ દર્શાવવામાં આવી છે. સંન્યાસ લેનાર વ્યક્તિએ, વનમાં જઈને, બાર રાત્રીઓ સુધી દૂધ વડે

અગ્નિહોત્ર કરવું. ઉપરાંત, બાર રાત્રીઓ સુધી માત્ર દૂધ પર જ રહેવું. બાર રાત્રીઓ પછી, વિષ્ણુ અને રુદ્ર સાથે સંબંધિત ચરુને, જે ત્રણ કપાલ (માટીના વાસણ) પર સિદ્ધ કરેલ (પકવેલ) હોય, એને વૈશ્વાનર અગ્નિ તથા પ્રજાપતિના ઉદ્દેશથી હવન કરી દે. કાષ્ઠપાત્રોને અગ્નિમાં અને માટીના પાત્રોને જળાશયમાં સમર્પિત કરી દે, તથા સોનું વગેરેથી બનેલા પદાર્થોને પોતાના ગુરુને આપી દે. ત્યારબાદ ત્રણ પ્રકારના અગ્નિઓની એક મુઠ્ઠી ભસ્મ લઈને એનું પાન કરે. ચોટલી સાથે વાળનું મુંડન કરાવીને, તથા યજ્ઞોપવીત (જનોઈ) ઉતારીને 'ૐભૂ:સ્વ:' મંત્ર બોલીને તેને જળાશમાં વિસર્જિત કરે. ત્યારબાદ, અનશન, જળપ્રવેશ, અગ્નિપ્રવેશ કરી મહાપ્રસ્થાન કરે. કોઈ વૃદ્ધ સંન્યાસીના આશ્રમમાં રહેવા જાય. મતલબ કે કર્મકાંડપરક અગ્નિહોત્ર યજ્ઞનો ત્યાગ કરીને પોતાના જીવનની પ્રત્યેક ક્રિયાને યજ્ઞરૂપ બનાવે. ઉચ્ચસ્તરીય જીવનસાધના અપનાવ્યા વિના સંસારત્યાગ અને કર્મકાંડ ત્યાગીને સંન્યાસધર્મની પૂર્તિ સંભવ નથી. સંન્યાસ ધારણ કરતી વખતે કેટલાક લોકો પ્રાજાપત્ય ઈષ્ટિ કરે છે, પરંતુ એવું નહીં કરવું જોઈએ. એમણે આગ્નેય ઈષ્ટિ કરવી જોઈએ કારણ કે અગ્નિ જ પ્રાણ છે. ત્યારબાદ ત્રિધાતુ (સત્, રજ અને તમ)ની ઈષ્ટિ કરવી જોઈએ. આ ઈષ્ટિઓ પછી મંત્રથી અગ્નિનું અવઘ્રાણ કરવું જોઈએ. અગર અગ્નિ પ્રાપ્ત ન થાય તો, આહુતિ જળમાં પ્રદાન કરવી જોઈએ. આહુતિ પ્રદાન કર્યા પછી, ઘી યુક્ત, અવશિષ્ઠ હવિષ્યાન્નને ઉઠાવીને ગ્રહણ કરવું જોઈએ. અ ઉ અને મ–એ ત્રણ અક્ષરોવાળા મોક્ષ મંત્રનો બ્રહ્મ સમજી જાપ કરતાં રહેવું જોઈએ.

સંન્યાસીનો અંતિમ હેતુ પરમ પદમાં પ્રવેશ પામવાનો હોય છે. તેથી તે મૃત્યુને જીતી લેનારા મહાકાળનું સતત સ્મરણ કરતો રહે છે. એ ભગવાં વસ્ત્રો ધારણ કરીને દીશ્રા ગ્રહણ કરી લે છે. તે પોતાની બંને ભુજાઓ ઉપર તરફ કરીને ઈચ્છાનુસાર પરિભ્રમણ કરતો રહે છે. અનિકેત (ઘર વગરનો) થઈ તે ભિક્ષા ગ્રહણ કરીને જીવનયાપન કરે છે. એ નિદિધ્યાસન કરતો રહે છે. જંતુઓથી બચવા માટે તે પવિત્રી ધારણ કરી રાખે છે. કમંડળ, ચમસ, ઝોળી, ત્રિવિષ્ટય, ગોદડી, કૌપીન, ધોતી સાથે રાખે છે. આ વસ્તુઓ સિવાય, બીજી બધી જ વસ્તુઓનો સંન્યાસી ત્યાગ કરી દે છે.

ત્યારબાદ ઋષિ સંન્યાસીની અંતર્મુખી સાધનાનું સ્વરૂપ સમજાવે છે. પહેલાં જપ અને ધ્યાનના માધ્યમથી, એ બ્રાહ્મી ચેતનાની અવતરણ પ્રક્રિયાની જાણકારી પ્રાપ્ત કરે છે, પછી એને સર્વત્ર આત્મચેતનાના રૂપમાં સંવ્યાપ્ત હોવાનો અનુભવ કરે છે. ત્યારબાદ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવી તન્માત્રાઓનો સંયમ કરી, અનાહત નાદના માધ્યમથી, જીવ ચેતનાના ઉન્નયનની સાધના પૂર્ણ કરે છે.

ત્યારબાદ આ દ્રષ્ટાઓ સંન્યાસીઓના પ્રકારની માહિતી આપે છે. તેઓ કહે છે કે વાસ્તવમાં સંન્યાસ એક જ પ્રકારનો છે, પરંતુ જ્ઞાનરહિત હોવાને કારણે, અસમર્થતાવશ તથા કર્મલોપને કારણે, તે ચાર ભેદોમાં વહેંચાઈ જાય છે. તે છેઃ (૧) વૈરાગ્ય સંન્યાસ (૨) જ્ઞાન-સંન્યાસ (૩) જ્ઞાન-વૈરાગ્ય સંન્યાસ અને (૪) કર્મ સંન્યાસ. જે મનમાં દુષિત ભાવનાઓનો અભાવ હોવાના કારણે વિષયવાસનામાં આસક્ત ન થતાં, પૂર્વજન્મનાં પુણ્યકર્મના પ્રભાવથી સંન્યાસ ગ્રહણ કરી લે છે તે વૈરાગ્ય સંન્યાસી કહેવાય. જે મનુષ્ય શાસ્ત્રોની જાણકારી પ્રાપ્ત કરવાને કારણે, પાપ પુણ્યના લોકોના અનુભવો સાંભળવાને કારણે સ્વાભાવિક રીતે જ વિરક્ત બની જતાં દૈહિક-લોક અને શાસ્ત્રવાસના છોડી દે છે અને જે વિવેક, વૈરાગ્ય, ષડસંપત્તિ અને મુમુક્ષતા જેવા સાધનચતુષ્ટયથી યુક્ત હોવાને કારણે સંન્યાસ ગ્રહણ કરે છે, તે જ્ઞાન સંન્યાસી છે. જે મનુષ્ય જીવન આશ્રયોનો ક્રમાનુસાર અભ્યાસ કરતાં કરતાં, બધું જ અનુભવમાં લાવીને જ્ઞાન તથા વૈરાગ્ય દ્વારા નિરંતર પોતાના સ્વરૂપનું માત્ર ધ્યાન ધરતાં જાતરૂપધર (બાળક સમાન કપટરહિત) બની જાય, તેને જ્ઞાન-વૈરાગ્ય સંન્યાસી કહે છે. જે મનુષ્ય ચારેય જીવન આશ્રમોને ધારણ કરી, વૈરાગ્ય ન હોવા છતાં, છેલ્લા આશ્રમ રૂપે સંન્યસ્તને ગ્રહણ કરે છે તે કર્મસંન્યાસી છે.

બીજી રીતે સંન્યાસીઓનું વર્ગીકરણ નામકરણ સાથે કરતાં તેઓ કહે છે, સંન્યાસી છ પ્રકારના હોય છે. (૧) કુટીચક (૨) બહૂદક (૩) હંસ (૪) પરમ હંસ (૫) તુરીયાતીત (૬) અવધૂત. જે પોતાના પુત્ર વગેરે સ્વજનોનાં ઘરમાંથી ભિક્ષા માગીને આત્મસાધના કરે છે તે કુટીચક સંન્યાસી છે. બહૂદક સંન્યાસી એ છે, જે ત્રિદંડ, કમંડળ, શિક્ય પક્ષ, જળપાત્ર, પાવડી, આસન, શિખા, યજ્ઞોપવીત, કૌપીન અને ભગવો વેશ કરી, સચ્ચરિત્ર બ્રાહ્મણનાં ઘરોમાં ભિક્ષાચરણ કરતાં, આત્મતત્ત્વનું ચિંતન કરે છે. હંસ નામક સંન્યાસી એ છે જે એક દંડ ધારણ કરે છે, જે શિખારહિત અને યજ્ઞોપવીતધારી હોય છે. હાથમાં ઝોળી અને કમંડળ ધારણ કરનારા હોય છે. તેઓ ગામમાં માત્ર એક રાત્રી તથા નગર અને તીર્થમાં પાંચ રાત્રી વિશ્રામ કરે છે. એ દરમ્યાન ચાંદ્રાયણ વ્રત કરતાં, આત્મતત્ત્વનું ચિંતન કરે છે. પરમ હંસ એ છે જેઓ દંડ ધારણ કરતા નથી. માથું મુંડાવેલું રાખીને કંથા અને કૌપીન ધારણ કરે છે. જેઓ અવ્યક્ત લિંગ (અપ્રગર ચિહ્ન) વાળા, અવ્યક્ત (ગુપ્ત) આચરણવાળા, ધીર અને શાંત રહેનારા હોય છે, તે તુરીયાતીત સંન્યાસી હોય છે. અને જેઓ અનુન્મત હોવા છતાંય ઉન્મતની જેમ વ્યવહાર કરે છે, જેઓ ત્રિદંડ, કમંડળ, ઝોળી, જળપાત્ર, પાવડીઓ, આસન, શિખા અને યજ્ઞોપવીતનો ત્યાગ કરી દે છે, જેઓ નિર્જન ઘર અથવા દેવાલયમાં નિવાસ કરે છે, જેમના માટે ધર્મ-અધર્મ, સત્ય-અસત્ય જેવું કશું હોતું જ નથી, જેઓ બધું જ સહન કરનારા હોય છે, સમદર્શી હોય છે એટલે કે માટીના ઢેફા, પથ્થર અને સોનાને એક સરખું સમજનારા હોય છે, જેઓ ચારેય વર્ણો પાસેથી ભિક્ષા મેળવતા હોય છે. અને જે મળે તેનાથી સંતોષી હોય છે, જેઓ આત્માને બંધનથી મુક્ત કરી, તેનો મોક્ષ હેતુ ઉપાય કરે છે તેઓ અવધૂત છે.

જુદા જુદા પ્રકારના આ સંન્યાસીઓમાંથી કુટીચક અને બહૂદક

સંન્યાસીને શ્રવણનો અધિકાર છે. હંસ અને પરમહંસ સંન્યાસીઓને ચિંતન-મનનનો અધિકાર છે. જ્યારે તુરીયાતીત અને અવધૂત પ્રકારના સંન્યાસીઓનું મુખ્ય સાધન નિદિધ્યાસન છે. જો કે બધા પ્રકારના સંન્યાસીઓનું એક માત્ર, આખરી લક્ષ્ય તો પોતાના આત્માનું અનુસંધાન કરવાનું જ હોય છે. તેમ છતાં એમની સાધનાપ્રવૃત્તિમાં તફાવત છે. કુટીચક્ર અને બહૂદકને માનુષ પ્રણવ એટલે કે બાહ્ય પ્રણવ (ૐકાર)નું ધ્યાન કરવાનો નિયમ છે. હંસ અને પરમહંસને આંતરિક (માનસિક) પ્રણવનું ધ્યાન કરવાનો તથા તુરીયાતીત અને અવધૂત નામના સંન્યાસીઓને બ્રહ્મસ્વરૂપ પ્રણવનું ધ્યાન કરવાનો નિયમ બતાવવામાં આવેલો છે. આ સંન્યાસીઓએ સાત પ્રકારના નિયમોનું પાલન કરવાનું હોય છે. એ નિયમો છેઃ વાણીનું મૌન, યોગાસન, યોગ, તપ-તિતિક્ષા, એકાંત વાસ, નિસ્પૃહ ભાવ અને સમભાવ.

જેઓ યજ્ઞોપવીત ધારણ કરનારા નથી, મતલબ કે ઉચ્ચ ગણાતી જાતિના નથી, પરંતુ વિચાર, ઉચ્ચાર અને આચારથી તેમ જ કર્મ અને સંસ્કારોથી શિક્ષિત-દીક્ષિત છે તેમનો પણ સંન્યાસ ગ્રહણ કરવાનો અધિકાર છે, તેમને યજ્ઞોપવીત કે અન્ય કોઈ જાતના ક્રિયાકાંડો કે ચિહ્ન-પ્રતીકોની જરૂર નથી. એ વાત સમજાવવા આ ઋષિદ્દષ્ટાઓ ઋષિ સંવર્તક, આરુણિ, શ્વેતકેતુ, દુર્વાસા, ઋભુ, નિદાઘ, જડભરત, દત્તાત્રૈય અને રૈવતક વગેરેના દૃષ્ટાંતો આપે છે. આ બધા સંન્યાસનાં ચિહ્નોથી રહિત હતા, એમનાં આચરણો પણ અવ્યક્ત સ્વરૂપનાં હતાં – છતાં તેઓ ઉચ્ચ કોટિના સંન્યાસીઓ હતા.

જેઓ નિર્બળ, નિર્ધન, નિઃસંતાન, નિઃસ્વજન, દીન-દુઃખી હોવાને કારણે સંસાર છોડી, ભગવાં વસ્ત્રો, દંડ-કમંડળ-ઝોળી ધારણ કરી, ત્રિપૂંડ વાણી, ભભૂત શરીરે ચોળી અહાલેક જગાવતા ભિક્ષા માગી રહ્યા છે તે સંનાયાસી છે, એમ માનવું બરાબર નથી. સંન્યાસ ચોક્કસ હેતુ માટે, ચોક્કસ વિધિપૂર્વક, ચોક્કસ ભૂમિકાએ પહોંચ્યા પછી ગ્રહણ કરી શકાય છે. એની જીવનચર્યા અને સાધના પ્રક્રિયા ચોક્કસ પ્રકારની હોય છે અને એમાં સંન્યાસધર્મનાં ચોક્કસ સોપાનો સર કરતાં કરતાં સાધનાની પૂર્ણતા અને સાધ્યની સિદ્ધિ સુધી પહોંચી શકાય છે – એ વાત ઉપનિષદમાં રજૂ થયેલાં સંન્યાસ વિચારથી સ્પષ્ટ થઈ રહે છે. ભારતીય ધર્મ અને તત્ત્વદર્શનમાં સંન્યાસધર્મ અને સંન્યાસીવર્ગનું ગૌરવવંતુ સ્થાન છે. ✶✶✶

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, નોલેજ હાઈસ્કૂલ પાસે, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર. (ગુજરાત) (પિન કોડ : ૩૮૮૧૨૦.)
ફોન : 02692-233750 સેલ : 09727333000

# સ્વામી શ્રી તપોવનજી મહારાજ

❑ ભાણદેવજી

આપણા દેશમાં એવા અનેક સંતો થયા છે, જેમનો જન્મ તો દક્ષિણમાં થયો હોય, પરંતુ તેમનું જીવન ઉત્તરમાં હિમાલયમાં વ્યતીત થયું અને યથાર્થતઃ હિમાલયિન સંત બન્યા હોય. સ્વામી તપોવનજી મહારાજ આવા જ એક દક્ષિણથી હિમાલયમાં આવીને ત્યાં જ તપશ્ચર્યારત રહ્યા હોય તેવા સંતપુરુષ છે.

સ્વામી શ્રી તપોવનજી મહારાજનો જન્મ કેરલના એક સમુદ્રવર્તી પ્રાંતમાં થયો હતો. તેમના પિતા એક જમીનદાર હતા. સ્વામીજીનું જન્મનું નામ 'સુબ્રહ્મણ્યમ્' હતું. ચિત્તમાં જન્મજન્મના સંસ્કારો હોય છે. આ સંસ્કારો યોગ્ય સમયે જાગ્રત થાય છે. શ્રી સુબ્રહ્મણ્યની ચેતનામાં રહેલા અધ્યાત્મ, વૈરાગ્ય, જ્ઞાન આદિના સંસ્કારો જાગ્રત થયા અને મન સાંસારિક વિષયોમાંથી નાની વયથી જ ઉપરત થઈ ગયું. આત્મપંખી વૈરાગ્ય ધારણ કરી જ્ઞાનગગનમાં વિહરણ કરવા માટે ઉદ્યત થયું.

એક દિવસ શ્રી સુબ્રહ્મણ્યજી ગૃહત્યાગ કરીને નીકળી પડ્યા. ભારતમાં એવી પરંપરા રહી છે કે અધ્યાત્મજિજ્ઞાસુઓના ચરણોની ગતિ હિમાલય તરફ થાય છે. તદ્‌નુસાર શ્રી સુબ્રહ્મણ્યજી પણ ઉત્તર તરફ અગ્રસર થયા. કેરલથી નીકળીને નર્મદાતટ સુધી પહોંચ્યા.

અહીં શ્રી સુબ્રહ્મણ્યજીએ નર્મદાના પવિત્ર જળમાં અવગાહન કર્યું. સૂર્યને સાક્ષી બનાવીને જાતે જ સંન્યાસ ગ્રહણ કર્યો. સંન્યાસ ધારણ કરવાની આ પણ એક વિધિ છે, જેને 'આલસન્યા' કહેવામાં આવે છે. તદ્‌નુસાર જિજ્ઞાસુ સૂર્યને કોઈ ઈષ્ટદેવને સાક્ષી બનાવીને સંન્યાસ ધારણ કરી શકે. શ્રી રમણ મહર્ષિએ આ રીતે સંન્યાસ ધારણ કર્યો હતો. આ રીતે સંન્યાસ ધારણ કરીને શ્રી સુબ્રહ્મણ્યજી હવે સ્વામી શ્રી તપોવનજી મહારાજ બને છે.

નર્મદાતીરેથી સ્વામીજી ઋષિકેશ આવે છે અને ત્યાં સાધનારત બને છે. અહીં સ્વામીજી ભરપૂર સત્સંગ, સ્વાધ્યાય અને વેદાંત ચિંતન પામ્યા. તપોવનજી મહારાજે કોઈ એક ગુરુ પાસે સંન્યાસ ધારણ કર્યો નથી, પરંતુ તેઓ જિજ્ઞાસાવૃત્તિથી અનેક ગુરુ પાસેથી અપરંપાર પામ્યા છે. અહીં ઋષિકેશમાં અનેક વિદ્વાન અને સાધનરત સાધુઓ વસે છે. અધ્યાત્મની યથાર્થ સમજ અને વેદાંતનું યથાર્થ જ્ઞાન સ્વામીજી અહીં પામે છે. અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, મલયાલમ્ આદિ ભાષાઓ પર સ્વામીજીનું સારું પ્રભુત્વ હતું. આ ભાષા જ્ઞાને તેમને તેમના સ્વાધ્યાયમાં ખૂબ મદદ કરી છે.

ઋષિકેશથી સ્વામીજી ઉત્તરકાશી જાય છે અને ઉત્તરકાશીના ઉજ્જૈલી વિસ્તારમાં ગંગાકિનારે કુટિયા બનાવીને રહેવા લાગ્યા. અહીંથી સ્વામીજી ગંગોત્રી, ગોમુખ, તપોવન આદિ સ્થાનોમાં વિહરણ કરતા રહે છે. સ્વામીજીએ કૈલાસ-માન સરોવરની યાત્રા પણ કરી છે.

સ્વામીજીએ હિમાલયની અપરંપાર યાત્રાઓ કરી છે. સ્વામીજીએ પોતાની હિમાલય યાત્રાઓ વિશે એક ખૂબ સુંદર પુસ્તક પણ લખ્યું છે-'હિમગિરિ વિહાર-Wandering in Himalayas'

**સ્વામી ચિન્મયાનંદજી હિમાલય છોડીને નીચે આવ્યા અને ચિન્મય મિશનની સ્થાપના થઈ.**

ઉત્તરકાશીના ઉજ્જૈલી વિસ્તારની સ્વામીજીની કુટિયાને 'તપોવન કુટી' નામ મળ્યું. આજે પણ આ કુટિયા ઉજ્જૈલી (ઉત્તરકાશી)માં ચિન્મય મિશનની બાજુમાં જ ઉપસ્થિત છે. આ કુટિયા યથાવત્ સુરક્ષિત જાળવી રાખી છે.

આ તપોવન કુટિરમાં ખૂબ સ્વાધ્યાય, સત્સંગ, અધ્યયન, વ્યાખ્યાન અને સાધના થઈ છે. આ કુટિયા આજે તીર્થ બની ગયેલ છે.

ઉત્તરકાશીની જેમ હવે સ્વામીજી ગંગોત્રીમાં પણ રહેવા લાગ્યા. અને ગંગોત્રીમાં પણ તેમણે લાકડાની નાની કુટિયા બનાવી. આજ સુધી આ કુટિયા અવસ્થિત અને આ કુટિયા પણ 'તપોવન કુટી' તરીકે જ ઓળખાય છે.

આમ તો સ્વામીજી કોઈ શિષ્ય બનાવતા નહિ, આમ છતાં બે સંન્યાસીઓને સ્વામી તપોવનજીના શિષ્ય બનવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે–સ્વામી ચિન્મયાનંદજી અને સ્વામી સુંદરાનંદજી.

સ્વામી ચિન્મયાનંદજી વસ્તુતઃ સ્વામી શિવાનંદજીના દીક્ષિત શિષ્ય હતા. સ્વામી શિવાનંદજી મહારાજે તેમને વેદાંત શિક્ષણ માટે સ્વામી તપોવનજી મહારાજ પાસે મોકલ્યા હતા. આમ સ્વામી ચિન્મયાનંદજી સ્વામી તપોવનજી મહારાજ પાસે વેદાંતનું શિક્ષણ પામ્યા અને તદ્નુસાર સ્વામી તપોવનજી મહારાજના શિષ્ય પણ બન્યા.

સ્વામી ચિન્મયાનંદજીનું વેદાંતનું શિક્ષણ પૂરું થયું ત્યારે સ્વામી તપોવનજી મહારાજને કહ્યું-

'ગુરુદેવ! હવે હું આ વેદાંતના શિક્ષણ, પ્રસાર માટે હિમાલય છોડીને ભારતના અન્ય વિસ્તારમાં જવા ઈચ્છું છું.'

તે વખતે કાંઈક નારાજ થઈને સ્વામી તપોવનજી મહારાજે સ્વામી તિન્મયાનંદજીને કહ્યું-

'તારું કનિષ્ઠ પ્રારબ્ધ છે કે તારે હિમાલય છોડીને અન્યત્ર જવાનું થાય છે અને વળી તારું એ પણ કનિષ્ઠ પ્રારબ્ધ છે કે અધ્યાત્મ સાધન છોડીને તને વેદાંતશિક્ષણ-પ્રસાર કરવાનો વિચાર આવ્યો છે.'

પણ આખરે તો થવાનું હતું તે જ થયું. સ્વામી ચિન્મયાનંદજી હિમાલય છોડીને નીચે આવ્યા અને ચિન્મય મિશનની સ્થાપના થઈ. વેદાંતના શિક્ષણ-પ્રસારનું ઘણું સારું કામ તેમણે કર્યુ છે.

સ્વામી તપોવનજી મહારાજના બીજા શિષ્ય સુંદરાનંદજી જીવનભર સ્વામીજી સાથે જ રહ્યા. સ્વામીજીની તેમણે ખૂબ સેવા કરી છે. સુંદરાનંદજી મોટા પર્વતખેડૂ અને ઊચ્ચ કોટિના ફોટોગ્રાફર છે.

સ્વામી તપોવનજી મહારાજ વેદાંતના પ્રકાંડ પંડિત અને સર્વમાન્ય સંત પુરુષ ગણાયા છે. હિમાલયના સાધુસંતોમાં તેમની ગણના પ્રથમ કોટિમાં થાય છે. સ્વામીજીનો એક સંસ્કૃત ગ્રંથ 'ईश्वर दर्शनम्' ગણમાન્ય બન્યો છે અને ખૂબ પ્રશંસા પામ્યો છે.

સ્વામીજીના આ દ્વિતીય શિષ્ય સુંદરાનંદજી સ્વામીજી પાસે કેવી રીતે પહોંચે છે, તે કથા પણ જાણવા જેવી છે.

સ્વામી સુંદરાનંદજી ઋષિકેશમાં રહેતા હતા. અહીં ઋષિકેશમાં તેમને સ્વામી તપોવનજી મહારાજ વિશે જાણકારી મળી. તેમણે તપોવનજી મહારાજના ત્યાગ, તપ, જ્ઞાન, વૈરાગ્ય, વિદ્વતા આદિ ઉમદા તત્ત્વો વિશે સાંભળ્યું. અહીં સ્વામી સુંદરાનંદજીના હૃદયમાં સ્વામી તપોવનજી મહારાજને મળવાની, તેમના દર્શન પામવાની તીવ્ર ઈચ્છા જન્મી.

સ્વામી તપોવનજી મહારાજ તે દિવસોમાં ઉત્તરકાશીમાં રહેતા હતા. ઋષિકેશથી સ્વામી સુંદરાનંદજીએ પગપાળા જ ઉત્તરકાશી તરફ પ્રયાણ કર્યું. સ્વામી સુંદરાનંદજીએ ઉત્તરકાશી પહોંચીને સ્વામી તપોવનજી મહારાજની કુટિયા શોધી કાઢી. તેઓ તપોવનજી મહારાજની કુટિયા પર પહોંચ્યા ત્યારે તપોવનજી કુટિયાની બહાર સૂર્યતાપનું સેવન કરતા બેઠા હતા. સુંદરાનંદજીએ તપોવનજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. શાંતિથી આસન ગ્રહણ કર્યું.

તપોવનજીએ પૂછ્યું-'ક્યાંથી આવો છો?' તે દિવસોમાં સુંદરાનંદજી મૌન પાળતા હતા. તેમણે જમીન પર આંગળીથી લખ્યું:

'ઋષિકેશ.'

સુંદરાનંદજી તપોવનજીને જોતા જ રહી ગયા.

તેઓ તપોવનજીની ભવ્ય પ્રતિભાથી પ્રભાવિત થયા. તેમની વિશાળ આંખો અને સુદૃઢ શરીર જોઈને સુંદરાનંદજી પ્રસન્ન થઈ ગયા.

સ્વામી તપોવનજી સુંદરાનંદજીને જોઈને સમજી ગયા કે આ યુવાન સાધુ ખૂબ દેહ દમન કરે છે. તપોવનજી મહારાજે તેમને સમજાવ્યું-

'બેટા! તું હજું બાળક છે. આ પ્રકારનું દેહદમન તને ક્યાંય પહોંચાડશે નહિ. પરમાત્માને પામવાનો આ માર્ગ નથી.'

સ્વામી સુંદરાનંદજી દરરોજ તપોવનજી મહારાજ પાસે જતા અને મૌનભાવે બેસતાં.

બીજી દિવસે તપોવનજી ઉત્તરકાશીથી ગંગોત્રી ગયા. સુંદરાનંદજી માટે તપોવનજીનો વિયોગ અસહ્ય થઈ પડ્યો. તેઓ પણ ઉત્તરકાશી પહોંચ્યા. સુંદરાનંદજી તપોવનજીના ચરણોમાં પડી ગયા. તપોવનજી સુંદરાનંદજી જોઈને પ્રસન્ન થઈ ગયા.

તપોવનજી મહારાજ પોતાની કુટિર પર કેટલાક સાધુઓને વેદનું શિક્ષણ આપતા. સુંદરાનંદજી પણ તેમાં જોડાયા.

થોડા દિવસો પછી સ્વામી તપોવનજી મહારાજે સુંદરાનંદજીને પોતાની કુટિર પર જ રહેવા બોલાવી લીધા. આ ઘટના ઈ. સ. ૧૯૪૮માં બની. ત્યારથી આજ સુધી સુંદરાનંદજી તે જ તપોવન કુટીમાં રહે છે.

**'સુંદરાનંદ ! તારી સેવાનું ઋણ હું ચૂકવી શકું તેમ નથી. મારા તને આશીર્વાદ છે-તને જીવનમાં કોઈ વસ્તુની ખેંચ નહિ પડે.'**

સ્વામી તપોવનજી મહારાજ હિમાલયના એક સન્માનનીય પુરુષ ગણાય છે. સ્વામીજી ગંગોત્રીમાં પહેલી વાર ઈ. સ. ૧૯૧૮માં આવ્યા. તેમણે ત્યારે ગંગાને કિનારે ગૌરીકુંડની સામે જ પોતાના નિવાસ માટે જે કુટિર બનાવી તે જ આ તપોવન કુટિર છે, જેમાં આજે પણ સુંદરાનંદજી રહે છે. પ્રારંભમાં સ્વામીજી શિયાળાના છ માસ ઉત્તરકાશીમાં અને બીજા છ મહિના ગંગોત્રીમાં નિવાસ કરીને સાધનરત રહેતા. પછી તેમણે બારેય માસ શિયાળામાં પણ ગંગોત્રીમાં રહેવાનો પ્રારંભ કર્યો. તપોવનજી ગંગોત્રીમાં બારેય માસ વસનાર પ્રથમ પુરુષ છે.

સ્વામીજીએ ખૂબ ટાંચા સાધનો સાથે હિમાલયના દુર્ગમ ગણાય તેવા અનેક તીર્થ-સ્થાનોની યાત્રા કરી છે. ઉત્તરાખંડ, કૈલાસ-માનસરોવર, હિમાચલ પ્રદેશ, લડાખ, કાશ્મીર આદિ પ્રદેશોના બરફીલા વિસ્તારોમાં સ્વામીજી વર્ષો સુધી વિહર્યા છે. તેને પરિણામે જ આપણને Wandering in Himalayans (હિમગિરિ વિહાર) મળ્યું છે.

એક વાર સ્વામી તપોવનજી ઉત્તરકાશીમાં હતા અને સુંદરાનંદજી ગંગોત્રીમાં હતા. સુંદરાનંદજીને જાણ થઈ કે ગુરુ મહારાજ ઉત્તરકાશીમાં બીમાર છે. આ જાણીને સ્વામી સુંદરાનંદજી ઉત્તરકાશી તરફ ચાલવા જ માંડ્યા. ઉત્તરકાશી આવીને તેમણે ગુરુ મહારાજની ખૂબ સેવા કરી.

એક વાર સુંદરાનંદજી ગુરુ મહારાજ માટે દવા વાટી રહ્યા હતા અને સાથે સાથે મહામૃત્યુંજય મંત્રનો જપ પણ કરી રહ્યા હતા. ગુરુ મહારાજે પૂછ્યું-

'શું કરે છે ?'

'દવા તૈયાર કરું છું.'

'પણ સાથે શું કરે છે ?'

'મહામૃત્યુંજય મંત્રનો જપ કરું છું.'

'તો દવાની જરૂર નથી. માત્ર મંત્ર જ પર્યાપ્ત છે !'

ગુરુ-મહારાજની આવી આજ્ઞા સાંભળીને સુંદરાનંદજીએ દવા બાજુમાં મૂકી દીધી અને મંત્રજપ ચાલુ રાખ્યો. થોડા વખતમાં જ સ્વામીજીનું સ્વાસ્થ્ય સારું થઈ ગયું.

દેહાવસાન પહેલાં ગુરુ મહારાજે પોતાના પ્રિય શિષ્યની અનવરત સેવાથી પ્રસન્ન થઈને કહ્યું-

'સુંદરાનંદ ! તારી સેવાનું ઋણ હું ચૂકવી શકું તેમ નથી. મારા તને આશીર્વાદ છે-તને જીવનમાં કોઈ વસ્તુની ખેંચ નહિ પડે.'

સ્વામી તપોવનજી મહારાજની પ્રેરણા અને પ્રોત્સાહનથી સુંદરાનંદજી જબરા પર્વતખેડૂ અને ઉત્તમ કોટિના ફોટોગ્રાફર બની શક્યા છે.

ગોમુખથી ઉપર ગંગોત્રી હિમનદીની બાજુમાં એક વિશાળ મેદાન છે. આ મેદાનની આજુબાજુ અનેક હિમનદીઓ અને ઉત્તુંગ હિમશિખરો છે. આ વિસ્તારમાં અનેક ગુફાઓ પણ છે. આ મેદાનને તપોવનજી મહારાજના નામ પરથી 'તપોવન' નામ આપવામાં આવેલ છે. આ નામકરણ પાછળ એક ખૂબ રસિક ઇતિહાસ છે.

ભારતના ગવર્નર જનરલ તરીકે લોર્ડ કર્ઝન હતા ત્યારે તેમના આદેશથી હિમાલયનું વ્યવસ્થિત અને વ્યાપક પાયા પર સર્વેક્ષણ થયું. લોર્ડ કર્ઝન પોતે હિમાલયના રસિયા હતા. કુમાઉ અને ગઢવાલને સીમાડે 'ઘાટ' નામનું સ્થાન છે અને જોષીમઠ પાસે 'ઔલી' નામનું સ્થાન છે. આ ઘાટથી કુમારી પાસ થઈને ઔલી સુધીનો એક પગદંડી માર્ગ છે. તે સમયે લોર્ડ કર્ઝને ઘાટથી ઔલી સુધી પગપાળા યાત્રા કરી હતી. આજ સુધી આ માર્ગને લોર્ડ કર્ઝન ટ્રેક કહેવામાં આવે છે.

હિમાલય સર્વેક્ષણના મહાન કાર્ય દરમિયાન સ્વામી તપોવનજી મહારાજે આ કાર્યમાં ઘણી સહાયતા કરી હતી. સ્વામીજીએ હિમાલયના અનેક દુર્ગમ સ્થાનોની વ્યાપક પ્રમાણમાં યાત્રાઓ કરી હતી. આ ઉપરાંત સ્વામીજીએ સ્કંદપુરાણ, કે જે પ્રાચીન ભારતનો પ્રમાણભૂત યાત્રાગ્રંથ છે, તેનો અને અન્ય પુરાણોનો ઊંડાણથી અભ્યાસ કર્યો હતો. આ બંનેને આધારે સ્વામીજીએ તત્કાલીન સર્વેક્ષણ અધિકારીઓને ઘણું માર્ગદર્શન આપ્યું. ઘણી મદદ કરી. ખાસ કરીને નદીઓ, હિમનદીઓ, પર્વતશિખરો, મેદાનો આદિના નામકરણમાં ઘણી સહાય કરી. તેમની આ સહાયથી પ્રસન્ન થઈને સર્વેક્ષણ અધિકારીઓએ આ મેદાનને 'તપોવન' એવું નામ આપ્યું છે. આ મેદાન આજ પર્યંત આ જ નામે ઓળખાય છે. આ રીતે અંગ્રેજ સર્વેક્ષણ અધિકારીઓએ સ્વામી તપોવનજી મહારાજના ઋણનો ઉદારતાપૂર્વક સ્વીકાર કર્યો છે. સ્વામી તપોવનજી તપશ્ચર્યા માટે આ મેદાનની ગુફાઓમાં રહ્યા હતા, તે પણ હકીકત છે. આ નામકરણમાં આ હકીકતની પણ નોંધ લેવામાં આવેલ છે.

ઈ. સ. ૧૯૫૭માં સ્વામી શ્રી તપોવનજી મહારાજ બ્રહ્મલીન થયા. તેમની પ્રગાઢ તપશ્ચર્યાની સાક્ષી તેમની આ બંને તપોવન-કુટી આજ પણ યથાવત્ અવસ્થિત છે. ગંગોત્રીની તપોવન કુટીમાં અદ્યાપી પર્યંત સ્વામી સુંદરાનંદજી રહે છે. સ્વામીજી તપોવન-કુટીને સંભાળે છે અને તપોવન કુટી સ્વામીજીને સંભાળે છે, અને ભગવાન બંનેને સંભાળે છે !

✷ ✷ ✷

C/o રમેશભાઈ ગામી, અક્ષરધામ ઍપાર્ટમેન્ટ, બ્લૉક નં. ૧૮,
૫મે પાળે, રેવપર રોડ, મોરબી-૩૬૩૬૪૧. ફોન : ૦૨૮૨૨-૨૯૨૬૮૮.
મો. નં.: ૯૩૭૪૪૧૬૬૧૦/ ૦૯૮૭૯૫૪૪૧૩૩.

# જૈન ધર્મ વિષેનાં અનધિકૃત વિધાનો પ્રત્યે અંગુલિ નિર્દેશ

❑ વિજયશીલચન્દ્રસૂરિ

હમણાં એક મજાનું પુસ્તક જોવામાં આવ્યું: 'મહામાનવ શ્રીકૃષ્ણ.' લેખકો છે–જ્યોત્સના તન્ના અને નગીનદાસ સંઘવી. પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણને મહામાનવ તરીકે વર્ણવતા આ પુસ્તકમાં શ્રીકૃષ્ણના પૌરાણિક ચરિત્રનું સંકલનાત્મક નિરૂપણ તથા સંશોધનાત્મક વિશ્લેષણ આમાં થયું છે. અતિરંજિત અથવા ચમત્કારપૂર્ણ ગણાયેલી ઘટનાઓને માનવીય સંદર્ભમાં આલેખવી એ લેખકોનો મુખ્ય હેતુ હોય એમ જણાય છે.

આમાં, વિવિધ પુરાણો, મહાભારત, ભાગવત વગેરે ગ્રંથોમાં મળતા શ્રીકૃષ્ણના ચરિત્રાંશોના અંકોડા મેળવવા અને જ્યાં જે ગોટાળા જણાય તેનું નિરાકરણ શોધવું, એવું, સંશોધનના દરજ્જાનું કામ પણ લેખકોએ કર્યું જણાય છે. એકંદરે, કૃષ્ણને દેવ કે દૈવી, ઈશ્વરીય વિભૂતિ નહિ, પણ મનુષ્ય તરીકે સ્વીકારવા એવો અભિગમ જોવા મળે છે.

બ્રાહ્મણ ધર્મને માન્ય એવા ગ્રંથો ઉપરાંત, અન્યાન્ય પ્રચલિત પરંપરાઓના તેમજ જૈન અને બૌદ્ધ ધર્મોના ગ્રંથોમાં ઉપલબ્ધ કૃષ્ણ-પ્રસંગો વિષે પણ લેખકોએ, ભલે અછડતું જ, પણ ટિપ્પણ કર્યું છે. તેમાં જૈન ધર્મને અંગે જે થોડું લખ્યું છે તે વાંચતાં જ ખ્યાલ આવી જાય કે લેખકો જૈન ધર્મ, તેની પરિભાષા ઈત્યાદિથી સાવ અનભિજ્ઞ છે; અને તેમણે તે બધું લખતાં પહેલાં, જૈન ધર્મના કોઈ જાણકારનો સંપર્ક પણ નથી કર્યો કે નથી કોઈ અધિકૃત માણસ પાસે તે વિષે જાણકારી મેળવવાની તસ્દી લીધી. અથવા કોઈની મદદ લીધી પણ હશે તો કાં તો તે અનધિકૃત વ્યક્તિ હશે, કાં લેખકો બરાબર સમજ્યા નહિ હોય, એમ પણ માની શકાય.

એ જે હોય તે. પણ જૈન ધર્મ વિષે જે થોડાં વાક્યો લખાયાં છે તે હકીકત-દોષોથી તથા ગેરસમજણથી છવાયેલાં છે, અને જૈનો માટે વિચિત્ર ભાવના પેદા કરે તેવા છે. આના ઉપરથી કોઈ એવી શંકા વ્યક્ત કરે કે પુરાણો અને મહાભારતની વાતો વિષે પણ લેખકોએ આવું જ કર્યું હશે; તો તેવી શંકા કરનારનો દોષ ન નીકળી શકે. જો આ પુસ્તક સંશોધનાત્મક હોવાનો દાવો હોય તો, લેખકોની જવાબદારી ઘણી વધી જાય છે, એ મુદ્દો પણ નકારી નહિ શકાય.

જૈન ધર્મ વિષે લેખકોએ જે વાતો લખી છે તે પહેલાં નોંધું છું, અને તે પછી તે અંગે સ્પષ્ટતા પણ નોંધીશ.

'જૈનો બળરામને સમુદ્રવિજય નામ આપે છે અને જરાસંધને કૃષ્ણનો મિત્ર લેખાવે છે. સૂર્યપુરના રાજવી વસુદેવનો પુત્ર કૃષ્ણ અરિષ્ટનેમીનો સમકાલીન અને ભક્ત કહેવાયો છે. તેનો ગર્વ ઉતારવા માટે અરિષ્ટનેમીએ માત્ર નાકના શ્વાસથી પાંચજન્ય શંખ વગાડ્યો અને ટચલી આંગળીથી તેનું શારંગધર ધનુષ્ય તોડી નાખ્યાની કથામાં બાલિશતા અને છીછરાપણું બંને હોવાથી આ પરંપરા પાછળના હિંદુ-જૈન વચ્ચેના વિદ્વેષી જમાનામાં પ્રગટી હોવાનો સંભવ વધારે છે. x x x રાજીમતી જોડે ગોઠવાયેલા પોતાના લગ્ન સમારંભ પ્રસંગે જમણવાર માટે આણવામાં આવેલા પશુઓની હત્યા ટાળવા કૃષ્ણ લગ્નમંડપ છોડી દઈને મુનિ થઈ ગયાનું કહેવાય છે.'

(મહામાનવ શ્રીકૃષ્ણ, પૃ. ૩૯૬)

હવે ઉપરોક્ત વિધાનોમાંના વિગતદોષો તપાસીએ: ૧. સમુદ્રવિજય એ બળરામના કાકા છે; વસુદેવના મોટાભાઈ. ૨. જરાસંધ એ કૃષ્ણનો શત્રુ છે, જેના ત્રાસને કારણે યાદવોએ સ્થળાંતર કરવું પડેલું. એ મિત્ર કેમ હોય? જૈન પરંપરાનુસાર કૃષ્ણ 'વાસુદેવ' છે અને જરાસંધ પ્રતિવાસુદેવ. ૩. સૂર્યપુર નહિ, શૌરિપુર. ૪. કૃષ્ણ અરિષ્ટનેમિના ભાઈ છે, પિતરાઈ ભાઈ, વડીલ ભાઈ. ૫. શંખ નાકથી કે શ્વાસથી નહિ, પણ મોં વડે ફૂંકીને વગાડેલો છે અને ધનુષ્ય ટચલી આંગળીએ તોડ્યું નથી, પણ હાથ વડે ફક્ત ઉપાડીને પણછ ચડાવી છે. ૬. ધનુષ્યનું નામ શાર્ઙ્ગ-સારંગ છે; 'શારંગધર' એ તો કૃષ્ણનું નામ છે. ૭. રાજીમતીની જોડે નેમિના વિવાહ યોજાયેલા, કૃષ્ણના નહિ. કૃષ્ણે તો તે વિવાહ ગોઠવી આપેલા. અને લગ્નમંડપ છોડીને અરિષ્ટનેમિ પાછા વળેલા ને મુનિ બન્યા હતા, કૃષ્ણ નહિ.

આમ જોઈ શકાય છે કે લેખકો મૂળ કથાને સ્પષ્ટ સમજ્યા જ નથી; તે સિવાય આવા વિગતદોષો ન થાય. અને જો આવું જ હોય તો આ 'કથામાં બાલિશતા અને છીછરાપણું હોવા'નો તેમજ 'તે જૈન હિંદુના વિદ્વેષી જમાનામાં પ્રગટી હોવા'નો આક્ષેપ લેખકો કેવી રીતે કરી શક્યા હશે? અથવા એવા ગલત આક્ષેપોમાં વજૂદ કેટલું ગણાય?

દરેક ધર્મપંથને પોતાની આગવી પરંપરાઓ હોય છે. તો દરેક કથાની પણ પોતાની એક પરંપરા હોય છે. દરેક પંથ તે તે કથાને પોતપોતાની વિચારધારાને તથા માન્યતાને અનુકૂળ આવે તેમ વાળતો હોય છે, બલ્કે વાળી શકે છે. એમાં બે સંપ્રદાયોની કથા કોઈ બાબતે જુદી પડતી હોય તો તેનો અર્થ તે બન્ને વચ્ચે વિદ્વેષ હતો તેવી કલ્પના કરવી કે તે સ્વમાન્યતાથી જુદી પડતી કથા બાલિશ અને છીછરી ગણવાની હદે જવું, તે તો લેખકોની જ અજ્ઞતામૂલક બાલિશતા હોવાનું કોઈ જણાવી શકે.

આ પછી, પૃ. ૩૯૭ પરના છેલ્લા ફકરામાં લેખકો બૌદ્ધની સાથે જૈન પરંપરાને પણ 'ઢંગધડા વગરની' લેખાવે છે, એ પણ ભારે કૌતુક ઉપજાવે તેવું વિધાન છે. ન સમજાય તે બધું ઢંગધડા વગરનું જ – આવા સમીકરણને સ્વીકારીને ચાલતા આ લેખકોને એટલી જ ભલામણ કરીશ કે અધિકૃતતા સિવાયના વિધાનો કરવાનો લોભ ટાળવાયોગ્ય છે. અસ્તુ.

✷ ✷ ✷

અતુલ કાપડિયા, એ/૯, જાગૃતિ ફ્લેટ્સ, પાલડી-અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૯૮૧.

# ગુરુ ભગવંતોનો ભોગ લેતા ગોઝારા અકસ્માતો

☐ હિંમતલાલ શાંતિલાલ ગાંધી

છેલ્લા કેટલાક વર્ષોમાં હાય-વે ઉપર થતા અકસ્માતોમાં આપણા પૂજ્ય ગુરુ ભગવંતો–સાધુ-સાધ્વીઓની અમૂલ્ય જીંદગીઓનો ભોગ લેવાઈ રહ્યો છે. આવા ગોઝારા અકસ્માતોનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે. જિન-શાસનના અતિ મહત્ત્વના અંગ એવા પૂ. ગુરુ ભગવંતોની રક્ષા અંગેનો ખૂબ જ ગંભીર પ્રશ્ન ઊભો થયો છે, જે અંગે વિના વિલંબે જૈન સંઘો તથા શ્રેષ્ઠિઓએ કાયમી ધોરણે નિરાકરણની યોજનાઓ વિચારવી તથા અમલમાં મૂકવી એ જિન-શાસનનું સૌથી અગ્રક્રમ ધરાવતું કાર્ય બની ગયેલ છે.

સૌ પ્રથમ તો હાય-વે ઉપર થતા અકસ્માતોનું પ્રમાણ કેમ વધી રહ્યું છે, તથા તેમાં જૈન સાધુ-સાધ્વીનો જ ભોગ કેમ લેવાય છે, તે અંગે શાંત અને ચિત્તે મનોમંથન કરવાની તથા તે અંગેના કારણોનો વ્યવસ્થિત ઊંડો અભ્યાસ તથા ઊંડી તપાસ કરવાની તાત્કાલિક ખાસ જરૂર છે.

સર્વ સામાન્ય પ્રશ્ન એ ઉભો થાય છે કે હાય-વે ઉપર થતા આપણા સાધુ ભગવંતોના ગોઝારા અકસ્માતો એ અન્ય અકસ્માતોની જેમ અકસ્માતો જ છે કે પછી પૂર્વ-યોજીત હુમલા છે?

(૧) જો એ અન્ય અકસ્માતોની જેમ અકસ્માતો જ હોય તો ભોગ બનતા સાધુ ભગવંતોને બચાવવા શું કરવું જોઈએ? (૨) જો એ પૂર્વ-યોજીત હત્યા કરવાના ઉદ્દેશથી કરવામાં કે કરાવવામાં આવતા હુમલા હોય તો તેનો ભોગ બનતા પૂ. સાધુ ભગવંતોની રક્ષા કરવા શું વ્યવસ્થા કરવી જોઈએ?

ઉપર જણાવેલ બન્ને શક્યતાઓ અને તેના નિરાકરણ અંગે સઘન કાર્યવાહી તથા યોજનાઓ કરતી વખતે હાલની પરિસ્થિતિને પણ નજર અંદાજ કરી ન શકાય.

(૧) હાય-વે ઉપર વાહન વ્યવહાર તથા તેની ઝડપ દિવસે દિવસે વધી રહ્યા છે. હાય-વે પર ચલાવાતા વાહનોની ઝડપ કલાકની ૮૦ થી ૧૦૦ કિ.મી. એ સામાન્ય હકીકત છે. આટલી સ્પીડના કારણે થનાર અકસ્માતોમાં જાન-હાનીનું પ્રમાણ તો ઉંચું જ રહેવાનું છે. જેમાં વાહનોના અકસ્માત વગર કદાચ જ કોઈ દિવસ ખાલી જતો હશે, જેમાં મોટી જાનહાની થતી જ હોય છે. અકસ્માતો થવાના કારણોમાં (a) બેદરકારી ભર્યું રેશ ડ્રાઈવીંગ (b) નશીલા દ્રવ્યો કે દારૂ પીને વાહન ચલાવતા ડ્રાયવરો (c) પુરતા આરામ કે ઉંઘ ન મળી હોય છતાં મજબૂરીથી વાહન ચલાવતા ડ્રાયવરો (d) જૂના ડીફેક્ટવાળા વાહનો, વિગેરે મુખ્ય ભાગ ભજવતા હોય છે, તે હકીકત પણ સ્વીકારવી પડે.

(૨) એ પણ સમજવું જરૂરી છે કે હાય-વે મુખ્યત્વે વાહન-વ્યવહાર માટે જ બનાવેલ હોય છે, પદયાત્રીઓ માટે નહીં. અને એટલે જ હાય-વે ઉપર પગપાળા ચાલતા લોકો માટે કોઈ જ વ્યવસ્થા હોતી નથી. મોટા ભાગના હાય-વે ઉપર તો ક્રોસીંગ પણ હોતા નથી અને વચ્ચે આવતા ગામના વાહનો માટે પણ અલાયદા સર્વિસ રોડ હોય છે.

(૩) જૈન સાધુઓ સિવાય લગભગ અન્ય કોઈપણ ધર્મના સંતો કે ગુરુઓ પગે ચાલીને વિહાર કરતા નથી. તેઓ વાહનોનો ઉપયોગ કરે છે. એટલે જૈન સાધુઓની જેમ અકસ્માતોનો ભોગ બનવાનું અન્યોમાં લગભગ બનતું જ નથી. કદાચ તેઓ પદયાત્રા કરતા હોય તો પણ તેઓ હાય-વેનો ઉપયોગ ન કરતાં અન્ય રસ્તાઓનો ઉપયોગ કરતા હોય છે.

અગાઉ જણાવેલ અકસ્માત અંગેની પહેલી શક્યતા અંગે વિચારીએ તો તેમાં, ઉપર જણાવેલ પરિસ્થિતિ મુજબ જો આપણે આપણાં ગુરુ-ભગવંતોની અમૂલ્ય જીંદગી બચાવવી હોય તો સૌથી સરળ રસ્તો હાય-વે ઉપરના વિહાર સદંતર બંધ કરી દેવા જોઈએ. આમ કરવામાં બે મુખ્ય મુશ્કેલી પડી શકે. (૧) નાના ગામડાંઓમાં જૈન પરિવારો રહ્યા નથી. એટલે (૨) ગુરુ ભગવંતોની ગોચરી તેમજ રાત્રી રોકાણની સગવડ નથી. જેનું નિરાકરણ થઈ શકે અને લાંબા ગાળે તે વધારે ફાયદેમંદ તેમજ ઉપયોગી અને આવકાર દાયક થઈ શકે.

વિહારના રસ્તાના ગામોમાં જ્યાં જૈન પરિવાર હોય ત્યાં સાધુ ભગવંતો માટે ઉપાશ્રયો તથા ગોચરી-વૈયાવચ્ચ માટેની કાયમી વ્યવસ્થાઓ ઉભી કરવી અને જરૂરીયાત મુજબ જૈન પરિવારના નિભાવની કે ધંધા રોજગારની વ્યવસ્થા કરવી. જ્યાં કોઈપણ જૈન પરિવાર ન હોય ત્યાં થોડાં જૈન પરિવારોને વસાવવા, તેમના નિભાવ તથા ધંધા રોજગારની વ્યવસ્થા કરવી અને સાધુ-ભગવંતો માટે ઉપાશ્રયો ઉભા કરવા. આમ કરવાથી નાના નાના ગામના લોકો ધર્મ પામી શકશે અને સાધુ ભગવંતોને અકસ્માતમાંથી બચાવી શકાશે. આ અંગેનો ખર્ચ ચોક્કસ જ આજે હાય-વે ઉપર જે અદ્યતન સગવડતાયુક્ત વિહારધામોના નામે થ્રી સ્ટાર સગવડોવાળા રિસોર્ટ જેવા સ્થળો કરતાં તો ઓછો જ આવશે.

આજથી ૮૨ વર્ષ પહેલાં, ૧૯૩૨માં વિદ્વાન મુનિશ્રી ચારિત્ર વિજયજી મહારાજ સાહેબે આપેલા વ્યાખ્યાનો જે પુસ્તકરૂપે પ્રકાશિત થયા છે, જેમાંથી સાધુઓને ઉદ્દેશીને કરેલ બે વાત–જે આજના સંદર્ભમાં પણ મહત્ત્વની છે :

'(૧) તમારી જડવાદી પદ્ધતિને કારણે હજારો જૈનોએ સ્વામીનારાયણ સંપ્રદાય સ્વીકારી લીધો છે. તમે ચેતો. તમારું થોડું પણ માન છે એ તમારા પૂર્વજોના પરાક્રમથી છે.

(૨) પ્રથમ શ્રાવકોદ્ધાર કરો, પછી જ્ઞાનોદ્ધાર કરો અને પછી

દેરાસરોનો જીર્ણોદ્ધાર કરો.'

છેલ્લા કેટલાક વર્ષો પહેલાં સ્થપાયેલ સ્વામીનારાયણ સંપ્રદાયના પરિવારોની સંખ્યા ગુણાકારમાં વધી રહી છે. અને જૈન પરિવારોની સંખ્યા દિવસે દિવસે ઘટતી જાય છે, તેનાં કારણોમાં ઉંડું મંથન કરીને યોગ્ય જરૂરી કાર્યો યુદ્ધના ધોરણે કરવા જરૂરી છે– જેમાં ગ્રામ્ય વિસ્તારના વિહારની વ્યવસ્થા પણ ઉપયોગી થઈ શકશે. અગમબુદ્ધિ વાણીયા–જૈન શ્રેષ્ઠિઓ આ અંગે જરૂર વિચારીને યોગ્ય કાર્યવાહી કરશે તેવી અપેક્ષા અસ્થાને તો નથી.

થઈ રહેલા અકસ્માતો અંગેની બીજી શક્યતા–હત્યા માટે પૂર્વ યોજીત હુમલા અંગે પણ વિચારીએ.

આજથી થોડા વર્ષો પૂર્વે સાધુ ભગવંતો ઉપર થતા હુમલા અને અકસ્માતોનું પ્રમાણ વધેલ તથા આવા વધારે બનાવો રાજસ્થાનમાં બનતા હતા, ત્યારે જે વાત પ્રચલિત થયેલ તે મુજબ આ અંગે 'અનોપ મંડળ' નામના ગ્રુપને જવાબદાર ગણાવવામાં આવેલ તથા એ અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ. ત્યારબાદ આવા બનાવો બનવાનું લગભગ બંધ થઈ ગયેલ. પાછું છેલ્લા થોડાંક વર્ષોથી આવા બનાવોનું પ્રમાણ વધી રહ્યું છે. એટલે પાછી એ શંકા ઉભી થાય છે કે ખરેખર કોઈ ગ્રુપો આવા અકસ્માતો કરાવે છે ? જો આ હકીકત હોય તો આ અંગે ઉંડી તપાસ કરાવીને દોષિતો ઉપર જરૂરી કાનૂની કાર્યવાહી કરવી જ જોઈએ. પરંતુ દરેક અકસ્માત હુમલો જ હોય તેવી શક્યતા ઓછી હોઈ શકે. આ અકસ્માત હોય કે હુમલો હોય–બન્નેમાં આપણે આપણા પૂ. ગુરુ ભગવંતોની અમૂલ્ય જીંદગી ગુમાવી રહ્યા છીએ; એટલે એ બચાવવા યોગ્ય પગલાં તો લેવા જ જોઈએ. રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં અનુપ મંડળ ઉપર પ્રતિબંધ છે, પરંતુ ગુજરાતમાં હજુ સુધી પ્રતિબંધ મૂકાયો નથી. દરેક રાજ્યની સરકારે આવા બનાવોની ફરિયાદ વિના વિલંબે નોંધવા તથા તાકીદે જરૂરી પગલાં લેવાની સૂચના/ઑર્ડર તે તે રાજ્યના પોલીસ ખાતાને આપવા અંગે સામાજીક/રાજકીય તથા કાનૂની દબાણ લાવવાની કાર્યવાહી જૈન સંસ્થાઓ, સંઘો તથા શ્રેષ્ઠિઓએ કરવા પોતાની સર્વ શક્તિ કામે લગાડવી જરૂરી છે, કારણ કે જાણવા મળ્યા મુજબ પોલીસખાતાની નિષ્ક્રિયતા, બેદરકારી તથા અસહકાર સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. જીવદયા અને જીવ બચાવવા જીવોને કતલખાને જતાં રોકવાનું કાર્ય કરતા કાર્યકરો ઉપરના હુમલાઓ તથા સાધુ-ભગવંતોના અકસ્માતો માટે મટન લોબીના સ્થાપિત હિતો તો જવાબદાર નથી ને ? એ પણ ઉંડી તપાસ અને સઘન કાર્યવાહી માગી લે છે, જે માટે દરેક જૈન સંપ્રદાયો, ગચ્છોએ, ફિરકાઓએ એક મંચ ઉપર આવીને એ અંગે જરૂરી કાનૂન ઘડાવવા તથા તેના અમલ અંગે સખત કાર્યવાહી કરવી જરૂરી છે. ભારતના બંધારણ મુજબ જૈન ધર્મ એક લઘુમતિ ધર્મ હોઈને, ધર્મ સંરક્ષણ માટે તેને મળતા ખાસ અધિકારનો ઉપયોગ કરવો પણ જરૂરી છે. બાકી પોલીસ પ્રોટેક્શન કે સંઘોના કાર્યકરો સાથે હોય તો પણ તેઓ આવા જીવલેણ અકસ્માતોમાંથી બચાવી શકે તેવી શક્યતાઓ ઓછી છે.

*૧. અકસ્માતના ઉપાય તરીકે, હવે જૈન સાધુઓ મહાત્માઓએ વાહનનો ઉપયોગ કરવો જોઈએ એ વિચારના પ્રચારને* ***અટકાવવો*** *જોઈએ. વિહાર એ અહિંસાની પ્રતિજ્ઞાનું પાલન છે. દીક્ષા સમયે લીધેલી પ્રતિજ્ઞા છે.*
*૨. એક 'સર્ચ' search કમિટીની રચના થવી જોઈએ, જે કમિટી જ્યાં જ્યારે અકસ્માત થયા ત્યારથી પોલીસ ફરિયાદ ક્યાં ક્યાં સુધી આગળ વધી એના પર સતત નજર રાખે.*
**–તંત્રી**

બીજું હાય-વે ઉપર, કરોડોના ખર્ચે આધુનિક સગવડતા સાથેના વિહારધામો ઉભા કરીને, હાય-વે ઉપરનો જ વિહાર કરાવીને, અકસ્માતો કરવાની અનુકૂળતા આપવાનું કાર્ય આપણે કરી રહ્યા હોવાનો સંદેહ પણ ઉભો થાય છે, જે અજાણતા અને અતિ ઉત્સાહમાં થઈ રહ્યું હોવાની પૂરી સંભાવના છે.

સર્વ પાસાઓનો વિચાર કરતાં, સૌથી સરળ અને આગળ જણાવ્યા મુજબના અન્ય લાભો–જેવા કે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા જૈનોને ધર્મ પમાડવા સાથે તેમની જરૂરિયાતો પૂરી પાડવાની યોજનાઓ સાથે ગ્રામ્ય વિસ્તારના અંદરના તથા ઓછા વાહન વ્યવહારવાળા રસ્તાઓ ઉપર જ વિહારની વ્યવસ્થા કરીને, હાય-વે ઉપરના વિહાર બંધ કરવાથી આ પ્રશ્નનો ઉકેલ વધારે સારી રીતે આવી શકશે. આ અંગે સંઘો અને શ્રેષ્ઠિઓ સાથે ગુરુ ભગવંતોએ પણ ઉંડો વિચાર કરીને યોગ્ય નિર્ણયો લઈને, લેવરાવીને કાર્યવાહી કરવી જરૂરી છે.

આગળ ગ્રામ્ય વિસ્તારમાં વિહાર કરવા બાબત અંગે વધારે અત્યારે લગભગ દરેક ગામો સારા રસ્તાથી જોડાયેલા છે, તેમજ દર પાંચથી દસ કિ.મી.ના અંતરે એક ગામ તો આવે જ છે. એટલે વિહાર અને વિશ્રામની સાનુકૂળતા રહે. પહેલાં જ્યારે આવા હાય-વે ન હતાં, ત્યારે એ જ વિહાર માર્ગો હતાં. જે જે ગામોમાં ઉપાશ્રયની સગવડતા ન હતી ત્યાં શાળાઓ વિ.માં પણ જરૂરી વ્યવસ્થા થઈ જતી હતી. બીજું ગ્રામ્ય રસ્તાઓ ઉપર ઝાડ-પાન હોવાના કારણે છાંયડો તથા શીતળતા અને શુદ્ધ હવા મળતા.

હાય-વેની બાજુમાં 'કેડી' કરાવવાનો વિકલ્પ સફળ થવાની શક્યતા બહુ જ ઓછી છે, કારણ કે જગ્યા જ નથી. કદાચ કેડી થઈ શકે તો પણ ગુરુ ભગવંતો તેના પર વિહાર કરશે જ તેની કોઈ ખાત્રી નથી. કારણ કે આજે પણ જાણતા અજાણતા ગુરુ-ભગવંતો રસ્તાની કિનારીએ ચાલવાને બદલે વચ્ચે ચાલતા વધારે જોવામાં આવે છે.

ધર્મ, આચાર અને આચરણના સિદ્ધાંતો અને અર્થના જ્ઞાનના અભાવે નવી વિચારધારાવાળા અન્ય વિકલ્પ-વાહનોનાં ઉપયોગની જે વાતો કરે છે, તે તો સાધુ ધર્મ અને તેમના આચારને ક્યાં લઈ જશે તેની કલ્પના પણ નથી થઈ શકતી. આપણાં સાધુ ભગવંતો તેમના કઠિન આચારો અને તેના પાલનના હિસાબે જ જૈનો તેમજ જૈનેતરોમાં તે વંદનીય ગણાય છે. આપણા પ્રાચીન ગુરુ-ભગવંતો તો સાધુ આચારના પાલનની શક્યતા ઓછી હોવાના કારણે શહેરોથી દૂર જ રહેતા હતા. શાસન સમ્રાટ વિજય નેમિસૂરીશ્વરજી તો ખાડી ઓળંગીને

મુંબઈ આવવાને પણ સાધુ આચારની વિરૂદ્ધ ગણતાં અને તેમની હયાતી સુધી તેમના સમુદાયના કોઈપણ ગુરૂ ભગવંતો મુંબઈ આવી શક્યા ન હતાં. વિકલ્પ એવા ન હોવા જોઇએ જે આચારમાં શિથિલતાઓને પ્રવેશવાનો માર્ગ ખોલી આપે. આધુનિક સગવડતા અને ઉપકરણોનો ઉપયોગ સાધુ ભગવંતો માટે નિષેધ હોય તો તે આચારનો ભંગ કરનાર તથા મોહનિય કર્મનો બંધ કરાવનાર હોઈને એન્ટીબાયોટિક જેમ એક દરદ દબાવી અન્ય દસ રોગોને જન્મ આપે છે તેમ થશે અને તે શાસનના હિતમાં તો નહિં જ હોય.

એટલે શ્રેષ્ઠ, સરળ, જોખમ રહિત અને સર્વને માટે ઉપયોગી ઉપાય તે હાય-વે ઉપરના વિહાર સદંતર બંધ કરીને ગ્રામ્ય વિસ્તારના અગાઉના વિહાર માર્ગોનો ઉપયોગ.

શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ કશું લખાયું હોય તો તે માટે સર્વને મિચ્છામી દુક્કડમ્. ✷ ✷ ✷

૪૦૪, સુંદર ટાવર, ટી. જે. રોડ, શીવરી, મુંબઈ-૪૦૦૦૧૫.
મો. : ૯૩૨૩૩૩૧૪૯૩.

## અર્થ જ અનર્થનું મૂળ

अर्थोऽपि पुण्यानुदये क्वचित्स्यान् मूलं महानर्थपरंपराणाम् ।
नृभिश्चतुर्भि - र्युगपदविनेशे, सम्प्राप्य हैमपुरुषं यथैव ।

ધન પણ ક્યારેક પાપના ઉદયે મહા-અનર્થની પરંપરા, સર્જી દે છે. જેમ કે, સુવર્ણપુરુષને પ્રાપ્ત કરીનેય એક સાથે વિનાશ પામ્યા!

માનવ ધન માટે આંધળાની જેમ દોડે છે! ધનોપાર્જનમાં વચમાં આવનાર સાથે ટકરાય છે. ધર્મના મહત્ત્વને કારણે પરસ્પર દુશ્મનાવટ ઊભી થાય છે. એકબીજાને અનર્થમાં પાડવાના પ્રયત્નો કરે છે.

ઉપરાંત એ ધન માટે અનીતિ-અન્યાય-અસત્યનો આશ્રય લે છે. તેની વિવેકબુદ્ધિ નષ્ટ થઈ જાય છે. તેથી જ તો ધન (અર્થ) અનર્થની પરંપરાનું સર્જન કરે છે. એવી જ ઘટના અહીં મિત્રોની જાણવા મળે છે.

હેમપુર નગરમાં ચાર મિત્રો હતા. એમાં એક રાજપૂત હતો, બીજો મંત્રીપુત્ર હતો, ત્રીજો શ્રેષ્ઠીપુત્ર છે તો ચોથો પુરોહિતપુત્ર છે. ચારે મિત્રો દેશાંતર જોવાની ઈચ્છાથી નગર છોડીને ચાલ્યા. ઘણા દિવસ થયા. ઘણો પંથ પણ કપાઈ ગયો હતો.

સંધ્યાકાળનો સમય હતો. વડના ઝાડ નીચે આજે રાત્રિ પસાર કરવાનું નિશ્ચિત કર્યું. જંગલ જેવું સ્થળ હોવાથી ચારે જણાએ નક્કી કર્યું કે વારા-ફરતી એક-એક મિત્રે જાગતા રહેવું. ત્રણે જણે સૂઈ જવું. જેથી દરેકને આરામ પણ મળી જાય.

નક્કી કરેલા ક્રમ પ્રમાણે પહેલા પહોરમાં શ્રેષ્ઠીનો પુત્ર જાગતો બેઠો છે. બાકીના ત્રણે મિત્રો ઊંઘી ગયા છે. થોડી જ વારમાં વડના ઝાડ ઉપરથી અવાજ આવ્યો. અર્થ (ધન) પડે છે, પણ એ આખરે અનર્થકારી થશે. શ્રેષ્ઠીપુત્રે જવાબ આપતાં જણાવ્યું. જો અનર્થ થાય તેમ હોય તો ન પડશો. અવાજ આવતો બંધ થઈ ગયો.

બીજા પહોરમાં શ્રેષ્ઠીપુત્ર સૂઈ ગયો. ક્રમ પ્રમાણે પુરોહિત જાગ્યો. ફરીથી વડના વૃક્ષ ઉપરથી અવાજ આવ્યો. અર્થ પડે છે, પરંતુ પાછળથી અનર્થ થશે. શ્રેષ્ઠીપુત્રની જેમ જ પુરોહિત પુત્રે પણ એ જ જવાબ આપ્યો.

બીજો પ્રહર પૂર્ણ થતાં જ પુરોહિતની જગ્યાએ મંત્રીપુત્ર જાગતો બેઠો છે. એ સમયે પણ વડ ઉપરથી એ જ પ્રશ્ન થયો. મંત્રીપુત્રે પણ પૂર્વના બે મિત્રોનો જ જવાબ દોહરાવ્યો. એટલે અવાજ બંધ થઈ ગયો.

ચોથા પ્રહરમાં વારો આવ્યો રાજપૂતનો. બાકીના ત્રણે તો નિદ્રાધીન થયા છે. માત્ર રાજપૂત જ જાગે છે. વટવૃક્ષ પરથી એ જ સૂર સંભળાયો. અર્થ પડે છે, પરંતુ અંતે મહાઅનર્થ થશે.

સાહસિકતા જ જેને વારસામાં મળી છે તેવો રાજકુમાર વિચારે છે, ધીર-સાહસ વડે જ લક્ષ્મીને ભોગવે છે. કાયર માણસોનું મેળવવાનું, ભોગવવાનું કે પચાવવાનું બળ ક્યાંથી હોય? આમ વિચારી રાજપુત્રે કહ્યું કે – ખુશીથી પડે!

રાજપુત્રના શબ્દો સાંભળતાં જે વટવૃક્ષ ઉપરથી સુવર્ણપુરુષ પડ્યો. રાજપુત્રના આનંદનો પાર ન રહ્યો! ત્રણેય મિત્રોને ઉઠાડ્યા. ત્રણેય મિત્રોએ ના પાડી...જ્યારે રાજપુત્રે તો અનર્થના ડરને ફગાવી હા પાડી.

ખુશાલીમાં જાણે હવે મિષ્ટ ભોજન જમવાના કોડ જાગ્યા. મિષ્ટાન્ન માટે બે મિત્રો ગામમાં ગયા. ધનના લોભમાં ગામમાં ગયેલા શ્રેષ્ઠીપુત્ર અને પુરોહિત પુત્રને દુર્બુદ્ધિ સૂઝી! ધનના લોભે ગાઢ મિત્રોમાં દુશ્મનાવટનો દાવાગ્નિ પ્રગટ્યો!! ગામમાં ગયેલ બે મિત્રોએ લોભાંધ બની, ગામ બહારના મિત્રોને મારી નાખીને ધન લઈ લેવાના ભાવથી તે મિષ્ટાન્નમાં ઝેર ભેળવી દીધું!

દુષ્ટભાવના ક્યાંક પોતાના જ અનર્થ માટે થાય છે. તે જ ન્યાયે ગામ બહાર રહેલા તે રાજપુત્ર અને મંત્રીપુત્રે પણ લોભને પરવશ બની તે શ્રેષ્ઠીપુત્ર અને પુરોહિત પુત્રને તલવારથી હણી નાખ્યા! બંનેના પ્રાણપંખેરાં જોત–જોતામાં ઊડી ગયા. અંદરમાં હરખાતા તે બંને મિત્રોએ નગરમાંથી લાવેલ મિષ્ટાન્ન વાપર્યું...ઝેરની અસર થઈ...રાજપુત્ર અને મંત્રીપુત્ર પણ તેના કારણે યમસદન પહોંચી ગયા..! દુષ્ટભાવનાના ફળ ચારેને મળ્યાં. ચારે પરલોકમાં પહોંચી જતાં સુવર્ણ પુરુષ તો ત્યાં જ રહ્યો...અર્થ (ધન) જ અનર્થનું મૂળ છે. એ કહેવત ખરેખર સાચી જ છે. ચારે મરીને દુર્ગતિમાં જ ગયા એ કહેવાની જરૂર નથી...કારણ, લોભ, પરિગ્રહ, દુષ્ટભાવના અને પંચેન્દ્રિયનો વધ...આ બધી જ વસ્તુઓ દુર્ગતિ (મુખ્યત્વે નરક)માં લઈ જનાર છે એમ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે.

પૈસો જ પાપ કરાવે છે, પૈસો જ રૌદ્રધ્યાનનું કારણ છે, પૈસાથી જ વૈરી દુશ્મનો ઊભા થાય છે. પૈસો અભિમાનમાં નિમિત્ત બને છે. માયા પણ આ જ ધન કરાવે છે. માયાથી મિત્રતાનો નાશ થાય છે. જ્યારે લોભ તો સર્વવિનાશક છે. આવી શાસ્ત્રની વાર્તા હૃદયસ્થ બનાવી જીવનમાં વણી લેવા જેવી છે. ✷ ✷ ✷

# નવકારની સંવાદયાત્રા

□ ભારતી દિપક મહેતા

**[૫]**

**(મે ૨૦૧૫ના અંકથી આગળ)**

**અમે :** ભાઈ, તમે ગતાનુગતિક વિચારસરણી કરતાં આજની નવી પેઢી માટે નવી દૃષ્ટિથી ધર્મને નિહાળવાની જરૂર છે એમ કહો છો. તો તે કઈ રીતે ?

**પૂ. ભાઈ :** અપરિગ્રહ, અનાસક્તિ અને અનેકાંતવાદના પાયા ઉપર ઊભેલું જૈન દર્શન ક્યારેય વિવાદો, અથડામણો, કલેશ કે વહીવટી ખટપટો આદિ ન કરાવે. જૈન ધર્મના સિદ્ધાંતોમાં શાશ્વત વૈશ્વિક ચિંતનો કરાયા છે.

નવી પેઢીને શ્રદ્ધા જલ્દીથી આવતી નથી, પણ શ્રદ્ધા એટલે બુદ્ધિની સદંતર ગેરહાજરી નહીં! વિજ્ઞાનનાં નવા આવિષ્કારો સાથે મોટી થતી આપણી નવી પેઢીને આવું ઉત્તમ દર્શન, ઉત્તમોત્તમ નવકાર મહામંત્ર અને ઉત્કૃષ્ટ મોક્ષમાર્ગથી વિમુખ થવા દેવા ન હોય તો નિર્વિચિકિત્સા કરવી જ રહી...એટલે કે પોતાના દોષો અને બીજાના ગુણ પરત્વે બેધ્યાન રહેવાની વૃત્તિને તિલાંજલી આપવી જ રહી.

આપણું ઉદારતાવાદી દર્શન ૬ લેશ્યા, ૫૬૩ જાતના જીવોના વિચાર કે ૯ તત્વો થકી ખરે જ સુપર સાયન્ટીફીક જ છે, પરંતુ યુવાનો સુધી તેઓને મનગમતી રીતે પહોંચતું નથી. તેઓને ખબર છે તેઓને શું અને ક્યા માર્ગે જોઈએ છે. હવે તેઓના માર્ગે આપણે જઈશું તો જ ભેગા થવાશે, નહીંતર બે સમાંતર પાટાની જેમ સાથે છતાં અલગ થઈ જઈશું. અદ્ભુત એવો આપણો કર્મનો સિદ્ધાંત કે આગમોની અગમ બાની જો સમજાવવી હશે તો આપણે તેઓની ભાષા ને માધ્યમો શીખવા પડશે. આ જ સમયની માંગ છે... નહીંતર ગળથૂથીમાં નવકાર મંત્ર મળ્યો તે મળ્યો પણ જીવન આખામાં રળ્યો નહીં તેના જેવું થશે. તેઓને ડરાવીને, ગિલ્ટ કરાવીને કે નેગેટીવ વાતો કરીને વૈરાગ્ય તરફ કેમ વાળી શકાશે ? 'ધર્મ' શબ્દ તરફ જ એલર્જી થઈ જાય તેવું વર્તન હવે આપણે ચાલુ રાખી ન જ શકીએ! ટૂંકા થતા જતા સર્કલમાં જીવતા યુવાનોને યોગ્ય ઘડતરથી સમજાવવું જ પડશે કે જેઓ પોતાનાથી નબળાને સામેલ કરીને જીવશે ત્યારે જ સાચા સુખનો અહેસાસ થશે. નવકાર મંત્ર આ સમજવાની સદ્સમજણ પણ અર્પે છે, નહીંતર બે પેઢી વચ્ચે મોટા અંતરાયો છે અને રહેવાના.

**અમે :** આ અંતરાય કઈ રીતે દૂર થઈ શકે ?

**પૂ. ભાઈ :** સંકલ્પપૂર્વકનો નવકાર મંત્રનો જાપ આ અંતરાયને દૂર કરી શકે તેમ છે. એકધારા થતા મંત્રનાં આંદોલનોનું ઓજસ એટલું તો ઉગ્ર હોય છે કે તે તમામ અશુભને બાળી નાખે છે. તેનું સત્ય સર્વ પાપ પ્રણાશક છે. જાપમાં સંકલ્પનું પ્રચંડ બળ ભળે એટલે તેનું પરિણામ અનેકગણું વધુ આવે. સંકલ્પ એ કરવો કે સર્વ જીવો પૂર્ણતાને પામો... અને તે માટે જેમણે આ સંકલ્પ સિદ્ધ કર્યો છે તે પંચપરમેષ્ઠીને નમસ્કાર ફક્ત શાબ્દિક નહીં, હૃદયના ભાવપૂર્વકના સત્કાર સાથે કરવો. આ સંકલ્પ સાથે રોજ ત્રણે કાળ ફક્ત ૧૨ નવકાર ગણવાથી પણ સર્વતોભદ્ર એવા આ મંત્રની આર્હન્ત્યચેતના આજના યુવાનોને પણ અવશ્ય સ્પર્શશે...

મોક્ષમાર્ગની આ જીવતી પરબ પાસે ઉભા રહી શું આપણે સૌ તરસ્યા રહીને જ મૃત્યુને વરશું ? આત્માનાં શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિના આ મંત્રરત્નને પામીને પણ શું નક્કામા પથ્થરની જેમ ફેંકી દઈશું ? આ માટે સંખ્યામાં નહીં, સંકલ્પમાં વધુ તાકાત છે.

સંકલ્પ કરો : ।। શિવમસ્તુ સર્વજગતઃ ।।

**અમે :** '**जपात् सिद्धिः तत्र न संशयः ।**' એમ તમે કહો છો ભાઈ, તો એ જપ ચારમાંથી કયા નિક્ષેપને અનુલક્ષીને કરવા જોઈએ ?

**પૂ. ભાઈ :** નિક્ષેપ ચાર છે – નામ, સ્થાપન, દ્રવ્ય અને ભાવ. કોઈપણ નિક્ષેપને અનુલક્ષીને જપ કરીએ, નમન તો પંચપરમેષ્ઠીને જ થાય છે. દાખલા તરીકે 'નમો અરિહંતાણં' પદ બોલીએ તો તે દ્વારા અરિહંતને નમન છે, તે નામનિક્ષેપ કહેવાય. અરિહંતની પ્રતિમાજીને પ્રતિષ્ઠિત કરી તેની પૂજા કરીએ તો સ્થાપના નિક્ષેપે અરિહંતોને નમસ્કાર થાય છે. હવે ધારો કે શ્રેણિક મહારાજ કે સુલસા શ્રાવિકા સમા ભાવિ તીર્થંકરનાં આત્માઓને નમન કરીએ તો એ દ્રવ્ય નિક્ષેપે અરિહંતોને નમન થયા કહેવાય અને અહીં રહીને મહાવિદેહક્ષેત્રમાં સમોવસરણ સ્થિત વર્તમાન તીર્થંકર શ્રી સિમંધરસ્વામીને વંદન કરીએ તો તે ભાવ નિક્ષેપે અરિહંતને જ નમસ્કાર થયા કહેવાય. જપ વડે જ જીવમૈત્રીને સિદ્ધગતિ સધાય છે. જપ વડે જ મન નિર્મળ થાય છે અને જપ વડે જ આસક્તિ છૂટીને આત્માદર પ્રગટે છે. ચૈતન્યને નમન તે આત્મહિત કલ્યાણનું કારણ છે, જે જપથી સેવાય છે. માટે જ '**जपात् सिद्धिः**' કહ્યું છે.

**અમે :** ભાઈ, તમે અગણ્ય વાર કહ્યું છે કે નવકારમાં રહેલ 'નમો'

'પ્રબુદ્ધ જીવન' કૉર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

પદનું વિશિષ્ઠ મહત્ત્વ છે. તો તે કઈ રીતે ?

**પૂ. ભાઈ :** સૌ પ્રથમ તો 'નમો' પદ એ સ્વયં સમર્પણ યોગ છે, જેનાથી જિનેશ્વરની સમીપ જવાય છે. 'નમો' પદમાં જ્ઞાન, કર્મ અને ભક્તિયોગ આ ત્રણે યોગનો સમાવેશ છે. આ બે જ અક્ષરના ધ્યાનથી ક્ષુદ્ર અહંકાર ટળ છે, વિષય-કષાયોમાંથી મન પંચપરમેષ્ઠી તરફના અનુરાગ તરફ વળે છે અને આત્માને સ્વરૂપાદર પરત મળે છે. 'નમો' પદના એકધારા રટણથી આત્મદ્રવ્યની તુષ્ટિ ને પુષ્ટિ થાય છે. આ પદનાં જાપથી એવો પણ અનુભવ થયો છે કે કલાકો સુધી ભૂખ, તરસની ઈચ્છા થતી જ નથી. તનનું ભોજન જેમ ખોરાક છે તેમ આત્માનું ભોજન શરણાગતિ છે. આ પદનું સ્મરણ અનાત્મભાવની વિસ્મૃતિ કરાવે છે અને સર્વ સમર્થ પરમાત્માની સ્મૃતિને સતત સમીપ રખાવે છે. 'નમો' પદ વડે જ આત્માનો પરમાત્મામાં વિન્યાસ થતો હોવાથી તે સર્વશ્રેષ્ઠ પ્રણિધાનરૂપ છે.

**અમે :** 'નમો અરિહંતાણં'ના સાત અક્ષરોના જ ફક્ત જાપ વડે પણ દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદના અને ચતુઃશરણગમન એકી સાથે સધાય છે તેમ તમે કહો છો, તો તે કઈ રીતે ?

**પૂ. ભાઈ :** 'નમો' પદ આપણાં પૂર્વે કરેલાં દરેક દુષ્કૃત્યોની ગર્હા કરાવે છે, કારણ કે નમવા માત્રથી અહંકારનો અંધકાર ઓગળી જાય છે.

'અરિહં' પદ સુકૃતની અનુમોદના કરાવે છે. અરિહંતોનું સ્મરણ માત્ર તેઓના બાર ગુણોનો વિનય કરાવે છે.

'તાણં' પદ શરણગમનની ક્રિયા દ્વારા અરિહંતો, સિદ્ધો, સાધુઓ તથા કેવળી પ્રરૂપિત ધર્મ તરફની શ્રદ્ધામાં વૃદ્ધિ કરાવે છે.

**અમે :** ભાઈ, જે ચાર પ્રકારનાં ધ્યાનપૂર્વક સમૂહ જાપ તમે કરાવો છો તે પ્રકારો કયા છે ?

**પૂ. ભાઈ :**

કાયામાં અસ્થિર થવું તે પીડસ્થ ધ્યાન છે–કાયોત્સર્ગ.

નવકારમાં સ્થિરતા તે પદસ્થ ધ્યાન છે–પંચપરમેષ્ઠીઓ.

પ્રભુપ્રતિમામાં સ્થિર થવું તે રૂપસ્થ ધ્યાન–અરિહંત સિદ્ધ.

આત્મામાં સ્થિર થવું તે રૂપાતીત ધ્યાન છે–આત્મદ્રવ્ય.

ઉપરોક્ત ચારે પ્રકારે થતાં નમસ્કારથીઃ

૧. આત્માની મહાનિધિ પ્રગટ થાય છે.

૨. પ્રકૃતિનું પૂર્ણ સમર્થન તેમાં ભળે છે.

૩. ચેતનાના ઊંડાણમાંથી જીવનદર્શન સાંપડે છે.

આ રીતે ધ્યાન કરતાં સકલ કર્મોનો ધ્વંસ થતાં અવ્યય એવા સિદ્ધપદને પામી શકાય છે.

**અમે :** તમે આ મહામંત્રને ફક્ત મંત્ર નહીં, મંગલ છે તેમ કહો છો, તો નવકાર મંત્ર મંગલ કઈ રીતે છે ?

**પૂ. ભાઈ :** ભાવથી શાશ્વત અને શબ્દથી પણ ચિરંજીવ એવી આર્હન્ત્યમયી ચેતનાનું ઘનીભૂત સ્વરૂપ એટલે જ નવકાર મહામંત્ર. તેના વિશ્વનું ક્ષેત્ર કરવાનો ભંડાર છે. અનંત પરમેષ્ઠીઓ આ પદોમાં સંગ્રહીત થયેલા છે. જે ચિદાકાશમાં છે તે જ ભૂતાકાશમાં છે. અરિહંતોનું દિવ્ય સામ્રાજ્ય જીવંત છે, જ્વલંત છે, જગવ્યાપી છે. નવકાર મંત્રનું ધ્યાન આરાધકમાં તે દિવ્યતા પ્રગટ કરે છે. સામૂહિક જાપનાં તો અમાપ ફાયદા છે. તેમાં પ્રચંડ શુભ સંક્રામક શક્તિ સમાયેલી હોવાથી પ્રત્યેક જાપકર્તાને અનેકગણો લાભ મળે છે. સંકલ્પ જ્યારે સામૂહિક બને છે ત્યારે પ્રકૃતિમાં પ્રબળ આંદોલનો થાય છે અને તેથી મુક્ત ચેતનાની ઉર્જા અનાહત નાદમાં ભળી જઈ નિર્વાણ પદ સુધી પહોંચાડી શકે છે.

હવે જે મહામંત્ર કષાયોને નિઃશેષ કરે, વિષયોને નિરાસક્ત કરે, બુદ્ધિને નિરાશંસ કરે, વાણીને નિર્મળ કરે, મનને નિસ્તરંગ કરે, કાયાને નિષ્પંદ કરે અને અહંનું નિર્વાણ કરી શીઘ્ર મુક્તિપુરીમાં પહોંચાડે તેને મંગલ નહીં મહામંગલ કહેવું પણ અતિશયોક્તિ કેમ કહેવાય ?

**અમે :** શ્રી નવકાર મહામંત્ર દ્વારા કઈ રીતે દિવ્ય તીર્થયાત્રા શકય બને છે ?

**પૂ. ભાઈ :** આપણી પંચતીર્થ નવકારમાં જૂઓ, આ રીતે સિદ્ધ થાય છે.

अ = અષ્ટાપદ

सि = સિદ્ધગિરિ

आ = આબુ

उ = ઉજ્જયંત

सा = સમ્મેતશિખર

It is a divine pilgrimage.

૬૮ અક્ષરો એ મોક્ષનો મહારથ છે. તેમાં આરુઢ થનારને તેમાં દૂરે ન લોકાદાં એમ શાસ્ત્રોમાં કહ્યું છે.

જેમ વિમલાચલને જોતાં જ 'દીઠે દુર્ગતિ વારે...', તે જ રીતે નવકારની ૬૮ અક્ષર માતૃકાઓનું સ્મરણ થતાં જ દુર્ગતિ તત્કાલ નિવારાઈ જાય છે. આમ નવકાર દ્વારા દિવ્ય તીર્થયાત્રા શક્ય બને છે.

(ક્રમશઃ)

૮૨, ગૌતમ બુદ્ધ એપાર્ટમેન્ટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦ ૦૦૧.
મો.: ૦૯૮૨૫૨૧૫૫૦૦. Email : bharti@mindfiesta.com

'પ્રબુદ્ધ જીવન'ને વીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

# ત્રિગુણની સીડી-ગુણાતીતતાને મળે

❑ મીરા ભટ્ટ

સત્વગુણ તો નિતાંત શુદ્ધ સદ્‌ગુણ છે, પરંતુ એનો અતિરેક પણ માનવ જીવનને સ્વસ્થ રાખી શકતું નથી. અતિ પાપની જેમ અતિપુણ્ય પણ ઉપાધિ રૂપ થઈ પડે છે. આ વાત સમજવા જેવી છે. આપણા રવિશંકર મહારાજમાં કરુણાનો એવો દરિયો ઉમટતો કે પગ ભાંગીને ખાટલે પડ્યા હોય તો ય ક્યાંય દૂકાળ પડ્યો છે એવું સાંભળતાં તો દોડી જવા અધીરા થઈ ઊઠતા. વિનોબા કહેતા કે પ્રકૃતિ ક્યારેય દાદાને કામ વગરના નહીં રાખે! એમને હંમેશાં કાંઈ ને કાંઈ કરુણાકાર્ય મળતું જ રહેશે, પરંતુ આ સાત્ત્વિક વૃત્તિ પણ કાબૂમાં રહે તે જરૂરી છે.

દાદા પોતે જ આ વાત સુંદર રીતે સમજાવતાં કહેતા કે-બહેનો દાળ-શાકમાં મસાલો કરે છે ત્યારે ધ્યાનમાં રાખે છે કે એક પણ મસાલો વધુ પડતો ન પડી જાય. કોઈ પણ પોતાનું માથું ન ઊંચકે તો રસોઈ સ્વાદિષ્ટ બને. આમ જીવતરમાં પણ સત્વગુણે પણ પોતાનું માથું ઊંચકવું ન જોઈએ. સત્વગુણમાં અચળ રહેવું જોઈએ, સ્થિર બનવું જોઈએ.

વિનોબાએ આ વાત સુંદર રીતે સમજાવી છે કે મનુષ્ય જીવનની ગાડી સરસ રીતે ચાલે અને માણસને એની મંજિલે પહોંચાડે એવું કરવું હોય તો જીવનમાં રજોગુણના પાટા નાખવા જોઈએ, જેથી રસ્તો ન ચૂકાય અને ગાડી સડસડાટ દોડતી રહે. ગાડીના ડબ્બા તમોગુણના બનાવવા. ગમે તેટલા ડબ્બા જોડો અને તેમાં ગમે તે ભરો, માલ મંઝિલે પહોંચી જશે. ગાડીનું એન્જિન સત્વગુણનું જોઈએ, જેથી મંજિલની દિશા ન ચૂકાય. એન્જિન ભલે કોલસાથી ચાલે કે વીજળીથી ચાલે, એનો પૂરવઠો સતત ચાલુ રહેવો જોઈએ. સદ્‌ગુણોની નિરંતર ઉપાસના દ્વારા જીવનનો રથ સતત ચાલુ રહી શકશે.

આમ, સતત ગુણવિકાસ એ મનુષ્યના સ્વસ્થ જીવનનો શ્વાસોશ્વાસ છે. દુર્ગુણોને નિવારતા જવું, દોષોને છોડતા જવા અને સદ્‌ગુણોને કેળવતા જવા આ સાધકની પ્રાથમિક સાધના બની જવી જોઈએ. હકીકતે તો ગુણ વિકાસ એ જ શિક્ષણ છે. માણસમાં નર-પશુ બંનેનો વાસ છે. એટલે જ એમાં કૌરવ-પાંડવોનું મહાભારત નિરંતર ચાલતું રહે છે. પરંતુ સાધના દ્વારા સદ્‌ગુણોની સેના વધારતા જવી અને સાક્ષાત્ વાસુદેવને પોતાના પક્ષે રાખી, જીવનરથના સારથી બનાવી દેવાથી અધ્યાત્મના દ્વાર ખુલશે.

પ્રાજ્ઞ પુરુષો અંતે તો 'ગુણાતીત' થવાની વાત કહે છે, ભારતની અધ્યાત્મ-ખોજની આ આખરી સીડી છે. પરંતુ ત્યાં પહોંચતાં પહેલાં ગુણવિકાસનાં અનેક પગથિયાં ચઢવા પડશે. આપણાં શાસ્ત્રો દ્વારા ગુણવિકાસનું એક સમગ્ર શાસ્ત્ર જ આપણને મળી જાય છે, તદનુસાર જીવનમાં પ્રત્યક્ષ આચરણ દ્વારા આપણે ગુણપૂર્ણતા સિદ્ધ કરવાની સાધના પહેલા આદરવાની છે.

આપણે માનવ જીવનને તપાસીએ છીએ તો પૃથ્વી પર એકે માણસ એવો જડતો નથી કે જેનામાં માત્ર ગુણ જ ગુણ હોય, અથવા તો માત્ર દોષ જ દોષ હોય. માણસ નામનું પ્રાણી ગુણદોષનું સંયુક્ત સર્જન છે. જેવી રીતે એકલી સુવર્ણ ધાતુથી ઘરેણું જડી ન શકાય. ઘરેણું ઘડવા માટે સોના સાથે થોડી બીજી ધાતુ ભેળવવી જ પડે એ જ રીતે માણસ નામના પ્રાણીને ઘડવા ભગવાનને ગુણ સાથે થોડાક દોષની ભેળસેળ પણ જરૂરી હશે. એટલે જ ઈશ્વરે માણસને ગુણ-દોષ બંનેથી ભરીને સર્જ્યો છે.

પરંતુ ભગવાને જે કર્યું તે ભલે કર્યું. માણસે તો પોતાના જીવનમાં ગુણવૃદ્ધિ અને દોષ-નિવારણ જ કરતાં રહેવાનું છે. ગુણમીમાંસામાં તો ત્યાં સુધી કહેવાયું છે કે આપણે વિધાયક બનવા માત્ર ગુણદર્શન જ કરવું. બીજાના ગુણ તો જોવા જ પોતાના પણ ગુણ જ જોવા. આ ગુણદર્શનને પરિણામે ગુણોનો ગુણાકાર અને દોષોનો ભાગાકર આપોઆપ થતો રહેશે. દોષદર્શન કરવા જતાં મનમાં દોષ ચિંતન ચાલે છે અને એનો થોડો ઝાઝો પાશ ચિત્તને પણ ચોંટે છે એટલે જે ગામ જવું નહીં, તેનું નામ જ ન લેવું. પરંતુ માણસ સ્વભાવે જ અળવીતરો છે. એને પહેલા પરથમ તો બીજાના દોષ જ દેખાય છે.

એટલે ગાંધીજીએ યુક્તિ બતાવી. ભલે દોષ જોવા, પરંતુ બીજાના દોષો જોઈએ ત્યારે હોય તેનાથી નાના કરીને જોવા અને પોતાના દોષો જોઈએ ત્યારે હોય તેનાથી મોટા કરીને જોવા. આમે ય માણસ પોતાનો પક્ષપાત કરતો જ હોય, એટલે સરવાળે બધું સરભર થઈ જશે. વિનોબા તો માત્ર 'ગુણ નિવેદન'ની વાત જ કહેતા. પોતાના કે પારકા-કેવળ ગુણનિવેદન થતું રહે, તો ગુણવર્ધન થતું રહેશે. એમનું એક સૂત્ર હૈયે જડી રાખવા જેવું છે. कालजारणम्-स्नेह-साधनम् । कटुक-वर्जनम् गुण निवेदनम्! મનુષ્ય નિરંતર પરિવર્તનશીલ છે. એ સતત બદલાયા કરે છે એટલે માણસ અંગેના ગઈકાલના અનુભવની કટુતા છોડીને સ્નેહપૂર્વક માત્ર એના ગુણો જોવા. એમણે સુંદર ત્રિસૂત્રી પણ આપી છે કે-

*સ્નેહ દોષોને નભાવી લે છે,*
*વાત્સલ્ય દોષોને પચાવી જાય છે ૬૬૬૬*
*જ્યારે પ્રેમ દોષોને જોતો જ નથી.*

✶✶✶

૭૩, રાજ સોસાયટી, પોલો ગ્રાઉન્ડ પાસે,
વડોદરા-૩૯૦૦૦૧. મો. : ૦૯૩૭૬૮૫૫૩૬૩.

# સંત કુરિયાકોસ ચાવરા

❑ દક્ષા સંઘવી

બે દિવસથી સંત કુરિયાકોસ ચાવરા સતત મારા માનસપટ પર આવે છે અને આજે જાણે કલમ એમનું અભિવાદન કરવા દોડી. આમ તો એમના વિશે કંઈ પણ કહેવું એ એમનું અપમાન કરવા જેવું લાગે, કારણ આપણે એમને શબ્દોમાં બાંધવાની કોશિશ કરીએ પણ એમની દૃષ્ટિ ઓળખવા તો જાણે હિમાલય પાર કરવો પડે. સાગરના અપાર જળને અંજલીથી માપી શકાય ખરું ? સંતની અપાર મહિમાને શબ્દોથી વર્ણવી શકાય ખરી? એમનું આલેખન કરવામાં ઊણી ઉતરું પણ તોય કલમ આજે કંઈક કીધા વગર રહી શકે તેમ નથી.

શ્રી કુરિયાકોસ ચાવરા એટલે એક ક્રાંતિકારી સંત, એક સમાજસુધારક, એક દીર્ઘદૃષ્ટા. એમનું હૃદય કરૂણાસભર. એમના દિલમાં પ્રેમની પ્રજ્વલિત જ્યોત. એમનું સ્થાન પ્રભુની નિશ્રામાં.

આજથી બસો વર્ષ પહેલાં એમનો જન્મ થયો. લગભગ ૬૩ વર્ષના તેમના જીવનકાળ દરમ્યાન તેમણે અનેક કાર્યો કર્યા. પણ આશ્ચર્ય ! તેમના કાર્યો, તેમનું જીવન, તેમની વિચારધારા આજે પણ પ્રેરણાસ્રોત બની રહ્યાં છે. એટલે જાણવાનું મન તો થાય જ કે એમનામાં એવું તે શું હતું જે આજે પણ એમનું જીવન કાર્યકારી બની રહ્યું છે !

શૈક્ષણિક ક્ષેત્રે એમનું આગવું પ્રદાન રહ્યું. કેરળમાં આજે જે ૧૦૦% સાક્ષરતા છે તો તેનો પાયો નાખવાનો યશ કુરિયાકોસ ચાવરાને જ જાય છે. પાઠશાળાની એટલે વ્યવસ્થિત સ્કૂલની પહેલ કરનારા પણ એ જ. તેમણે તે જમાનામાં છાપખાનું શરૂ કરવાનું સાહસ કર્યું. એની પાછળનો હેતુ લોકોને જ્ઞાનમાર્ગે આગળ વધારવાનો હતો.

દલિતોને ઈશ્વરના સંતાન કહી બિરાદવનારા પણ એ જ. તેમના ઉત્કર્ષ માટે તેઓ ખૂબ જ પ્રયત્નશીલ રહ્યા. તેમનો ફાળો અનેરો રહ્યો.

ગરીબ બાળકોને મધ્યાહ્ન ભોજનની યોજના પણ એમના જ દિમાગની ઉપજ, જે તેમણે ચરિતાર્થ પણ કરી બતાવી.

ભારતના ભાઈઓ અને બહેનો માટે દેશી સન્યસ્ત સંઘની સ્થાપનાના તેઓ પ્રણેતા રહ્યા.

સ્ત્રી ઉત્કર્ષના તેઓ પ્રખર હિમાયતી રહ્યા. તો વળી પાખંડતા વિરુદ્ધ તેમણે આદરેલી લડત વિશેષ ધ્યાન ખેંચે તેવી છે.

ભારતમાં કદાચ પ્રથમ અનાથાશ્રામની સ્થાપના પણ તેમના થકી જ થઈ. એમાં તરછોડાયેલા રોગીઓ અને વૃદ્ધોને આશ્રય મળ્યો.

સાહિત્ય ક્ષેત્રે પણ તેમનો નોંધનીય ફાળો રહ્યો. તેઓ પોતે જ કવિ અને લેખક હતા.

કોઈ એક જ વ્યક્તિમાં આટલી બધી વિશેષતા ! આશ્ચર્ય પણ થાય ને જાણવાનું મન પણ થાય.

પ્રાર્થના તેમની નસેનસમાં હતી. પ્રાર્થનાની અપાર શક્તિ જાણવી હોય તો તેમને મળવું જ પડે. સદેહે તો તેઓ અત્યારે નથી જ પણ અક્ષરદેહે તો તેમને જરૂર મળી શકીએ.

નમ્રતા, પ્રામાણિતા, સાદગી, આધ્યાત્મિકતા, પ્રેમ જેવા ગુણો તેમને વરેલા હતા. કહેવાય છે કે સમાજસેવકોની વચ્ચે તે એક સમર્પિત સન્યાસી હતા અને સન્યાસીઓની વચ્ચે એક કર્મયોગી સમાજસેવક હતા.

આજ્ઞાપાલન તેમના દિલ, દિમાગમાં વણાયેલું હતું. તેઓ લોકો માટે દૃષ્ટાંતરૂપ હતા. પણ સાથે જ તેમની દીર્ઘદૃષ્ટિ કહેતી હતી કે અધિકારીઓને સચ્ચાઈથી વાકેફ કરવા તે આજ્ઞાપાલનનો અનાદર નથી, પણ સમર્થન જ છે. કારણ, અધિકારીઓનો નિર્ણય અપૂરતી જાણકારી પર આધારિત હોય તો તેના ખરાબ પરિણામો દૂર સુધી ફેલાઈ શકે છે.

વિરોધીઓને પણ તે પ્રેમથી મહાત કરતા. દુશ્મનોને પણ પ્રેમ કરતા ને માફી બક્ષતા. તે કહેતા નિયમો માણસો માટે છે, માણસો નિયમો માટે નથી.

તેમણે જણાવેલ પારિવારિક નિયમો તેમની વિશેષ દૃષ્ટિનો ખ્યાલ આપે છે. જે આજના સમયમાં પણ અત્યંત જરૂરી લાગે છે.

તેમણે લખેલા પત્રો પણ પ્રચલિત બની ચૂક્યા છે.

સ્વાભાવિક છે કે આટલી વિશેષતા ધરાવતી વ્યક્તિ ઉચ્ચ સન્માનપત્રોથી નવાજિત હોય જ. ભારત સરકારે તેમની સેવાની કદર રૂપે તેમના માનમાં ટપાલ ટિકિટ બહાર પાડેલી.

ઇતિહાસમાં શ્રી કુરિયાકોસ ચાવરાના સમયને 'વસંતકાળ' તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે.

તેમણે કેવી રીતે શિક્ષણપ્રથાની શરૂઆત કરી; કેવી રીતે છાપવાનું ખોલી સંચારમાધ્યમની સ્થાપના કરી, પરિવારોનું આધ્યાત્મિક જીવન સુદૃઢ બનાવવા કેવી મહેનત ઉઠાવી; વિભાજિત થયેલા સમાજને કેવી રીતે સંગઠિત કર્યો. તેમના કાર્યો પાછળનું પ્રેરકબળ શું હતું, તેમનું આધ્યાત્મિક જીવન. તેમની આધ્યાત્મિક સંપદા જાણવા 'તેમની જીવન ઝરમર' લગતા તેમના પુસ્તકો વાંચવા જ પડે.

આજે જ્યારે કુટુંબ-કુટુંબ વચ્ચે, અરે, એક જ કુટુંબના સભ્યો વચ્ચે પણ સંવાદિતતાનો અભાવ વધી રહ્યો છે ત્યારે એ જાણવાનું કુતૂહલ તો થાય જ કે આ સંતે સમાજના પ્રશ્નોનું નિરાકરણ, તેમનો ઉત્કર્ષ કેવી રીતે કર્યો હશે ?

'જે દિને કોઈનું કર્યું ભલું નહીં<br>
તે દિન વ્યર્થ ગયો જગમાં હી.<br>
...મળે પ્રભુ તને સૌ ચહેરામાં.'

✷ ✷ ✷

૮, સૌમ્ય ફ્લેટ, મ્યુનિસિપલ માર્કેટ સામે, નવરંગપુરા, અમદાવાદ-૯.

# આત્મિક સુખ જ પરમ શાંતિ આપે

❑ શશિકાંત લ. વૈદ્ય

'સુખ' અને 'દુઃખ' આ શબ્દો સમજવા જેવા છે. સામાન્ય રીતે પ્રાણી માત્ર સુખની ઝંખના કરે છે. આ મનની સ્વાભાવિક વૃત્તિ છે. દુઃખ કોણ ઈચ્છે? સામાન્ય રીતે એવું સમજાય છે કે જે પ્રાપ્ત કર્યા પછી મનમાં શાંતિનો અનુભવ થાય ત્યારે સુખ જેવું લાગે છે અને આનાથી વિપરીત પરિસ્થિતિને આપણે દુઃખ કહીએ છીએ. ટૂંકમાં અનુકૂળ પરિસ્થિતિને સુખ કહી શકાય અને તેનાથી પ્રતિકૂળ પરિસ્થિતિને દુઃખ કહેવાય. આમ જોઈએ તો આ એક માનસિક સ્થિતિ છે. આ સંદર્ભમાં ગુજરાતી ભજન યાદ આવે છે જે ખૂબ પ્રચલિત છે. ભજનની પંક્તિઓ ખૂબ જાણીતી છે.

સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં;<br>
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં...

સુખ અને દુઃખ જન્મ સાથે જોડાયેલ છે જ. એક રૂપિયાની પાછળની છાપ જેવું. તેનાથી મુક્ત થઈ શકાય નહિ. ભારતીય દર્શન તો કહે છે કે તમારું આ જીવન પાછલા જીવનનું પ્રતિબિંબ છે. જેવું તમે કર્યું છે–તે તમે જન્મ સાથે જ લાવ્યા છો, જે તમારે સ્વીકારવું જ પડે છે. સુખ કે દુઃખને મનમાં લાવવાની જરૂર નથી. તેને આપણે ટાળી શકતા નથી જ. ટૂંકમાં સુખમાં છલકાઈ નહિ જવું અને દુઃખમાં હિંમત ન હારવી. આવી માનસિકતા પ્રાપ્ત કરનાર મહદ્ અંશે ઠરેલ અને શાંત રહીને જે સ્થિતિ છે તેનો સ્વીકાર કરી લે છે. મર્યાદા પુરુષત્તમ રામ સવારે તો અયોધ્યાની ગાદી પર બેસવાના છે અને એમને જાણ થાય છે કે એમને વનમાં જવાનું છે. એમના મન પર આની કોઈ અસર નથી. બસ, જે છે તેનો સ્વીકાર કર્યો અને વનમાં આનંદથી ગયા. આને સ્થિતપ્રજ્ઞ પુરુષ કહેવાય. જીવન છે તેથી કોઈ વાર એવી પરિસ્થિતિ પણ આવે જે કદાચ તમને ન પણ ગમે...પણ પ્રજ્ઞાવાન તે છે જે કોઈ પણ સ્થિતિનો સહજ ભાવે સ્વીકાર કરે. 'છાન્દોગ્ય ઉપનિષદ'નો એક શ્લોક છે જે સમજવા જેવો છે. તેનો ભાવાર્થ કંઈક આવો છેઃ **'જ્યારે મનુષ્યને સુખ પ્રાપ્ત થાય ત્યારે જ તે કશુંક કરે છે. સુખ મળે તેમ ન હોય ત્યારે એ કશુંય કરતો નથી. માટે સુખ શી રીતે મળે તેની વિશેષપણે જિજ્ઞાસા રાખવી જોઈએ.'** ઉપનિષદ ખૂબ સુંદર રીતે સમજાવે છે. તેનો ગહન અર્થ સમજવા જેવો છે. જીવનમાં કંઈક પ્રાપ્ત કરવું હોય તો પુરુષાર્થ કરવો. પ્રવૃત્તિશીલ બનવું. આળસુ રહીને બેસી નહિ રહેવું. ઉદ્યમ દ્વારા જ સુખ મળે. સંસારિક જીવનને સુખમય બનાવવા 'પ્રવૃત્તિ' કરવી જ જોઈએ. જીવનમાં પુરુષાર્થનું મૂલ્ય ખૂબ ઊંચું છે. પુરુષાર્થ કરનારને જ કંઈક મળે છે. 'હાથ'-'પગ' એ પુરુષાર્થ સૂચક છે. સુખ કેમ મળે? પુરુષાર્થ દ્વારા. જેને શિરે કુટુંબની જવાબદારી હોય તેણે પ્રયત્ન કરવો જ રહ્યો અને આ પ્રયત્ન દ્વારા તેને જે કંઈ પ્રાપ્ત થાય તેનો તેને આનંદ મળે છે. આળસ કે પ્રમાદ એ તો જીવતા માણસની કબર કહી છે. આ થઈ 'સુખ'ની સામાન્ય વાત–જે આપણને પુરુષાર્થ કરવાનું કહે છે. ભૌતિક સુખ માટે અને આત્મિક-સુખ માટે પુરુષાર્થ તો કરવો જ રહ્યો.

આપણે ત્યાં (એક) ચાર્વાક કરીને એક વિચારક થઈ ગયા. તેઓ માનતા કે મૃત્યુ પછી કંઈ છે જ નહિ. શરીર મૃત્યુ પામે એટલે તે બળીને ભસ્મ થઈ જશે. બસ, 'ખાવ, પીવો અને દેવું કરીને પણ ઘી પીઓ'...પણ આ દર્શન આ ઋષિ સંસ્કૃતિમાં ટક્યું નહિ. માનવ જીવનનું મૂલ્ય છે. આ જીવનનો અર્થ છે. જન્મ પછી મૃત્યુ છે અને મૃત્યુ પછી પણ બીજું જીવન છે જ. અને તમારાં કર્મો પ્રમાણે (સારાં યા ખરાબ) તમને બીજો જન્મ મળે છે. આપણાં કર્મો પ્રમાણે. આને 'કર્મનો સિદ્ધાંત કહે છે.' આ તર્કયુક્ત છે અને લગભગ બધા ધર્મો એક યા બીજા સ્વરૂપે તેનો સ્વીકાર કરે છે. સારું કાર્ય કરો તો તમને તેનું ફળ સારું મળે અને ખરાબ કર્મનું ફળ ખરાબ–'જેવું વાવો તેવું લણો.' બાજરી વાવો તો ઘઉં ક્યાંથી થાય? એટલે સારા કર્મોનું મૂલ્ય છે જ. સર્જનહારની આ વ્યવસ્થાને લીધે જ બધું તંત્ર ચાલી રહ્યું છે. આટલા પછી આપણે ઉપનિષદની વાણી સમજીશું કે સુખ ખરું, પણ કયું સુખ? સંસારિક સુખ યા ભૌતિક સુખથી પરમ શાંતિ મળતી નથી. તેનાથી 'ટેન્શન' મુક્ત થવાતું નથી. ખરેખર તો આત્મિક સુખ માટે શ્રેય માર્ગે જ જવું રહ્યું. શ્રેય માર્ગ કલ્યાણકારી છે. આ માટે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા જે કંઈ સાધના કરવી પડે તે કરવી જોઈએ. આ માર્ગ કઠિન છે. ખૂબ કઠિન માર્ગ છે, પણ અંતે જે કંઈ મળશે તેનાથી તમને પરમ શાંતિ મળશે. આત્મ જ્ઞાનથી જીવનમાં એક એવી ઉષ્મા પ્રગટે છે કે સાધકના જીવનને ધન્ય બનાવી દે છે. આ માટે ગીતાએ ત્રણ માર્ગ બતાવ્યા છે. જ્ઞાન માર્ગ, કર્મ માર્ગ અને ભક્તિ માર્ગ. જેને જે માર્ગે જવું હોય તે માર્ગે જઈ શકે...પણ ત્રણે માર્ગમાં એક વસ્તુ ખૂબ સામાન્ય છે, તે છે મન પરનો કાબૂ. ઈન્દ્રિયો પર કાબૂ. અને આ રીતે એષણાઓ-ઈચ્છાઓ પર કાબૂ મેળવવો. ધીરે ધીરે પ્રયત્ન પછી આમાંથી મુક્તિ મળશે. મન ઈચ્છા-મુક્ત બનાવો. કંઈ પણ ઈચ્છા નહિ. અરે, બધું તેની પર છોડો–પ્રભુને તમારું જીવન અર્પણ

***ત્રણે માર્ગમાં એક વસ્તુ ખૂબ સામાન્ય છે, તે છે મન પરનો કાબૂ. ઈન્દ્રિયો પર કાબૂ.***

કરી દો, સંતોની જેમ. સુફી સંતો આવા હોય છે. ખરેખર તો આપણી પાસે જે કંઈ કરાવે છે તે કોણ કરાવે છે. બસ, 'એ'... પ્રભુ. તમને તમારો મૂળભૂત સ્વભાવ મળ્યો છે, તે પ્રમાણે જ તમે કરી રહ્યા છો. છાંદોગ્ય ઉપનિષદમાં 'સુખ' પર ભાર મૂક્યો છે. તે 'સુખ' આત્મિક સુખ સમજવું રહ્યું. આજ સુધી કોઈને પણ ભૌતિક સુખ પછી–ધન પછી, સુખ મળ્યું હોય તેમ જણાતું જ નથી...પણ આત્મિક સુખ પછી જે પરમ શાંતિનો અનુભવ થાય છે તેનું વર્ણન શબ્દોમાં ન થઈ શકે...એટલે નરસિંહ કહેતા કે, 'જ્યાં સુધી આતમા તત્ત્વ ચિન્યો નહિ ત્યાં સુધી સાધના સર્વે જૂઠી'...બસ, આત્મજ્ઞાન મેળવ્યા પછી જે શાંતિની અનુભૂતિ થાય છે તેનું વર્ણન ફક્ત અંદરનો આત્મા જ સમજે. 'અમૃતનો સ્વાદ ચાખ્યા પછી, જગતના બધા જ સ્વાદો તુચ્છ જણાય છે.' ઋષિમુનિઓથી માણીને આજના ઓશો સુધી બધા પ્રજ્ઞાવાન સંતોએ આનો અનુભવ કર્યો છે–આજ સૌને માટે કલ્યાણકારી છે.

✷ ✷ ✷

૫૧, 'શિલાલેખ', ડુપ્લેક્ષ, અરુણોદય સર્કલ પાસે,
અલકાપુરી, વડોદરા-૩૯૦ ૦૦૭.

## અ...વ...સ...ર

# 'જીવતરની વાટે અક્ષરનો દીવો' વિશે ગ્રંથ-પરિચય અને નાટ્યપ્રસ્તુતિ

(૧)

'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલી 'જયભિખ્ખુ જીવનધારા' લેખમાળા જુદા જુદા સ્વરૂપે એક વિશાળ પ્રવાહરૂપે વહી. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી શ્રી ધનવંતભાઈ શાહે જયભિખ્ખુની નવલકથા 'પ્રેમભક્ત કવિ જયદેવ' પરથી 'કૃષ્ણભક્ત કવિ જયદેવ' નામનું નાટ્યરૂપાંતર કર્યું એ સમયે જયભિખ્ખુના સાહિત્યમાં નિમગ્ન એવા 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહે જયભિખ્ખુના જન્મ શતાબ્દિ નિમિત્તે એમના જીનચરિત્રને લેખમાળા સ્વરૂપે લખવા જયભિખ્ખુના સુપુત્ર અને સાહિત્યકાર કુમારપાળ દેસાઈને આગ્રહ કર્યો. પરિણામે 'પ્રબુદ્ધ જીવન'માં સળંગ ૬૧ હપ્તા સુધી 'જયભિખ્ખુ જીવનધારા' પ્રગટ થઈ અને એ પછી કુમારપાળ દેસાઈએ ત્રણેક વખત મઠારીને એને ગ્રંથરૂપે પ્રગટ કરી. 'જીવતરની વાટે અક્ષરનો દીવો' એ ગ્રંથનું વિમોચન મુંબઈમાં જાણીતા લેખિકા શ્રી ધીરુબહેન પટેલે કર્યું. એ સમયે ધનવંતભાઈ શાહે જયભિખ્ખુના ૩૦૦ પુસ્તકોના કવનનો આસ્વાદ કરવાનું એક વાચિકમ્ મહેશ ચંપકલાલે કર્યું હતું.

અમદાવાદમાં પણ જયભિખ્ખુ વિશે એક કાર્યક્રમ યોજવો તેવી વિચારણા ચાલતી હતી. પરિણામે શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ગુજરાત વિદ્યાસભા અને ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના સંયુક્ત ઉપક્રમે એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો. મૂલ્યનિષ્ઠ સાહિત્યસર્જક અને જિંદાદિલીભર્યું જીવન જીવનાર જયભિખ્ખુનું જીવનચરિત્ર 'જીવતરની વાટે અક્ષરનો દીવો' પ્રગટ થયું. તેના ઉપરથી 'અક્ષર દીપને અજવાળે ચાલ્યો એકલવીર' એ નામે નાટ્યરૂપાંતર થયું. આ નાટ્યલેખન કર્યું અલ્પા નિરવ શાહે અને તેનું દિગ્દર્શન કર્યું નિસર્ગ ત્રિવેદીએ.

અમદાવાદના ચીનુભાઈ ચીમનલાલ સભાગૃહ (એચ. કે. આર્ટ્સ કૉલેજ કેમ્પસ)માં યોજાયેલા 'ગ્રંથપરિચય અને નાટ્યપ્રસ્તુતિ' કાર્યક્રમમાં 'જીવતરની વાટે અક્ષરનો દીવો' ગ્રંથનો પરિચય આપતાં જાણીતા કવિ શ્રી ચંદ્રકાન્ત શેઠે કહ્યું કે આપણા જિંદાદિલ અને ખેલદિલ, સાચદિલ અને સાફદિલ સાહિત્યસર્જક જયભિખ્ખુને ભગવાને જે પાઠ ભજવવાનો આપ્યો હતો, તે ઉમદા રીતે ભજવીને સ્વસ્થતાથી વિદાય થયા, પરંતુ એમના પનોતા પુત્ર, એમના ઉત્તમ વારસદાર કુમારપાળ દેસાઈ અને એમની સાથે બિરાદરીના નાતે બંધાયેલા આપણે સહુએ 'વન્સમોર' કરીને ફરીથી એમના જીવનની થોડી ઝલક અહીં રંગમેચ પર જોઈશું. જયભિખ્ખુની મધુમય અને મસ્તીભરી જીવનશૈલીને પરિણામે એ મીઠો મનખો છે. પંડે ખુલ્લી કિતાબ જેવા ખુલ્લાપણાના ખેલાડી મોજથી ખેલ્યા અને ખીલ્યા. જયભિખ્ખુની ધરતીની માટી કઈ રીતે સુવાસ આપતી થઈ તેની રસમય કથા તે 'જીવતરની વાટે, અક્ષરનો દીવો'. કુમારપાળે આ ગ્રંથદીપ પ્રગટાવી કવિ ન્હાનાલાલ અને નારાયણભાઈ દેસાઈની જેમ પિતૃતર્પણનું ઉત્તમ કાર્ય કર્યું છે. એમના આ પિતૃતર્પણમાં માતૃતર્પણ પણ અનુસ્યૂત છે. સ્નેહ, સેવા, ધર્મ અને જ્ઞાન જીવનના આ ચાર મહત્ત્વના સ્તંભો જયભિખ્ખુના જીવનમાં છે.

જાણીતા નવલકથાકાર શ્રી રઘુવીર ચૌધરીએ કહ્યું કે જયભિખ્ખુએ એમની નવલકથાઓમાં રાષ્ટ્રભક્તિ અને માનવસેવાની વાત કરી છે. પિતાશ્રીનું ઋણ ચૂકવવાના જે અનેક પ્રયત્નો કુમારપાળે કર્યા, તેમાં એક વીંછિયા અને વરસોડાની શાળામાં મદદ કરવી તે પણ છે. આખું પુસ્તક સચિત્ર બનાવ્યું હોઈ ઘટનાઓ પ્રત્યક્ષ લાગે છે. જયભિખ્ખુનું બાળપણ અને તેમનો ઘડતરકાળ કુમારપાળભાઈએ બહુ જ ઝીણવટથી આલેખ્યો છે. એક નવલકથા થાય, તેવી આની રજૂઆત છે. આપણે ત્યાં 'ધૂમકેતુ', ગુણવંતરાય આચાર્ય, કવિ દુલા ભાયા કાગ - એ બધા પ્રજાનો હૃદય ધબકાર ઝીલનારા હતા. એમને કોઈ કલાકાર કહે એવી અપેક્ષા જ નહીં, પણ એમની વાત લોકો સુધી પહોંચે તેવી ભાવના હતી. એ સમયમાં આ બધા વધુ ને વધુ વંચાતા લેખકો હતા. વધુ ને

વધુ પ્રેમ આપનાર અને પ્રેમ પામનાર લેખકો હતા. એવા આપણા એક લેખક જયભિખ્ખુ અને આપણી માતૃભાષા ગુજરાતી સાથે નવી પેઢીને જોડીએ, તેને માટે આ ઉપક્રમ યોજાયો છે, એનો મને આનંદ છે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સ્થપતિ શ્રી બાલકૃષ્ણ દોશીએ કહ્યું કે પિતા માટે લખેલું ચરિત્ર આ એક અદ્ભુત ચરિત્ર છે. જયભિખ્ખુની જે પ્રતિભા છે તે આવી ક્યાંથી ? એનું મૂળ શું ? એ વાંચતા મને વિચાર આવ્યો જે વ્યક્તિને નાનપણથી જ રોજનીશી લખવાની ટેવ પડી હોય, તે જે જુએ તેની નોંધ હોય. શોધ કરવાની તેમની તીવ્ર ઈચ્છા. આ ભવની પણ હોય અને ગયા ભવની પણ હોય. એનું મૂળ સત્યની શોધ અને સહનશીલતા છે. એમને કોઈ દિવસ કોઈ વસ્તુનું દુઃખ લાગ્યું જ નથી. એમને બધી જગ્યાએ આનંદ જ દેખાયો છે. એમનો કુદરત સાથેનો સંબંધ બહુ જ અદ્ભુત હશે. આ પુસ્તકમાં બે વસ્તુ છે પિતા માટેનો ગર્વ અને પુત્રનું સ્વમાન નહિ, પણ એક શોધ આની અંદર રહેલી છે.

પ્રારંભે ચરિત્રલેખક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે જયભિખ્ખુના અવસાનને આશરે સાડા ચાર દાયકા જેટલો સમય થયો. ૨૪મી ડિસેમ્બર ૧૯૬૯ના દિવસે તેમનું અવસાન થયું. છતાં આજે એમનો બહોળો વાચકવર્ગ અને ચાહકવર્ગ છે. જયભિખ્ખુ એક એવું વ્યક્તિત્વ હતું કે આજે આપણે જે સમાજ, જે પ્રકારનું જગત, જે પ્રકારનું સાહિત્ય, આપણી આસપાસ જોઈએ છીએ, એનાથી તદ્દન ભિન્ન પ્રકારનું વ્યક્તિત્વ છે. એમણે જીવનભર ખમીરીથી જીવવાનું નક્કી કર્યું.

લેખક કુમારપાળ દેસાઈએ ભૂમિકા આપતાં કહ્યું કે શ્રી ધનવંતભાઈ શાહના આગ્રહને પરિણામે 'પ્રબુદ્ધ જીવન'માં લેખમાળા રૂપે આ ચરિત્ર આલેખન કર્યું. એ પછી બધાં પ્રકરણોને મઠારી તેમ જ એમાં કેટલીક નવી ઘટનાઓ ઉમેરીને ચારેક વર્ષની મહેનતે આ ચરિત્ર તૈયાર કર્યું છે. અગરબત્તી જેવું જીવન જીવવાની ભાવના સેવનાર જયભિખ્ખુનું કવન એમના અવસાન પછી પણ ધૂપસળીની જેમ સુવાસ આપતું રહ્યું છે. એમના ૬૪ પુસ્તકોનું પ્રકાશન, બે જીવન ચરિત્રોનું પ્રકાશન, જયભિખ્ખુ વ્યાખ્યાનમાળા, જયભિખ્ખુ સ્મારક નિબંધ સ્પર્ધા, એમના નાટકોનું મંચન વગેરે પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

શ્રી ચંદ્રકાન્ત મહેતાએ કહ્યું કે બાવન પ્રકરણ અને પાંચ પરિશિષ્ટમાં લખાયેલું આ ચરિત્ર કલમથી નહિ, પણ હૃદયમાં કલમ ડુબાડીને લખ્યું છે. પરિવર્તન પામતા સંસારમાં ક્યા મરેલા માણસનો પુનર્જન્મ થતો નથી. અને મૃત્યુ તો અનિવાર્ય છે અને તેમ છતાં જેનું જીવ્યું સાર્થક છે, જેનાથી વંશ સંમુન્નતિ પામે છે. બાપ સવાયા હતા, તો દીકરો અઢી ગણો થયો. કુમારપાળભાઈએ આજે જે રીતે પિતૃઋણ અદા કર્યું છે, એ એક પેઢી નહીં, પણ ઇકોતેર પેઢી તારે એવું મહાન છે. આપણે એમની સાહિત્યસેવા અને પિતૃપ્રેમને વંદન કરીએ. દેવની ભક્તિ કરવી સહેલી છે, પણ દેશની, માનવતાની, સાહિત્યની કે સંસ્કૃતિની ભક્તિ કરવી એ અઘરી છે. જયભિખ્ખુએ માત્ર લખ્યું નથી એ જેવું જીવ્યા તેવું જ એમણે લખ્યું છે.

એ પછી 'જીવનદીપને અજવાળે ચાલ્યો એકલવીર' એ શીર્ષકથી જયભિખ્ખુના જીવન આધારિત નાટક ભજવવામાં આવ્યું.

જયભિખ્ખુના જીવનના મહત્ત્વના પ્રસંગોને અત્યંત નાટ્યાત્મકતા અને હૃદયસ્પર્શીયતાથી વણી લેવામાં આવ્યા. જયભિખ્ખુના પાત્રમાં શ્રી મુકેશ રાવ, જયાબહેનના પાત્રમાં હેતલ મોદી, ખાનના પાત્રમાં પાર્થ અને અન્ય પંદર કલાકારોએ પણ સુંદર અભિનય કર્યો.

જયભિખ્ખુનો ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય-પ્રકાશન સંસ્થા સાથે ગાઢ સંબંધ હતો. લેખક-પ્રકાશકના આવા હૂંફાળા સંબંધનું સ્મરણ કરીને શ્રી મનુભાઈ શાહે આભારવિધિ કરી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિ. સુભાષ બ્રહ્મભટ્ટે કર્યું.

સાહિત્યકારો, સાધકો, વકીલો તથા જયભિખ્ખુના ચાહકો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા અને સહુએ નાટક માણ્યું હતું.

**□ નલિની દેસાઈ**

(૨)

## ફાર્બસ ગુજરાતી સભા-મુંબઈ

ઉપરોક્ત સંસ્થાના ઉપક્રમે તા. ૩-૫-૨૦૧૫ના સવારે સાડા દસ વાગે 'ગ્રંથનો પંથ' શ્રેણીમાં જોગાનુજોગ આ જ ગ્રંથ-'જીવતરની વાટે અક્ષરનો દીવો' ઉપર ડૉ. ધનવંત શાહે વિગતે સમીક્ષા આ સંસ્થાના સભાખંડ-બીસીસીઓ હૉલ ભવન્સ કૅમ્પસમાં કરી હતી.

ડૉ. ધનવંત શાહે પોતાની સમીક્ષામાં આ જીવન-ચરિત્ર ગ્રંથને ધૂપસળી જેવો જીવન-ચરિત્ર ગ્રંથ કહી અગરબત્તી જેવું જીવન જીવનાર જયભિખ્ખુને શ્રદ્ધાંજલિ આપી ગ્રંથને બિરદાવી કહ્યું કે ગુજરાતી સાહિત્યના ઇતિહાસની આ અદ્ભુત ઘટના છે. પિતા કવિ દલપતરામ અને પુત્ર કવિ ન્હાનાલાલ, એ જ રીતે સર્જક પિતા જયભિખ્ખુ અને સાહિત્યકાર પુત્ર ડૉ. કુમારપાળ. આ બંન્ને સાહિત્યકાર પુત્રોએ પોતાના સાહિત્યકાર પિતાનું જીવન-ચરિત્ર લખી ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં અવિસ્મરણિય સોનેરી રેખા ઉમેરી છે.

ઉપરાંત ડૉ. ધનવંત શાહે ઉપરોક્ત ગ્રંથના પ્રત્યેક પ્રકરણનો વિગતે રસાસ્વાદ શ્રોતાઓને કરાવી એ સત્ય તારવ્યું હતું કે જયભિખ્ખુનું જીવન અને સર્જન બન્નેમાં કલા અને આધ્યાત્મિકતાના તેજભર્યા પ્રેરક શિખરોના દર્શન થાય છે.

ગુજરાતી સાહિત્યના પૃષ્ટો પર પિતાપુત્ર દલપત-ન્હાનાલાલ કુલ સાહિત્ય સેવા ૧૨૦ વર્ષની, એ જ રીતે પિતાપુત્ર જયભિખ્ખુ-

કુમારપાળની સાહિત્ય સેવા ૧૦૪ વર્ષની, એ પણ વર્તમાનમાં ગતિમય, અને પત્રકારત્વની કોલમ જગતમાં તો 'ઈંટ-ઇમારત'ને આજે ૬૧ વર્ષ થયા.

ડૉ. ધનવંત શાહ આ રીતે અનેક તારણો અને સત્યો પ્રગટ કરી શ્રોતાઓને આશ્ચર્ય જગતમાં લઈ ગયા હતા.

(૩)

## શાસનસમ્રાટભવનમાં અપૂર્વ અધ્યાત્મકૃતિ 'શાંતસુધારસ' પર વ્યાખ્યાન

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી અને શાસનસમ્રાટભવનના ઉપક્રમે મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજીની અપૂર્વકૃતિ 'શાંતસુધારસ'માં આલેખાયેલી ભાવનાઓ વિશે જૈનદર્શનના તત્ત્વચિંતક શ્રી કુમારપાળ દેસાઈએ વક્તવ્ય આપતાં કહ્યું કે શાંતસુધારસ એ શાંતિ, સમતા, પ્રસન્નતા અને સમાધિ આપતું અક્ષરતીર્થ છે. મહામહોપાધ્યાય વિનયવિજયજીએ લોકપ્રકાશ, નયકર્ણિકા કે શ્રીપાલરાસ જેવી કૃતિઓ લખી છે, પરંતુ છેલ્લા અઢી હજાર વર્ષમાં જૈન ધર્મમાં આવી કોઈ વૈરાગ્યભરી કે અધ્યાત્મપૂર્ણ રચના મળતી નથી. એમણે પહેલી ભાવનામાં જીવનની અનિત્યતાની ઓળખ આપીને નિત્યતાનો મહિમા ગાયો છે. ભવભ્રમણથી કાયાના થાકથી અને ઉદ્વેગ પામેલું મન અને અનંત સુખમય મોક્ષ પ્રાપ્ત કરવા માટે ચિત્તને માટે આ કૃતિ છે. આ કૃતિના મંગલાચરણમાં જિનવાણીના મહિમાગાનની વાત કરીને દર્શાવ્યું કે આયુષ્ય, રિદ્ધિ, સિદ્ધિ, સંપત્તિ, સુખ કે એ અનિત્ય હોવાથી વ્યક્તિએ નિત્ય એવા આત્મજ્ઞાનની શોધ કરવી જોઈએ. આત્મા અને શરીર ભિન્ન છે એવું ભેદજ્ઞાન જરૂરી છે અને એ નિત્ય એવા આત્માને અને એના સ્વરૂપને ઓળખવું જોઈએ અને તો જ સુખનો સાચો અનુભવ પામી શકે.

આ પ્રસંગે હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટ વતી શ્રી ગૌરવ શેઠે અને દેશ-વિદેશમાં કાર્યરત એવી ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી વતી ડૉ. નલિની દેસાઈએ સ્વાગત વક્તવ્ય આપ્યું હતું. શ્રી અમિત ઠક્કર અને દીપ્તિ દેસાઈએ 'શાંત સુધારસ'ના શ્લોકોનું ગાન કર્યું હતું. શાસન-સમ્રાટભવનના હૉલના મંગલ પ્રારંભ પ્રસંગે યોજાયેલા આ સર્વપ્રથમ ઉદ્ઘાટન કાર્યક્રમની સફળતા અંગે શ્રી કયવનભાઈ શેઠે આભાર અને આનંદ પ્રગટ કર્યા હતો અને પ્રત્યેક મહિને આ પ્રકારના કાર્યક્રમો યોજવાનું સૂચન કર્યું હતું. આમાં મોટી સંખ્યામાં વિદ્વાનો, શ્રેષ્ઠીઓ અને અધ્યાત્મરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

(૪)

## વિમોચન : 'શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન'

શ્રી સૌભાગ્યવર્ધક જૈન સંઘ (પાર્લા ઈસ્ટ) આયોજિત પ. પૂ. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી રચિત અને આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજી ભાવાનુદિત 'શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન' ગ્રંથનું તા. ૭-૬-૨૦૧૫ના ડૉ. અશોક મહેતાના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. રશ્મિકુમાર ઝવેરી અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. ધનવંત શાહે પ્રાસંગોચિત પ્રવચનો કર્યા હતા અને આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજીએ ગ્રંથોનો મહિમા સમજાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદૂષિ ભારતીબેન ભગુભાઈ શાહે કર્યું હતું.

આ પ્રસંગે પાર્લાના જૈન શ્રેષ્ટિઓ અને સર્વ ટ્રસ્ટીગણ તેમ જ જિજ્ઞાસુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રસ્તુત ગ્રંથ 'પ્રબુદ્ધ જીવન'માં લેખમાળારૂપે પ્રકાશિત થયો હતો.

(૫)

**ફ્રેંડ્સ ઑફ ધરમપુર અને વી.એસ.એસ.એમ.**

C/o રશ્મીન સી. સંઘવી
website : www.rashminsanghvi.com
Email : rashminsanghvi@gmail.com

પ્રિય મિત્રો,

ફ્રેંડસ ઑફ ધરમપુર અને વી.એસ.એસ.એમ.ના વાર્ષિક ભોજન સમારંભમાં આપ સહુને નિમંત્રણ છે.

દિવસ અને તારીખ : શનિવાર, ૨૭મી જુન, ૨૦૧૫.

જગ્યા : સમતાબાઈ હૉલ, અમુલખ અમીચંદ હાઈસ્કૂલ, રફી અહમદ કીડવાઈ રોડ, વડાલા, મુંબઈ. (કીંગ સર્કલ અને વડાલાની વચ્ચેનો રસ્તો)

સમય : સાંજે : ૪-૩૦ થી ૫-૦૦.
NGOs જાણકારી આપશે : ૬-૦૦ થી ૬-૩૦ સાંજે

નીચે મુજબ ટ્રસ્ટ પોતાના ટ્રસ્ટની જાણકારી આપશે.

(૧) ડૉ. દક્ષા પટેલ : આર્ચ, મધર અને ચાઈલ્ડ હેલ્થ કેર ફોર ટ્રાઈબલ લેડીસ ઑફ ધરમપુર.
(૨) મિ. પ્રદીપ શાહ : કેરીંગ ટ્રેડર્સ
(૩) મિસ મૌલિક પટેલ અને મિતલ પટેલ : વિચરતા સમુદાય સમર્થન મંચ
(૪) મિ. અતુલ દોશી : અવલખંડી કેળવણી ટ્રસ્ટ
(૫) મિ. નીતિન સોનાવાલા : શબરી છાત્રાલય, કપરાડા

✶ ✶ ✶

● *નિરાશા આશાની પાછળ પાછળ ચાલે છે.*

–એલ. ઈ. સેમડન

● *નિરાશા જીવનના ઘણાં બહુ મૂલ્ય તત્ત્વોને નષ્ટ કરી નાખે છે. એનાથી જીવનનાં ઘણાં અવસરો ખોવાઈ જાય છે.*

–સ્વેટ માર્ડન

# ભાવ-પ્રતિભાવ

(૧)

બહેનશ્રી રેશ્માબેન

આપશ્રી તરફથી પ. પૂ. ગુરુદેવ ડૉ. રાકેશભાઈ ઝવેરીની અમૃતવાણી દ્વારા ભગવાન મહાવીરની અંતિમ દેશના ત્રિ-દિવસીય સ્વાધ્યાય યોજી, સાંભળનાર ત્રણે દિવસના આરાધકોને આપે તનથી, મનથી, વાણીથી, વચનથી, વાયબ્રેશન દ્વારા જાગૃત કરી દીધા. વ્યાખ્યાન યોજવા બદલ અંતરના અભિનંદન.

'આંખ ખૂલી તો ઊઠ્યા કહેવાય
દૃષ્ટિ ખૂલી તો જાગ્યા કહેવાય.'

ડૉ. રાકેશભાઈ ગુરુદેવે જાગૃત કરી દીધા. અર્થ ઉપાર્જનમાં કલાકો ગાળી સાથે કાંઈ લઈ જવાનું નથી. જ્યારે આત્મા માટે સમય વધારતા જવાનો સંદેશ સ્પર્શી ગયો.

આવતા વર્ષે સ્વાધ્યાય ફરી યોજવાનું ગમ્યું, પણ તેના કરતાં દર મહિને અથવા દર બદલાતી મોસમમાં એક વ્યાખ્યાનમાળા યોજવાનો વિચાર અમલમાં મૂકવા જેવો ખરો ?

ત્રણે દિવસ બિરલા માતુશ્રી સભાગૃહમાં મહાવીર સ્વામીજીની વાણીના ઝરણાં ખળખળ વહેતા હતા અને કાંઈક સાંભળી સાધના કરતા હોઈએ તેવો ભાસ થતો હતો અને સંપૂર્ણ સંતોષ બધાની નજરમાં તરી આવતો હતો. આપની સંપૂર્ણ ટીમને ફરીથી અભિનંદન.

□ **વર્ધમાન ન. શાહ**
મહેતા સદન, ભવાની શંકર રોડ, દાદર,
મુંબઈ-૪૦૦ ૦૨૮. મો.: ૯૮૨૧૩૪૪૩૩૮

(૨)

સુશ્રી રેશ્માબેન

(૧) બિરલા માતુશ્રીમાં પૂ. શ્રી રાકેશભાઈનો ૫, ૬, અને ૭ મે નો પ્રોગ્રામ બહુ જ સુંદર, હૃદયસ્પર્શી અને જ્ઞાન આપનાર રહ્યો. આવા અપ્રતિમ આયોજન માટે ખૂબ ખૂબ અભિનંદન. અલ્પાહારની વ્યવસ્થા પણ ખૂબ સરસ રહી.

(૨) આ કાર્યક્રમ વખતે 'નેપાળ' ભૂકંપ દુર્ઘટના માટે જે ટહેલ નાખી હતી તેના પ્રત્યુતર રૂપે ફૂલની પાંખડી રૂપે આ સાથે રૂા. ૫,૦૦૦/-નો ચેક મોકલું છું તે સ્વીકારશો. મારો Pan No. AA HPS 7883 E છે તે જાણ માટે.

(૩) વિશેષમાં લખવાનું કે ઉત્તરાધ્યયન સૂત્ર-ગ્રંથ માટે અમે ગ્રંથ અને CD બંન્ને માટે ચિઠ્ઠી આપી છે (બિરલા સભાગૃહમાં) તો તેની નોંધ લઈ સમય આવે તે અમને મોકલશો તો આભારી થઈશું.

□ **નીલા જયેશ શાહ**
આકૃતિ એરિકા, શ્રદ્ધાનંદ રોડ, વિલેપારલે (ઈ),
મુંબઈ-૪૦૦ ૦૫૭. ટેલિ. +૯૧-૨૨૨૬૧૨૫૬૮૬

(૩)

આપકે દ્વારા આયોજિત ડૉ. કુમારપાલ દેસાઈ કા હેમચન્દ્રાચાર્ય કથા ભારતીય વિદ્યાભવન મેં મેરે કો દેખને કા અવસર મિલા. બહુત બહુત ધન્યવાદ આપકે ઇતને અચ્છે કાર્ય કે લિયે. આગે આપકે દ્વારા કોઈ ભી કાર્યક્રમ હોવે તો મેરે કો સૂચના જરૂર ભિજાયે.

**હીરાચન્દ જૈન**
૯૦૨, ગ્રેસ હાઈટ્સ,
૧૪૯, અલીભાઈ પ્રેમજી રોડ,
ગ્રાંટરોડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૦૭.

(૪)

અનેકાન્તવાદના ગૂઢ અને મહત્ત્વના વિષય ઉપર આપશ્રીએ 'પ્રબુદ્ધ જીવન'નો સમગ્ર અંક પ્રસિદ્ધ કર્યો અને ખૂબ જ ગુઢ તથા અઘરા વિષયને વિદ્વાનોએ પોતપોતાની રીતે સમજાવવા માટે વિપુલ પ્રમાણમાં પ્રયત્ન કર્યો છે.

તંત્રીસ્થાનેથી વિશ્વ શાંતિ માટેનો અજોડ વિચાર અનેકાન્તવાદ છે તે પ્રમાણે જણાવ્યું. આ એક વિધાનને જો બધા લોકો સ્વીકારે તો દુનિયામાં ક્યારે પણ લડાઈ થાય નહિ.

દુનિયાની અંદર ઘણાં બધાં ધર્મો પ્રવર્તે છે અને દુનિયાના કરોડો માણસો પોતપોતાની રીતે તેમની સમજ તથા વિદ્વત્તા પ્રમાણે પોતે માનેલ ધર્મનું આચરણ કરે છે.

જૈન તત્ત્વજ્ઞાન દ્વારા અનેકાન્તવાદનો સિદ્ધાંત સમાજ સમક્ષ મૂકવામાં આવ્યો છે અને આ સિદ્ધાંતને કારણે જૈન ધર્મ બીજા ધર્મો કરતાં વધારે પ્રતિષ્ઠા પામ્યો છે.

ડૉ. સેજલબેન શાહનો આપશ્રીએ પરિચય આપ્યો છે. આ બાબત આપને જણાવવાનું કે થોડાં વર્ષો પહેલાં તા. ૧૧-૧૨-૧૧ના રોજ જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ, ઘાટકોપરના ઉપક્રમે ડૉ. સેજલબેન શાહે 'નય પ્રમાણથી મન પ્રયાણ સુધી' વિષય ઉપર પ્રવચન આપેલ. આ તેમનું પ્રથમ જાહેર પ્રવચન હતું. ત્યાર પછી ડૉ. સેજલબેન શાહ અનેક વિદ્વાનોના પરિચયમાં આવ્યા અને અનેકાન્તવાદ ઉપરના વિશેષાંક પ્રસિદ્ધ કરવા માટે તમોએ ડૉ. સેજલબેન શાહની પસંદગી કરી. આપશ્રી ખરેખર હીરાપારખુ વિદ્વાન છો અને તેથી તમોએ આજસુધીમાં ઘણાં વિદ્વાનોની વિદ્વતાને પ્રસિદ્ધિ આપી છે. ડૉ. સેજલબેન શાહે ભર્તુહરીના નીતિશતકનો ઉલ્લેખ કર્યો છે અને તે ઉલ્લેખના આધારે પણ અનેકાન્તવાદને સાથે જોડવા પ્રયત્ન કરેલ છે.

ભાઈશ્રી પ્રતાપભાઈ ટોલીયાએ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં અનેકાન્તવાદના વિષય ઉપર આત્મસિદ્ધિ શાસ્ત્રમાં અનેકાન્તવાદના વિષય ઉપર આત્મસિદ્ધિ શાસ્ત્રની ગાથાઓ ટાંકીને અનેકાન્તવાદ ઉપર ખૂબ જ પ્રકાશ પાડેલ છે. અત્યાર સુધીમાં આત્મસિદ્ધિ શાસ્ત્રમાં

અનેકાન્તવાદ ઉપર વિશેષ ચર્ચા સાંભળવામાં આવી નથી તે માટે ભાઈશ્રી પ્રતાપભાઈ ટોલીયાને અભિનંદન.

વિદ્વાન લેખક યોગાચાર્ય ભાણદેવજીએ તેમના લેખમાં ચાર-પાંચ મુદ્દાઓનો ખૂબ સારી રીતે ઉલ્લેખ કરેલ છે. તેમાં `The life is greater than phylosophy' એટલે કે જીવન તત્ત્વજ્ઞાન કરતાં મહાન છે. બીજું તેમનું એક વિધાન છે કે – `Life is a mistery and it is to remain a mystery for ever.' એટલે કે જીવન એક રહસ્ય છે અને તે સર્વદા રહસ્ય જ રહે છે. આ તેમના બન્ને વિધાનોથી અનેક પ્રકારના વિચારો ઉદ્ભવે છે.

અનેકાન્તવાદના સિદ્ધાંત પ્રમાણે હું પણ સાચો જ છું અને તમે પણ સાચા જ છો તેવા સિદ્ધાંતનું પ્રતિપાદન કરવામાં આવે છે. પરંતુ વાસ્તવિક રીતે મનુષ્ય જીવનનો વિચાર કરીએ તો સામો માણસ પણ સાચો છે તેવું કહેવાની કોઈક તૈયારી હોતી નથી. કારણ કે વાદવિવાદમાં મનુષ્ય પોતાની સમજણ અને જ્ઞાન પ્રમાણે હું જ સાચો છું તેવું પુરવાર કરવા પોતાના અહમ્‌ને કારણે પ્રયત્ન કરે છે.

ભાઈશ્રી ધનવંતભાઈ, આપશ્રીએ ઘણા અઘરા અને ગુઢ વિષયને 'પ્રબુદ્ધ જીવન' દ્વારા સમાજ સમક્ષ રજૂ કરવાનો જે પ્રયત્ન કરેલ છે તે માટે તમોને ખૂબ ખૂબ અભિનંદન અને તે જ પ્રમાણે ડૉ. સેજલબેન શાહે આ અંક પ્રસિદ્ધ કરવા માટે જે મહેનત કરી છે તેમાં તેમની વિદ્વતા અને અખૂટ ધીરજના દર્શન થયા છે.

**□ ચમનલાલ ડી. વોરા**
ખટાઉ એપાર્ટમેન્ટ, ફ્લેટ નં. ૧,
જોષી લેન, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન : ૨૫૦૧૧૬૧૯

(૫)

આપની સંસ્થા દ્વારા પ્રકાશિત 'પ્રબુદ્ધ જીવન' માસિક નિયમિત મળે છે. લેખો વાંચતા આનંદ અને ગૌરવ થાય છે. હાલમાં 'પ્રબુદ્ધ જીવન' માસિકનો માર્ચ માસનો અંક નં. ૧૨ મળ્યો. આ વિશિષ્ઠ અંકની માનદ વિદુષી સંપાદિકા ડૉ. સેજલ શાહને અંતરના અનેક અભિનંદન. ખૂબ જ મહેતનથી સુંદર લેખો અનેકાંતવાદ, સ્યાદ્‌વાદ અને નયવાદના ગહન વિષયો પર સરળ ગુજરાતી ભાષામાં અભ્યાસી લેખકોના લેખો ચિંતન સભર છે.

જૈન ધર્મના વિદ્વાનોને અભ્યાસ ગહન છે. ધર્મના ઊંડા વિષયો માટે સચોટ માર્ગદર્શન રૂપ છે. સૌ લેખક તથા લેખિકાઓને અંતરના અભિનંદન.

'મહાવીર વંદના'નો પ્રોગ્રામ તા. ૨૫-૪-૧૫, ખરેખર સફળ થયો હશે. ગાયક કલાકારોનો પરિશ્રમ ફળદાયી નિવડ્યો હશે. આ શુભ પ્રસંગે હાજર ન રહેવાનો ખેદ છે. સવિનય વિનંતિ કે આ મહાવીર વંદનાની ઑડિયો C. D. તૈયાર કરી હોય તો એક C. D મોકલવા કૃપા કરશો. ભક્તિ ગીતો સાંભળતાં આનંદ થશે. આ મહાવીર વંદનાના પ્રિય ગીતો અહીંની પાઠશાળાના બાળકોને સંભળાવવાનો કાર્યક્રમ રાખીને લાભ લઈશું.

આપના સહકારની અપેક્ષા સાથે.

**□ શરદચંદ્ર આર. શેઠ**
૩૦૧, અમરદીપ કોમ્પલેક્ષ,
અંબાજી રોડ, વલસાડ-૩૯૬૦૦૧.

(૬)

આપ અમદાવાદની યાત્રાએ આવ્યા. પ્રત્યક્ષ પ્રથમવાર મળ્યા, તેની પ્રસાદીરૂપે 'પ્રબુદ્ધ જીવન'માં લેખ લખવાનો અવસર મળ્યો. આનંદ થયો.

'પ્રબુદ્ધ જીવન'ના માસિક માટે સમાજને નવું નવું નજરાણું આપવાનો આપનો અભિગમ પ્રશંસનીય છે. આ કાળે ધર્મની પરંપરાને જીવિત રાખવા નવા અવતરણોના પ્રસારની ઘણી આવશ્યકતા છે. પ્રભુ તમને તે માટે શક્તિ આપે તેવી અભ્યર્થના.

**□ સુનંદાબહેન વોહોરા**
૫, મહાવીર સોસાયટી, પાલડી બસ સ્ટેન્ડ પાછળ,
ગજરાવાલા ફ્લેટની ગલીમાં, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૫૮ ૭૯૫૪, ૨૬૫૮ ૯૩૬૫

(૭)

'પ્રબુદ્ધ જીવન'નો ફેબ્રુઆરી માસમાં ગાંધી વિશેષાંક પ્રકટ કરીને તમે ગાંધી પ્રેમીઓ, ગાંધી શ્રદ્ધાળુઓ, ગાંધી ચાહકો ઉપર મોટો ઉપકાર જ કર્યો છે. આ કાર્ય માટે તમને અભિનંદન! બહુ જ ગમ્યો છે અને સંગ્રહ કરવા જેવો જ છે. ભૂલ કરી જાણી. વધારે નકલો મંગાવી નહીં. હાલ મુંબઈના એક મિત્ર મારફત તમારે ત્યાંથી ત્રણ નકલો મંગાવી. અહીં અમો ૧૩, ૧૪ સાધકો ભાઈ-બહેનો ગાંધીજીના અુયાયીઓ, ભક્તો ને ચાહકો છીએ. બીજા ગાંધી પ્રેમીઓને આપવાની વાત તો હજી દૂરની વાત રહી! ધનવંતભાઈ, તમારા થકી આવા મહાન કાર્યો, ઉત્તમ કાર્યો થઈ રહયા છે. ભગવાનની કૃપાથી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીઓ ઘણાં સારા ને ઊંચી કોટિના આવ્યાં છે. આ કારણે જ 'પ્રબુદ્ધ જીવન' આટલા લાંબા કાળથી ટકી રહ્યું છે. નહીં તો કોઈપણ સામયિકની આટલી લાંબી યાત્રા આ લોકમાં દેખાય છે? તમારા જેવા ઉદારવાદી, કટ્ટરતાના શિકંજાથી પર સર્વ ધર્મ સમભાવવાળાને પ્રભુ સાથે ગાંધીજીમાં પણ એટલી જ શ્રદ્ધા ને પ્રેમ? આ અંકને પુસ્તક આકારમાં છપાવી એક સારૂં પુસ્તક તૈયાર કરવું. એમાં કાંઈ વધારાના અંશો નાખવાથી સારૂં પુસ્તક તૈયાર થશે.

છેલ્લે જે તસવીરો છાપી છે તે પણ ગમી. ટૂંકા સમયમાં સોનલબેને ઘણું સારૂં કાર્ય કર્યું. તેમને અમારા અભિનંદન. 'પ્રબુદ્ધ જીવન' આવા સુંદર ને ઉપયોગી વિશેષાંકો પ્રગટ કરતું રહે તે ઘણું ગમશે.

**બાબુજી** (વૃંદાવન)

(૮)

હું શ્રી સેટેલાઈટ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘનો સભ્ય છું.આપ ઉક્ત માસિક દ્વારા જે જ્ઞાનની, જૈન ધર્મની, અહાલેક જગાવી છે તે ખરેખર અનુમોદનીય છે. અને વધુ ને વધુ જ્ઞાન પીરસતા રહો તેવી અરિહંત પરમાત્માને ખરા દિલથી પ્રાર્થના કરું છું. આપના આ માસિકો દર માસે નિયમિત વાંચીને સંઘની ઑફિસમાં પરત જમા કરાવી દઉં છું જેથી બીજા પણ તેનો લાભ મેળવી શકે.

વધુમાં આપને જણાવવાનું કે, એપ્રિલ-૨૦૧૫ના અંકનો ડૉ. ધનવંત શાહનો લેખ 'ભગવાન મહાવીરની શીખ' ખૂબ જ માનનીય અને પ્રેરણાદાયક છે. તેમાં પણ પાના નં. ૫ ઉપર પેરા નં. ૪માં જણાવ્યું છે કે, 'મહાવીર જગતના પહેલાં માનસશાસ્ત્રી અને પહેલા સામ્યવાદી. અન્યને સુખ આપવાથી જ પોતાને સુખ મળે એ મનની વાત એમણે પ્રગટ કરી અને અપરિગ્રહના સિદ્ધાંતથી જગતને એમણે સામ્યવાદ અને સમાજવાદનો મૂલ્યવાન વિચાર આપ્યો. કાર્લ માર્ક્સ તો બહુ મોડો આવ્યો.' આ ખૂબ જ સુંદર વાત રજૂ કરી છે. બીજું ડૉ. કેશુભાઈ દેસાઈ લિખીત 'શ્રીમદ્ રાજચંદ્ર અને સાબરકાંઠાના સંતો'નો લેખ હજુ વાંચવાનો ચાલુ છે જે ખૂબ જ મનનીય અને પ્રેરણાદાયી લાગી રહ્યો છે. પૂરો લેખ વંચાશે ત્યારે ખ્યાલ આવશે કે શ્રીમદ્ રાજચંદ્ર કેવી ઉત્તમ કોટિની વિભૂતિ હતી. હજુ માસિક પુરેપુરું વંચાયું નથી.

આપનું માસિક વાંચવા બેસીએ ત્યારે પૂરું કરીને જ મૂકીએ તેવી પ્રબળ ઈચ્છા રહ્યા કરે છે. પરંતુ નિવૃત્ત વય અને સાંસારિક તેમજ સામાજીક કાર્યોને લઈને એક જ બેઠકે માસિક પૂરું વાંચી શકાતું નથી.

**□ દીપકભાઈ માણેકલાલ શાહ**
બી-૧/૧૨, પ્રસિદ્ધ એપાર્ટમેન્ટ,શ્યામલ રૉ હાઉસ
વિ.પ.પાસે,૧૩૨ ફૂટ રીંગ રોડ, સેટેલાઈટ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.મો. ૦૯૬૦૧૮૪૩૭૮૯

(૯)

અંક ૮ના મુખપૃષ્ઠ વિશે બે શબ્દો : સરસ્વતીદેવીના ચિત્રો દેશના ઘણાં નામી કલાકારોએ કર્યા છે. રાજા રવિવર્મા, નંદલાલ બોઝ, હેબ્બર, રામકુમાર, દલાલ અને એવા અનેક કલાકારોએ સુંદર ચિત્રો કર્યા છે. તેની તુલનાએ અંક-૮નું ચિત્ર કેલેન્ડર-ચિત્ર જેવું ભડક રંગોવાળું છપાયું ! અંક ૧૦મું ચિત્ર પણ, પ્રતિમાના રંગો, આ પ્રતિમા સુવર્ણની છે એવું લાગવું જોઈએ.

બે-એક દિવસમાં હું આપને E-mailથી કેટલીક સુંદર છબીઓ મોકલીશ. ગમશે.

ફેબ્રુ.ના છેલ્લા દિવસોમાં મેં ૮૦ જેટલાં કલાકારોને લઈને પાલીતાણામાં ચાર દિવસ સુધી ચિત્રો કરાવ્યા છે. કલાકારોએ ૨૯૦ જેટલાં ચિત્રો તૈયાર કર્યાં છે. તેનો લેખ તથા સુંદર ચિત્ર આપને મોકલીશ. મુખપૃષ્ઠ પર છાપજો.

**□ રમેશ બાપાલાલ શાહ**
૭૦૩ નૂતન નિવાસ, ભટાર માર્ગ,
સુરત-૩૯૫૦૦૫

(૧૦)

મારી અરજ સાંભળવા બદલ અને મારો પત્ર તથા ખાસ કરીને 'ક્યાં છે બાપુ ?'વાળી કવિતા પ્રગટ કરવા બદલ ખૂબ આભાર.

હા, 'ગાંધી જીવન ગાથા'ના પાનાં ૫૦ નહિ ૪૫૦ છે. વળી, બાજુવાળી કવિતામાં 'ત્યારે ડગમગને પાયે' નહિ પરંતુ 'રક્ત ટપકતે પાયે' જોઈએ. ખેર.

**યશવંત મહેતા**
તંત્રી : સહજ બાલઆનંદ

(૧૧)

'પ્રબુદ્ધ જીવન'નો એપ્રિલનો અંક મળી ગયો. 'પ્રબુદ્ધ જીવન'ની રાહ જોતા રહીએ છીએ. જૈન ધર્મની કેટલીક વિશિષ્ટતાઓ છતી થાય છે. અનેકાંતવાદ સ્મરે છે. ઈશ્વરના સત્ય સ્વરૂપની સમજ મળે છે. 'પ્રબુદ્ધ જૈન'માંથી 'પ્રબુદ્ધ જીવન' બની શકે છે. તેમાં સૌનો સાથ સૌનો વિકાસ રહેલ છે. આ અંકમાં ડૉ. કેશુભાઈ દેસાઈના વ્યાખ્યાનના અંશો મુકાયા છે. સદેહે પરમાત્મા પદને પહોંચી શકાય છે. પંચ પરમેષ્ઠી એ ઉદાહરણ તો છે જ.

વવાણિયાના સંત રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્ર) વિશે પણ ધ્યાન દોર્યું. શ્રીમદ્ રાજચંદ્રજીનો સંપર્ક તો મને થયો નથી પણ તેમને જોયા છે. અખબારોમાં તે સમયમાં ઘણું વાંચવા મળતું હતું તેથી વંદન કરવાનું મન થતું.

**□ શંભુ યોગી**
કનૈયા માઢ, વડનગર. જિ. મહેસાણા

(૧૨)

એપ્રિલ અંકમાં, Live for Leaving વાંચવું ગમ્યું. આ વિષે મેં 'કચ્છ ગુર્જરી'માં દાયકાઓ પહેલાં લખ્યું હતું.

'છોડવા માટે પકડવું !' આપણે જે કંઈ કરીએ છીએ તે ભવિષ્યની પેઢી માટે જ. નાના બાળકોમાં, ભારતનું ભવિષ્ય જોતાં થઈએ તો Leaving સરળ થઈ જાય, મૃત્યુનું જરાયે દુઃખ ના રહે, તે સાથે આત્મ વિકાસનો આનંદ પણ રહે. મૂળમાં, 'અનાસક્તિ' કેળવાવી જોઈએ.

'આનંદ ઉપવન'માં શ્રી ધીરુભાઈ પારેખે, અને 'કુમાર'માં શ્રી ધીરુભાઈ પરીખે તમને 'કલાપી' નાટકના સંદર્ભે યાદ કર્યા છે. તમે વ્યાપકતા કેળવી રહ્યાં છો તે ગમે છે. માત્ર, જૈન-સંપ્રદાયમાં પૂરાઈ રહેવું પૂરતું નથી, 'માણસ' બનવું પણ જરૂરી છે.

એક તરસ્યો, બંગલે પાણી પીવા ગયો. પાણી માગ્યું. શેઠે કહ્યું, 'હમણાં માણસ આવીને તને પીવડાવશે. ઘણીવાર થઈ, છતાં માણસ ના આવ્યો, ત્યારે તૃષાતુરે કહ્યું, 'શેઠ સાહેબ, થોડીવાર તમે માણસ

બની જાવ, અને મને પાણી પીવડાવોને! ટૂંકમાં, શેઠે, ધનવંતોએ, સો પ્રથમ 'માણસ' બનવાની જરૂર છે. પછી, જૈન તો આપોઆપ બની જવાશે! કલાપી, ૨૬ વર્ષ જીવ્યા, ઝેરના પ્રયોગથી મર્યા, દેશી રાજ્યોની ખટપટમાં મર્યા. મહર્ષિ દયાનંદની પણ આવી જ સ્થિતિ થઈ. હજી માણસ ક્યાં માણસ બન્યો છે! હું તન-મનવંત હોવા છતાં મારો કોઈ ભાવ પૂછતું નથી!

**☐ હરજીવનદાસ થાનકી**
સીતારામ નગર, પોરબંદર

(૧૩)

'પ્રબુદ્ધ જીવન'ના એપ્રિલ અંકમાં 'પ્રતિભાવ' વિભાગમાં મારો પ્રતિભાવ છપાયો છે. જેમાં મેં લખ્યું છે કે 'વર્ધમાન મહાવીર જગતના આજ સુધીના ઇતિહાસમાં સર્વશ્રેષ્ઠ નાસ્તિક હતા.'

આ વિધાનમાં મારે થોડો સુધારો કરવો છે. મહાવીર સર્વશ્રેષ્ઠ 'નાસ્તિક' નહીં પણ સર્વશ્રેષ્ઠ નિરીશ્વરવાદી' હતા.

'નાસ્તિક' અને 'નિરીશ્વરવાદી' એ બે શબ્દોના અર્થમાં ઘણો તફાવત છે. નિરીશ્વરવાદી એટલે 'ઈશ્વર'નો ઈન્કાર કરનાર જ્યારે નાસ્તિકતા એટલે તત્ત્વનો ઈન્કાર. તત્ત્વનો ઈન્કાર શક્ય જ નથી. તત્ત્વ એટલે ઋત્ અને ઋત્ એટલે અસ્તિત્વ. આ અર્થમાં મહાવીર માત્ર નિરીશ્વરવાદી જરૂર હતા પણ નાસ્તિક ન હોઈ શકે.

માત્ર આપણી નાનકડી પૃથ્વી જ નહીં પરંતુ સમગ્ર બ્રહ્માંડના નિયંતા (એને જે નામ આપવું હોય તે આપો)ને સમજવા માટે મારી અલ્પ મતિ અને અનુકૂળતા પ્રમાણે મેં નકારાત્મક શબ્દોનો આશ્રય લીધો છે. ઘણાંને આ વાત જરા વિચિત્ર તો લાગશે.

પરમાત્મા = પરમશક્તિ = નિયંતા એટલે ?

જે નિરાકાર, નિર્ગુણ, અમૂર્ત, અમર, અનાદિ, અનંત, અવ્યક્ત, અપરિમેય, અનિવર્ચનીય, અખંડ, અક્ષર, અવિનાશી, અગોચર, અગમ, અપરંપાર, અસીમ, અપાર, અજ્ઞાત, અજ્ઞેય, સર્વવ્યાપી, સર્જનહાર.

જેને ભૂતકાળમાં કોઈ જાણી શક્યું નથી, વર્તમાનમાં કોઈ જાણતું નથી અને ભવિષ્યમાં કોઈ જાણી શકવાનું નથી તે.

કોઈ પણ મનુષ્યને આપણે જ્યારે 'સર્વજ્ઞ' કહીએ ત્યારે યાદ રાખવું જોઈએ કે જ્ઞાન સીમિત છે, અજ્ઞાન અસીમિત છે. જ્ઞાન એટલે પાણીનો ઘડો (ઘડો નાનો-મોટો હોઈ શકે છે) અજ્ઞાન એટલે મહાસાગર.

'સર્વજ્ઞ' એ આપણો અતિ પ્રિય શબ્દ છે. પણ જે પ્રિય હોય તે અનિવાર્યપણે સત્ય હોય એવું બનતું નથી.

**☐ શાંતિલાલ સંઘવી**
RH-2, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,
કાશીરામ અગ્રવાલ હૉલ પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

(૧૪)

'પ્રબુદ્ધ જીવન'માં દરેક વખતે તમે 'ભાવ-પ્રતિભાવ'ના મથાળા નીચે વાચકોના પત્રો છાપો છો. તેથી 'પ્રબુદ્ધ જીવન'નું વાંચન બહુ રસિક બની જાય છે. બીજા જે લેખો તેમાં આવે છે તે પણ વાંચવા ગમે એવા હોય છે. મારું નમ્ર સૂચન છે કે, વાચકોના પત્રો વધારે પ્રમાણમાં લો તો અનેક પ્રકારના વાચકોના બુદ્ધિપૂર્વકના સંવેદનો તમામ 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને જાણવા મળશે. છેવટે તો વાંચન તેના વાચકની બુદ્ધિપ્રતિભા વધારે અને ચિંતનની દિશામાં ધક્કો મારે એ એની કસોટી છે, તે માટે મારું આ સૂચન આપ વિચારશો.

**☐ સૂર્યકાંત પરીખ**
અમદાવાદ-૩૮૦૦૦૧.
મો. ૦૯૮૯૮૦૦૩૯૯૬.

(૧૫)

તંત્રી મહોદય 'પ્રબુદ્ધ જીવન',

ચત્મત્કારો નાના મોટા બધાના જીવનમાં થતા હોય છે. પણ હું આજે જે અનેરા જીવનની વાત અહીં કરવા માગું છું જેના થકી મારા કેટલાય પ્રજ્ઞાચક્ષુ મિત્રો માટે રોજગારરૂપી અમૃતની વર્ષા થઈ રહી છે.

બન્યું એવું કે મુંબઈ જૈન યુવક સંઘના ઉપપ્રમુખ શ્રી નિતીન સોનાવાલા સાહેબ જેમને હું મિત્ર, માર્ગદર્શક, વડીલ અથવા તો મોટાભાઈ આમાંથી કોઈ પણ રીતે સંબોધો, પણ અમારી સંપૂર્ણ પ્રજ્ઞા

**'પ્રબુદ્ધ જીવન'**
**હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ**

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ

www.mumbai–jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. વિના મૂલ્યે અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી.ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેકચ્યુઅલ
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક :**

**સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

ચક્ષુ ટીમ ઉપર સદૈવ એમની આત્મીયતાની છાયા બની રહે છે. મને મોબાઈલ પર એક દિવસ ફોન આવ્યો, ભાવેશ, મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પાટકર હૉલમાં જે પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન દર વરસે થાય છે, તેમાં આ વખતે તા. ૨૬-૮-૧૪ના સવારે ૪૫ મિનીટ આપે ત્યાં વ્યાખ્યાન માટે આવવાનું છે. દમણ સુધી ઘણી સ્કૂલ, કૉલેજો, સંસ્થાઓ અને કંપનીઓના કર્મચારીઓ માટે એક મોટીવેશનલ સ્પીકર તરીકે નિમંત્રણ રહેતું પરંતુ આ વખતે વાત અલગ હતી. નિતીન સાહેબએ જણાવ્યું કે આપે અંધત્વ અને જૈનીઝમ આ બન્નેને સાથે લઈને 'સ્વીકારમાં સુખ' આ વિષય ઉપર બોલવાનું છે. હવે મારો જન્મ એક ચુસ્ત મરજાદી પરિવારમાં થયો હોવાથી જૈન ધર્મ વિષય અંગે લગભગ અભણ હતો. મારા ઘણાં મિત્રો જૈન ધર્મના હોવાથી ચોવીયાર, પાખી, ઉપવાસ, તપ, એકાસણું, બેસણું અને નવકાર મંત્ર આટલું સમજી શકેલો. એ વિષય પરત્વે આકર્ષણ પણ ખૂબ રહેતું. મનમાં આદરનો ભાવ પણ ઘણો જ રહેતો; પણ બે મહિના અગાઉ લગભગ જૂન મહિનામાં નિમંત્રણ મળ્યા બાદ, મારી ધર્મપત્ની નીતાએ નિતીન સોનાવાલા સાહેબે મોકલાવેલ જૈન ધર્મ ઉપરના ઘણાં પુસ્તકો વાંચી સંભળાવ્યા.

ઘણાં વ્યાખ્યાનકારોની C.D. પણ સાંભળી. એક મહિનાના સતત અધ્યયન પછી હું 'અંધત્વ અને જૈનીઝમ'ની સરખામણીમાં પહેલી બાબત એ જાણી શક્યો કે ભગવાન પોતે પણ જોવા કરતાં શ્રવણ ઉપર વધારે જોર આપે છે.

હું મુંબઈ જૈન યુવક સંઘનો પણ આભારી રહીશ કે જેમના કારણે હું જૈનીઝમરૂપી આ મહાસાગરના અમુક અમૃતના અમૃતરૂપી ટીપાંનો આસ્વાદ લઈ શક્યો.

પણ તંત્રી સાહેબ, હું જે ખાસ વાત આ પત્રના માધ્યમથી કહેવા માગું છું તે એ કે મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત આ અભૂતપૂર્વ વ્યાખ્યાનમાળાના કારણે અને 'પ્રબુદ્ધ જીવન'ની આ વિશ્વવ્યાપી પહોંચના કારણે આપ બધાએ અમારી સંપૂર્ણ પ્રજ્ઞાચક્ષુ ટીમને રાતોરાત સમગ્ર વિશ્વ સાથે જોડી દીધી છે. લોકો મહાબળેશ્વર આવે છે પણ સમય કાઢીને અચૂક અમારી કેન્ડલ ફેક્ટરી ઉપર આવવાનું રાખે છે. તા. ૨૬-૮-૧૪ થી દમણ સુધી મુંબઈ જૈન યુવક સંઘના કેટકેટલા શ્રોતાઓએ, ભક્તોએ દેશ-પરદેશમાં અમારી બનાવેલી મીણબત્તીઓ મંગાવી. જન્મ દિવસ, Anniversary, લગ્ન પ્રસંગ, દિવાળી, ક્રિસમસ આવા કેટકેટલાય પ્રસંગોમાં ઉપરોક્ત બધા શ્રોતાઓ તરફથી આ અમુક મહિનાઓ દરમિયાન અમને કેટકેટલું કામ આવ્યું છે એનો શબ્દોમાં ધન્યવાદ કરવો અસંભવ છે. આપ બધા મહાનુભાવ મળીને આ વ્યાખ્યાનમાળા દરમિયાન ફંડ ભેગું કરીને મહારાષ્ટ્રની બહારની એક સંસ્થા નક્કી કરીને આ ફંડની મદદથી એને પોતાના પગ ઉપર ઊભી કરી આપો છો અને આ ફંડની મદદથી આ દરેક સંસ્થાઓ વિકાસના માર્ગ પર દોડવા લાગે છે. પણ આપે આ એક વ્યાખ્યાન પછી SUNRISE CANDLESની ઓળખાણ જે સમગ્ર વિશ્વના આપણા જૈન ભાઈ બહેનો સાથે કરાવી આપી એ ઉપરોક્ત ફંડની મદદ કરતાં પણ કેટલીયે મોટી મદદ છે. અમારી સંપૂર્ણ પ્રજ્ઞા ચક્ષુ ટીમ ફક્ત અને ફક્ત કામ ચાહે છે, રોજગાર ચાહે છે. પોતાના પગ ઉપર સ્વાભિમાન અને ખુમારીથી ઊભી રહેવા ચાહે છે. અને એ દિશામાં આપે ખુબ મોટી ભૂમિકા નિભાવી છે.

હું 'પ્રબુદ્ધ જીવન'ના માધ્યમથી પ્રમુખશ્રી પૂ. નિતીનભાઈ સોનાવાલા સાહેબ, ડૉ. ધનવંતભાઈ, પૂ. નીરૂબેન તથા તમામ પદાધિકારીઓનો ધન્યવાદ કરવા માગું છું અને અંતમાં એટલું કહેવા માંગું છું કે-

*'દુનિયા ને ભલે હી હમેં આંખોં સે મજબુર દેખા હૈ,*
*ઊઠા કે સમાજ ને કઈ બાર દૂર ફેંકા હૈ;*
*લેકિન એક હી તો હમદર્દ હૈ હમારા,*
*શ્રી મુંબઈ જૈન યુવક સંઘ વ 'પ્રબુદ્ધ જીવન'*
*જીસને દિલ કી આંખોં સે બહોત દૂર દેખા હૈ.'*

☐ **ભાવેશ ભાટિયા**
મો. ૦૯૪૦૫૫૪૯૩૨૮૮
લખી આપનાર **સૌ. નીતા ભા. ભાટિયા**
ઓશોનિક બ્લાઈન્ડ વેલફેર સોસાયટી, વેક્સ મ્યુઝિયમ,
બગદાદ પૉઈન્ટ રોડ, મોરેશ્વર, પોસ્ટ મછુતર,
તા. મહાબલેશ્વર, જિ. સતારા. પીન ૪૧૨ ૮૦૬.

## મહાવીર વંદના

વિદ્યાબેન મહાસુખલાલ શાહ (ખંભાતવાળા)ના અનુદાનથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પ્રેમપુરી આશ્રમમાં 'મહાવીર વંદના'નું આયોજન કર્યું હતું. તેની ઑડીયો C.D. વિના મૂલ્યે મળશે.

જેમને આ ઑડીયો C.D. જોઈતી હોય તેઓએ નીચેના સરનામે ફોન કરી મેળવી લેવા વિનંતી. કુરિયર કરવામાં નહીં આવે :

શ્રી કમલેશભાઈ શાહ

વિરલ જ્વેલર્સ, ૯૨૫ પારેખ માર્કેટ, ઓપેરા હાઉસ,

મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટેલિફોન :૨૩૮૬૩૮૨૬. મોબાઈલ : ૯૮૨૧૯૩૨૬૯૩.

સુંદર ભક્તિ ગીતો ધરાવતી આ ઑડીયો C.D. ઘરે વસાવી રાખવા જેવી છે તો સર્વેને આ લાભ લેવા વિનંતી.

શ્રી કમલેશભાઈના સહકારથી આ કાર્યક્રમ તા. ૨૫-૪-૨૦૧૫ના યોજાયો હતો. આ કાર્યક્રમમાં શ્રીમતી ઝરણા વ્યાસ અને એમના સાથીઓએ ભાવવાહી ભક્તિ સંગીતો પ્રસ્તુત કર્યા હતા.

# સર્જન –સ્વાગત

**❑ડૉ. કલા શાહ**

**ધ મેન બુકર પુરસ્કાર વિજેતા કથા**
**પુસ્તકનું નામ : લાઈફ ઑફ પાઈ**
**લેખક : યાન માર્ટેલ**
અનુવાદ : **જિતેન્દ્ર શાહ**
ટાઈમ લેસ બેસ્ટ સેલર
રસાસ્વાદ : **ડૉ. કલા શાહ**
પ્રકાશક : આર. આર. શેઠ એન્ડ કું-મુંબઈ.
મૂલ્ય-રૂા. ૧૭૫, પૃષ્ઠ-૨૦૮.

ડૉ. ધનવંતભાઈ શાહે 'લાઈફ ઑફ પાઈ' પુસ્તક વાંચવા મોકલ્યું અને અવલોકન કરવા કહ્યું. અન્ય કામોમાં વ્યસ્ત હોવાથી પુસ્તક પંદરેક દિવસ ટેબલ પર પડ્યું રહ્યું. પછી એક દિવસ મારી નજર પડી અને તેના પરનું લખાણ વાંચ્યું.

ધ મેન બુકર-પુરસ્કાર વિજેતા કથા

'લાઈફ ઑફ પાઈ' – યાન માર્ટેલ

મારી આદત મુજબ પુસ્તકના છેલ્લા કવર પેજ પર નજર નાખી. અનેક વિદ્વાનોના મંતવ્યો વાંચ્યા. એકાદ બે જણાવું તો–

'સાહસ અને દોસ્તીની દિલધડક કથા.'

'નવલકથાનું દરેક પાનું તમને માનવતા, આશ્ચર્ય અને આનંદથી રોમાંચિત કરી મૂકશે.'

–ધ ટાઈમ્સ

'ભવ્યતાનું દર્શન કરાવતી કથા.'

–સન્ડે ટેલિગ્રાફ

આ એક એવી કથા છે જેમાં સોળ વર્ષનો યુવાન કાઈ પટેલ – પેસીફિક મહાસાગરમાં અણધાર્યા સંજોગોમાં તૂટેલી લાઈફ બૉટ, અપંગ ઝેબ્રા, ઝરખ, ઉરાંગ-ઉટાંગ અને ૨૦૦ કિલોના વાઘ સાથે જીવન માટે ઝઝૂમી રહ્યો છે.

આમે ય ગુજરાતી ભાષામાં સાહસકથાઓનું દારિદ્રય તો છે જ એટલે આ પ્રકારની કથાઓ વાંચવાનો ઝાઝો રસ ન હોય એ સ્વાભાવિક છે. મારું પણ કંઈક એવું જ હતું, પણ કોણ જાણે કેમ હું આ પુસ્તક વાંચ્યા વગર રહી ન શકી. આ પુસ્તક વિશેના વિવિધ મંતવ્યો, પ્રસ્તાવના અને મૂળ કથા વાંચતા એક વિશિષ્ટ પ્રકારનો અનુભવ-અનુભૂતિ થઈ. ચાલો, આપણે તેનો આનંદ લઈએ.

'લાઈફ ઑફ પાઈ' બે વિભાગમાં ૨૦૬ પાનામાં લખોયલી કથા છે. પ્રથમ વિભાગ 'ટોરેન્ટો અને પોન્ડિચેરી'માં કથાના નાયક યાર્ન પટેલનું કુટુંબ જીવન. તેના પિતા સંતોષ પટેલ ઝુના સ્થાપક અને માલિક. ઝુના પશુઓ અને પંખીઓની માહિતી અને તેઓની અવસ્થા વગેરેનું આલેખન હૃદયસ્પર્શી કલમે લેખકે કર્યું છે.

સાથે સાથે ત્રણ ધર્મ હિંદુ, ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મ વિશેના કથાના નાયક યાર્ન પટેલના વિચારોમાં વ્યક્ત થતો ધાર્મિક ભાવનાનો સમન્વય અને તેની અભિવ્યક્તિ નોંધપાત્ર છે. કથાના ૮૦ પાનામાં લેખકે આપેલી વિગતો ગુજરાતી ભાષાના વાચક માટે નવી જ છે. અને સાથે સાથે પ્રાણી જીવનની અનુભૂતિ કરાવતું આલેખન કદાચ ગુજરાતી ભાષાના વાચકને અનન્ય પ્રતીતિ કરાવે તેવું છે. ધાર્મિક ભાવનાની અભિવ્યક્તિમાં લેખકનો નિજી દૃષ્ટિકોણ વર્તાય છે અને તે છે તટસ્થતા.

**હિંદુ ધર્મ વિશે :**

મુક્તિના માર્ગ ભલે અનેક હોય પરંતુ કિનારો એક જ છે–કર્મયોગ. કર્મની બૅંકનો ફાયદો છે જેટલું રોકાણ કરશો તેટલું જ વળતર મેળવશો. ઓછું પણ નહીં, વધારે પણ નહીં.

**ઈસ્લામ ધર્મ વિશે :**

ઈસ્લામ ધર્મને, તેના આત્માને સમજ્યા પછી તેના પ્રેમમાં ન પડો તો તે એક આશ્ચર્ય જ કહેવાય. ભક્તિ અને ભાઈચારાના સંગમ સમો આ ખૂબસૂરત ધર્મ છે. લેખકને થયેલ વર્જીન મેરીના દર્શનનો અનુભવ : (પાનું-૫૭)

મેં વર્જીન મેરીના દર્શન કર્યા. શા માટે વર્જીન મેરીના દર્શન થયા તે હું જાણતો નથી. મેરી પ્રત્યેની મારી ભક્તિ પૂર્ણ ન હતી. અપૂર્ણ હતી. પણ તે વર્જીન મેરી જ હતી તેમાં કોઈ શંકા ન હતી. તેમની ચામડી થોડી ફિક્કી હતી. સંપૂર્ણ શ્વેત વસ્ત્રોમાં તે સજ્જ હતી અને તે વસ્ત્ર પર બહારની બાજુ એક બ્લૂ વસ્ત્ર હતું. ખરેખર, મેં તેમના દર્શન કર્યા હતા તે હું ખાત્રીપૂર્વક નથી કહી શકતો. હા, મેં તેમની અનુભૂતિ અવશ્ય કરી હતી. દર્શનની પેલે પારનું તે દર્શન હતું.

બીજા વિભાગમાં લેખક પોતાને થયેલ પેસિફિક મહાસાગરનો અનુભવ આલેખે છે. જે આલેખન ગુજરાતી ભાષામાં અનન્ય ગણી શકાય. ૯૨ વિભાગમાં લખાયેલ આ કથા-વાર્તામાં ક્યાંય ખંડિતતાનો અનુભવ થતો નથી.

પહેલાં વિભાગના અંતિમ પ્રકરણમાં લેખકે સિમસૂમ નામના જહાજમાં મુસાફરી શરૂ કરી ત્યાંથી કથાનો પ્રારંભ થાય છે અને પોતાના ઝુના પ્રાણીઓની સાથે મુસાફરી શરૂ કરી ત્યાંથી બીજા વિભાગની કથાનો પ્રારંભ થાય છે. લેખક કેનેડા જવા નીકળ્યા છે. તેઓ જે જહાજમાં હતા તે જહાજ ડૂબ્યું-ડૂબવા લાગ્યું ત્યાંથી કથાનો પ્રારંભ થાય છે. ભયભીત વાતાવરણ, પવનનું તોફાન અને જહાજની જળ સમાધિના આલેખનની અનુભૂતિ ગુજરાતી વાચક માટે અદ્ભુત અને અનન્ય છે (પાનું ૮૮).

'જહાજમાં એક ધ્રુજારી આવી અને એક પ્રચંડ અવાજ આવ્યો જાણે ધાતુના રાક્ષસે એક મોટો ઓડકાર ન ખાધો હોય! આ અવાજ આવ્યો ક્યાંથી? મૃત્યુના દેવને પડકારતી આ મનુષ્યોની અને જાનવરની સામૂહિક ચીસ હતી? કાળદેવતા પાસે જહાજે શરણું લઈ લીધું કે શું? હું પડ્યો અને પાછો ઊભો થયો. દરિયા પર એક નજર કરી. પાણીની સપાટી વધારે ને વધારે ઉપર આવતી હતી, મોજાંઓ વધારે ને વધારે નજદીક આવી રહ્યાં હતાં. હકીકત એ હતી કે અમે ડૂબી રહ્યા હતા.'

લેખકને દરિયામાં થયેલ અનુભૂતિનો ભયાનક ચિતાર નીચેના શબ્દોમાં આલેખાયો છે. (પાનું-૯૦)

'મોટાં મોજાંઓનો માર તો હું સતત ખાતો જ હતો તે ઉપરાંત હું એકલો હતો, અનાથ હતો, પેસીફિક મહાસાગરની મધ્યમાં હતો. હલેસાંને આધારે ટકી રહેવાનો પ્રયત્ન કરતો હતો. મારી આગળ વાઘ હતો. મારી નીચે શાર્ક માછલીઓ ઘૂમતી હતી અને દરિયાનું તોફાન મારી આસપાસ વધે જ જતું હતું.'

દીપડા અને ઝેબ્રાના સંઘર્ષનું શબ્દચિત્ર તાદશ થાય છે. (પાનું-૧૦૪).

'દીપડો પોતાના સ્થાન પર થોડો સંકોચાયો અને પાછો હટ્યો. પરંતુ તે માત્ર ટૂંક સમય માટે જ તેના ડોક અને ખભા પરના વાળ ઊંચા થયા. પૂંછડી પણ હવામાં ઊંચી થઈ. તેણે ફરી મરણ તોલ ઝેબ્રાના શરીર પર પડતું મૂક્યું. તેના મોઢામાંથી લોહી ટપકી રહ્યું હતું અને ઉરાંગ-ઉટાંગની જેમ જ સામે ગર્જના કરી પોતાનો હિસાબ ચૂકતે કર્યો.'

ત્રણ દિવસ સુધી પાણીની એક બુંદ અને ખોરાકના ટુકડા સાથે જીવન વીતાવતા હતા. સાથે ૪૩૦ પાઉન્ડનો વાઘ હતો. લેખક કહે છે બત્રીસની જગ્યાએ અમે ત્રણ જણ જ હતાં છતાં તે ભરચક લાગતી હતી. (પાનું-૧૧૨).

આમ લેખકે પેસેફિક મહાસાગરમાં ૨૨૭ દિવસ કેવી રીતે પસાર કર્યા તે સમયે તેમને થયેલ અનુભવનું આલેખન કર્યું છે. સાથે સાથે રીચાર્ડ પાર્કર (વાઘ)ના પાત્રનું આલેખન ગુજરાતી ભાષામાં વિશેષ કહી શકાય તેવું છે.

'દરિયાના ખારા પાણી અને સૂરજના તાપને કારણે મારા કપડાં ફાટવા લાગ્યા. પહેલાં તે પારદર્શક થયા પછી સિલાઈમાંથી ફાટવા લાગ્યા. અને છેલ્લે સિલાઈ પણ ના રહી. મહિનાઓ સુધી હું દિગંબર હાલતમાં જ રહ્યો.' (પાનું ૧૫૦).

'ખાદ્ય સામગ્રી તરીકે કાળા જીવડાં અને દરિયાઈ વનસ્પતિ છોડી હું બધું જ આરોગી જતો.' (પાનું-૧૫૪).

અંતે આ ભયાનક દરિયાના તોફાનમાંથી યાર્ન પટેલ બચી ગયા તે અનુભવ લેખક વાચકને જકડી રાખે છે અને અંતે પાર્કર સાથેનું અંતિમ મિલન હૃદયસ્પર્શી બાનીમાં આલેખન પામ્યું છે.

'મેક્સિકો પહોંચ્યા ત્યારે ખુશ થવા જેટલી પણ શક્તિ બચી ન હતી. મોજાંઓના પ્રવાહમાં લાઈફ બૉટ ડૂબી જાય તેવું લાગ્યું. પરંતુ અથડાતા કૂટાતા અમે પહોંચ્યા તો ખરા જ. કિનારા પાસે બોટને ઊભી રાખી.' (પાનું-૨૦૬).

'પાણીમાં મેં પગ મૂક્યા, પણ માત્ર બે ફીટ જેટલું ઊંડું હોવા છતાં મુક્તિની ક્ષણે હું ડૂબી તો નહીં જાઉં તેવો ભય મનમાં પેદા થયો. મારે કેટલે દૂર જવાનું હતું તે નક્કી કરવા મેં આગળની બાજુ નજર કરી. બરાબર એ ક્ષણે મેં પાર્કરને મારી ઉપર થઈ પાણીમાં પડતો જોયો. મને ક્યાં ખબર હતી કે મારું અને પાર્કરનું આ છેલ્લું મિલન હતું. (પાનું ૨૦૬).

'મારી આંખો આંસુથી ભરાઈ આવી. હું બચી ગયો એ હકીકત હતી...આ આંસુ પાર્કર માટે જે સામાન્ય વિવેક વિનય ચૂકી મને છોડી હંમેશ માટે જતો રહ્યો.'

તે ઉપરાંત માછલી પકડવાની ક્રિયા. લેખકના ધાર્મિક વિચારો, દરિયાનું ભયંકર તોફાન, સર્વનાશનો અનુભવ વગેરે બાબતોના આલેખનમાં લેખકની કલમનો પરિચય જ નહીં પણ એક વિશિષ્ટ અનુભૂતિ થયાનો આનંદ મળે છે જે કદાચ ગુજરાતી ભાષાના વાચક માટે નવો કહી શકાય.

ગુજરાતી ભાષાના સહૃદય વાચકોને એક તદ્દન વિશિષ્ટ અનુભૂતિ કરાવતી આ કથા 'લાઈફ ઑફ પાઈ'નો અનુવાદ કરી આપનાર, અને આ અનન્ય અનુભવ કરાવનાર જિતેન્દ્ર શાહનો આભાર માનીએ તેટલો ઓછો છે. ફરીથી એકવાર 'લાઈફ ઑફ પાઈ' ઝંઝાવાત સામે ઝઝૂમતા દીવાની પ્રેરણાત્મક કથા સુજ્ઞ વાચકોએ વાંચવી આસ્વાદવી જોઈએ એવો મારો અનુરોધ છે.

***

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૬૩.
મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ३०० |
| ૮ | जैन धर्म दर्शन | ३०० |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ-૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ૨. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૦ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | जैन पूजा साहित्य | १६० |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | आदि तीर्थंकर श्री ऋषभदेव | २८० |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |
| ૨૯. | યોગ અને જૈન ધર્મ | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૩૦. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૧. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૨. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૩. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૪. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૫. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૬. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૭. | પ્રભાવના | ૧૨ |
| ૩૮. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૯. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| ૪૦ | **.ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | રૂા. ૩૦૦ |
| ૪૧ | **ઈલા દીપક મહેતા સંપાદિત સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી ભાવાનુવાદ | રૂા. ૩૫૦ |

**નવું પ્રકાશન**
**પૂ.આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજી સંપાદીત**
**શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વર રચિત**
**શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન**

ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.
રૂપિયા અમારી બેંકમાં-બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ એકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. .IFSC:BKID0000039

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

### પંથે પંથે પાથેય
(અનુસંધાન પૃષ્ઠ છેલ્લાથી ચાલુ)

મદદરૂપ થવા માત્ર પાસે પૈસા હોવા જ જરૂરી નથી. આ રીતે પણ કોઈના વિકાસની ઈમારતમાં બે ઈંટ મુકી શકાય તેની આડકતરી તાલીમ બાળકોને જીવનભર માટે મળી જાય.

અહીં બાળકોને પ્રકૃતિ સાથે અનુબંધિત કરવા તેમના દ્વારા જ વૃક્ષ રોપાવવામાં આવે, છોડ સાથે જે-તે બાળકના નામનું પીંજરું મૂકી દેવામાં આવે. એ છોડને ઉછેરવાની જવાબદારી જે તે બાળકની. સાવ નાના બાળકો મોટેરા બની નાના ભાઈ-બહેનની જેમ વૃક્ષને ઉછેરે. પોતે ઉછેરેલા વૃક્ષની ડાલખી કાપતા એ બાળકનો જીવ સહેજે ન ચાલે. આજે સંસ્થામાં લહેરાતા મોટા ભાગના વૃક્ષો આ રીતે બાળસંભાળથી પાંગરેલા છે. પાણીની અછતવાળા આ વિસ્તારમાં બાળકો સવારે ઝાડ પાસે દાતણ કરીને ઝાડને પોષવાની ભાવના વ્યક્ત કરે ત્યારે કોઈપણ જાતના નામ વગર થતાં પ્રકૃતિના આ સંવર્ધન માટે માન ઊપજી આવે છે.

બાળકો અહીં અભ્યાસનિયત શિક્ષણ તો ઉત્તમ રીતે મેળવે પરંતુ અહીં તેથી પણ વધુ ભાર મૂકાય મૂલ્યલક્ષી શિક્ષણ પર. સદ્વર્તનની સૂક્ષ્મ તાલીમ અહીં અપાય. તાજેતરમાં દસમા ધોરણના વિદ્યાર્થીઓને ભગવાન પર પત્રો લખાવવામાં આવ્યા. દસમા ધોરણમાં પાસ કરાવવાની પ્રાર્થના તો હોય જ પણ સૌએ એ પણ લખ્યું હતું કે ભગવાન મારા બધા જ ભાઈ-બહેનોને મદદ કરજે, સબુદ્ધિ આપજે. 'સૌનું કરો કલ્યાણ, દયામય સૌનું કરો કલ્યાણ' જેવી પ્રાર્થના અહીં ફળીભૂત થતી જણાય. તેમની દુનિયા એટલે આસપાસના મિત્રો. આ મિત્રોના કલ્યાણની ભાવનામાં વિશ્વકલ્યાણની ભાવના જ આકાર લઈ રહેતી જણાય છે.

સંસ્થામાં રહેતી સાવ નાની-નાની બાળાઓ પણ હળી-મળીને રહે. ક્યારેય પણ મા-બાપ યાદ આવે છે એવી કોઈ ફરિયાદ ન કરે. એકબીજાને સાચવે. અગત્યની વાત તો એ કે તેમને કોઈ તરફથી એક-એક પીપરમેન્ટ મળી હોય, પોતાને બહુ જ ભાવતી હોય તો પણ નકુલભાઈ પાસે આવી પોતાની પીપર આપતા કહે : લ્યોને નકુલમામા, પીપર ખાઓને ! જેની પાસે આપવા માટે ઘણું છે તેમ છતાં જેનો જીવ નથી ચાલતો ત્યારે અભાવની વચ્ચે રહેલી-ઉછરેલી આ બાળાઓને ક્યારેક આવી આનંદ-મજા કરવાની તક મળે ત્યારે પણ જો તે આપી દેવાનું વિચારે ત્યારે નકુલભાઈ જેવા સંવેદનશીલ સંચાલકની આંખો હર્ષથી ભીની થઈ જાય છે ને ગાલે હળવી ટાપલી મારીને 'જા બેટા મજા કર' એમ કહેનાર નકુલભાઈ આ વાત કરતાં પણ ભીનાં ભીનાં થઈ જાય છે. મોટા માણસોના ત્યાગની વાતો ઇતિહાસના પાને નોંધાય. આવી કહેવાતી સામાન્ય બાળાઓની મોટાઈને કોણ નોંધે ? એટલે જ કદાચ ઉમાશંકર જોશી જેવા કવિને કહેવું પડ્યું છે કે-

*'મોટાઓની અલ્પતા જોઈ થાક્યો*
*નાનાની મોટાઈ જોઈ જીવું છું.'*

આ સંસ્થામાં આવતા બાળકોની કથાઓ પણ ભારે હૃદયસ્પર્શી. સંસ્થાના એક ભૂતપૂર્વ-વિદ્યાર્થીનું આકસ્મિક અવસાન થયું ને તેનું પરિવાર નોંધારું બની ગયું ત્યારે તેમના કુટુંબીજનોએ સમજાવીને તેના બાળકોના ભણતર માટે જાગૃત થવા સંસ્થાના સુત્રધાર શ્રી નકુલભાઈને વિનંતી કરી ને સારા કામની પહેલ કરતા પોતાના વિદ્યાર્થીના સંતાનોને સંસ્થા ભણાવશે તેવી જાહેરાત પણ કરી દીધી. રાપરના એક સુથાર કુટુંબમાં ઘરના મોભી પિતાનું મૃત્યુ થયું. માતા ત્રણ બાળાઓને છોડીને અન્ય કોઈ સાથે ચાલી ગઈ. બાળાઓ તેમના મોટા-બાપા પાસે આવી ગઈ. મા-બાપ વિનાના બાળકોને સમાજના ભયથી ટકોર ન કરી શકતા મોટા-બાપાએ આ બાળકોને સંસ્થામાં રાખવાની વિનંતી કરી ને માના ઉદરમાં સમાય તેમ એ ત્રણેય બાળાઓ સંસ્થામાં સમાઈ ગઈ. વળી અશોકભાઈ ને યોગેશભાઈ દોશી જેવા ઉદાર દાતાએ છ માસ સુધીના અર્થની જવાબદારી પણ ઉપાડી લીધી. કોઈ મા-બાપ વચ્ચેનો કલેશ છૂટાછેડા સુધી પહોંચે ને તેના બાળકના અભ્યાસના પ્રશ્નો ઉભા થાય તો આવા બાળકોની આંગળી પકડી લે આ સંસ્થા. કોઈના વાલીઓને પરિસ્થિતિવશ ખાવા-પીવાના સાસાં ઊભા થાય તો આવા બાળકો કુપોષિત ન રહે તે માટે આવા બાળકોને સંસ્થામાં સમાવી લેવાય. બાજુની વાડીમાંથી ભણવા આવતી દેવીપૂજક સમાજની દીકરી ભાવનાને ભણવું હોય પણ છાત્રાલયમાં ન રહેવું હોય. તે વાડીથી અવર-જવર ન કરી શકે તો સંસ્થામાં તેના આખા કુટુંબ માટે જગા કરી દેવાય. આખું કુટુંબ સંસ્થામાં રહે ને દીકરી નિરાંતે ભણે. આવા તો અનેક દૃષ્ટાંતો ગણાવી શકાય. આ વર્ષે એવા ૨૩ બાળકો છે જે નોંધારા છે, જેની ફી ભરપાઈ કરી શકે તેવું કોઈ નથી. તેમ છતાં તેમને પાળવા-પોષવાની, સંસ્કાર ઘડતરની જવાબદારી સંસ્થા ઉપાડે છે. પ્રતિ વર્ષ એક બાળકના રહેવા-જમવા અને ભણવાનો ખર્ચ રૂા. ૧૨,૦૦૦ જેટલો થતો હોય ત્યારે સંપૂર્ણ દાન આધારિત ચાલતી આ સંસ્થાના કાર્યવાહકને પૂછવામાં આવે કે આ બધું કેમ થશે ? તો કહે થઈ રહેશે, અલ્લાબેલી! સહૃદય લોકોના ટેકે વણપૂછ્યે અપાયેલી આ ધરપતનો ટેકો કોણ બને ? કોણ જાણે ?

> ***મોટા માણસોના ત્યાગની વાતો ઇતિહાસના પાને નોંધાય. આવી કહેવાતી સામાન્ય બાળાઓની મોટાઇને કોણ નોંધે ?***

અહીં અભ્યાસ કરતા બાળકો વ્યસનમુક્ત થાય તે માટે પણ ઘણા પ્રયત્નો કરવામાં આવે છે. આ સંદર્ભની ફિલ્મો, નાટકો બતાવવામાં આવે. વ્યસનમાં થતાં ખર્ચની લાંબી ગણતરી કરી બતાવી લાંબા ગાળે થતાં આર્થિક, શારીરિક, સામાજિક ગેરલાભથી માહિતગાર કરાય. આ જાગૃતતા કાર્યક્રમને લીધે આ વર્ષે ૨૭ જેટલા બાળકોએ આજીવન વ્યસનમુક્ત રહેવાની પ્રતિજ્ઞા લીધી છે. અહીં સવાર-સાંજ સર્વધર્મ પ્રાર્થના કરવામાં આવે. પ્રાર્થનામાં સકારાત્મક અને પ્રેરક હોય તેવા સમાચારોનું વાંચન કરવામાં આવે. વાર્તાઓ દ્વારા મનોરંજનની સાથોસાથ સંસ્કારસિંચનનું કામ પણ અહીં ધીમી ધારે થતું રહે. મા-બાપ, વડીલો પ્રત્યે આદર કેળવવાની તાલીમ પણ અહીં અપાય. શ્રમને અભ્યાસના એક ભાગ રૂપે જ અહીં ગોઠવવામાં આવે. સાફ-સફાઈ, દૂધ વિતરણ, ગૌશાળાનું કામ, ખેતીકામ વગેરે કામ વારાફરતી આ બાળકો જ કરે. અહીંના બાળકોને બધા જ પ્રકારની તાલીમ અપાય જેથી તે જીવનમાં ક્યાંય પાછા ન પડે. અહીંના બાળકોની શ્રમ તરફની સૂગ તો દૂર થઈ જ છે પણ તેના પ્રત્યેની નફરત પણ નામશેષ થઈ ગઈ છે. સામાન્યથી સામાન્ય કામ પણ બાળકો હોંશે હોંશે કરે છે. નાની નાની

બાળાઓ લીંબોળીની મોસમમાં નવરાશની પળોમાં હોંશે હોંશે લીંબોળી વીણે. ત્રણ રૂપિયે કિલો એવી બસ્સો કિલો લીંબોળી આ વર્ષે બાળકોએ વેંચી. આવા કાર્યો દ્વારા ઉપજેલી રકમ વિદ્યાર્થી કલ્યાણ કોષમાં જમા થાય અને એ રકમ પછી વિદ્યાર્થી વિકાસની પ્રવૃત્તિમાં વપરાય. તો ક્યારેક વળી આવી રકમમાંથી સંસ્થા-ઉપયોગી કોઈ સાધન લેવામાં આવે જેથી તેનું કાયમી સંભારણું બની જાય.

કચ્છમાં અવારનવાર કુદરતી આફતો આવતી રહે છે. જ્યારે સંદેશા-વ્યવહાર ને વાહન-વ્યવહાર ઠપ થઈ જાય ત્યારે આવી કુદરતી આપદાની વેળાએ પગપાળા સ્થળાંતર કરી શકે તેવો વિશ્વાસ જગાવવા સંસ્થાથી ૨૪-૨૫ કિ. મી. દૂર આવેલા રવેચી, મોમાયમોરા જેવા ધાર્મિક સ્થળોના પગપાળા પ્રવાસો ગોઠવવામાં આવે. પોતે આટલું ચાલી શકે છે તેવો વિશ્વાસ તો મળે જ સાથોસાથ સહપ્રવાસનો આનંદ પણ ખરો. આ વિસ્તારમાં મોટે ભાગે તળાવે ન્હાવા કે કપડા ધોવા જવાનું થાય. બહેનો કોઈ કારણસર તળાવમાં ડૂબી ન જાય તે માટે અહીં બાલિકાઓને નાનપણથી તરણવિદ્યા પણ શીખવવામા આવે. બાળકો નિર્ભય બને અને તેમની તર્કશક્તિ વધે તે માટે રાત્રિ વેળાએ 'આલો-પાલો' જેવી રમતો રમાડવામાં આવે. બીજી બધી રમતોમાં પણ અહીંના બાળકો અવ્વલ. આ વર્ષે બસ્સોમાંથી એંસી બાળકો રાજ્યકક્ષાની રમતગમતની વિવિધ સ્પર્ધાઓ સુધી પહોંચ્યા છે એ કાંઈ નાની સિદ્ધિ ન કહેવાય. ફંડના પ્રશ્નોને લીધે મુશ્કેલી ચાલતી હોવા છતાં સંસ્થા આ બાળકોના વિકાસ માટે ખર્ચ કરતાં સહેજે અચકાતી નથી. કોઈ પણ જાતની જાહેરાતો વિના ચુપચાપ કામ કર્યે જતી આવી સંસ્થાઓ પ્રત્યે આપણું પણ કંઈક સામાજિક ઉત્તરદાયિત્વ બને છે એ વાત કોઈપણ સંવેદનશીલ વ્યક્તિ સમજી શકે તેમ છે.

અહીં નવરાત્રિ, રક્ષાબંધન, ધૂળેટી જેવા પર્વો ખૂબ જ ભાવપૂર્વક અને આપણી સંસ્કૃતિ ઉજાગર થાય તે રીતે ઉજવવામાં આવે છે. સંચાલકોના માર્ગદર્શન હેઠળ બધી જ વ્યવસ્થાઓ બાળકો કરે છે જેથી તેમને તાલીમ પણ મળે છે. સવાર-સાંજ ગવાતા પ્રભાતિયા ને ભજનોના શ્રવણથી બાળકોમાં ચૂપચાપ સારા વિચારોનું સંવર્ધન થતું રહે છે. આ સંસ્થાના બાળકો આજુબાજુના ધાર્મિક સામાજિક સ્થળોએ મદદરૂપ થવા જાય. કોઈના પરિસરની સફાઈ હોય કે ક્યાંક ભોજન વ્યવસ્થામાં મદદરૂપ થવાનું હોય બાળકો હંમેશાં તૈયાર. તાજેતરમાં સંસ્થાથી થોડે દૂર નવા બનતા એક આશ્રમના પરિસરમાંથી બધા જ પત્થર વીણવાનું કામ આ બાળકોએ કર્યું. આ રીતે બાળકો સમાજ પ્રત્યેની પોતાની ફરજની સમજ પણ મેળવે. આવા કાર્યોની કેવી અસર થાય છે તેનું જ્વલંત ઉદાહરણ ત્સુનામી વખતે મળ્યું. તામિલનાડુમાં આવેલ ત્સુનામી વખતે ગુજરાતમાંથી મદદઅર્થે ગયેલ ટુકડીઓમાં પ્રથમ હતી ગ્રામ સ્વરાજ સંઘની ટુકડી. ૩૪ વ્યક્તિઓની આ ટુકડીમાં ૨૨ તો આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હતાં, જે સ્વેચ્છાએ જોડાયાં હતાં. આ જ છે આવી નાની દેખાતી પ્રવૃત્તિઓની ખરી ફલશ્રુતિ.

અહીંની બીજી એક ખાસ વિશેષતા ગણાવવી હોય તો એ છે કાર્યકરો પ્રત્યેની પારિવારિકતાની ભાવના. દરેક કાર્યકરની બીમારી, અકસ્માત, લગ્ન કે બાળકોના શિક્ષણ જેવા મુદ્દે સંસ્થા કાયમ તેમની પડખે ઊભી હોય. કાર્યકરોના બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે મોટી રકમ ચૂકવીને પણ તેમને ભણવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આવું ભાગ્યે જ જોવા મળે.

આવી સંસ્થામાંથી અભ્યાસ પ્રાપ્ત કરી સમાજમાં ગયેલા બાળકોમાં કેવો બદલાવ દેખાય છે એવા પ્રશ્નના જવાબમાં આ. નકુલભાઈ ભાવસારે નમ્રભાવે જે બે-ત્રણ ઉદાહરણ આપ્યા તેની વાત લખતાં હું ખુદ રોમાંચિત થઈ ઊઠું છું. એક દિવસ મુંબઈથી પોપટભાઈ વાકરુ-શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીનો ફોન આવે છે ને કહે છે, 'સાહેબ આપનો ખૂબ ખૂબ આભાર. સોનટેકરીની તાલીમને લીધે આજે હું ચાર દુકાનનો માલિક બન્યો છું.'

'એમ ને, તો પછી!' કહી જશ ખાટી લેવામાં ન માનતા નકુલભાઈ પૂછે છે, 'એ વળી શી રીતે?' તે કહે છે, 'મેં બે થી ત્રણ વર્ષ ફૂટપાથ પર સૂઈને વિતાવ્યા છે. જાજરૂ જવાની સગવડથી માંડીને રાત્રિ-નિવાસ જેવા અનેક પ્રશ્નો મારા માટે ખૂબ મોટા પડકાર રૂપે આવતા, પણ આપે ગૌશાળામાં કામ કરાવેલું, ચારો વઢાવેલો, ટ્રેક્ટરથી કામ કરાવેલું, સ્વચ્છતાના પાઠો ભણાવેલા, તળાવો તરાવ્યા હતા ને ડુંગરોમાં રખડાવ્યા હતા તે દ્વારા જે તાલીમ મળી હતી એ અહીં ખૂબ કામ લાગી તેથી હું મારી મુંબઈની શરૂઆતની અત્યંત વિકટ પરિસ્થિતિમાં ટકી રહ્યો અને અત્યારે આ સ્થાન પામ્યો.'

કમલેશ દોશી–રાપરના સારા કુટુંબનો છોકરો–જેને વિશેષ તાલીમ માટે આ શાળામાં ભણવા માટે મૂકવામાં આવ્યો હતો, તે આજે પોતાના શ્રીમંત પિતાની પેઢીએ બેસે છે પણ કોઈ મજૂર કામમાં ખોટી આનાકાની કરે તો પોતે ઊભા થઈ ધાનની ગુણી કે વજનદાર વસ્તુ જ્યાં મૂકવાની હોય ત્યાં મૂકી દે છે. શેઠ થયા એટલે માત્ર હુકમ જ ચલાવવાના ને મજૂરોના ગુલામ થઈ જવાનું કમલેશભાઈને મંજૂર નથી કારણ કે અહીંની તાલીમને લીધે તેઓ શ્રમ કરવામાં સ્વાવલંબી થઈ ગયા છે.

નારણ મેરામણ–અમરાપર–ખડીરનો આહીર સમાજનો દીકરો–યુવાવયે ચૂંટણીમાં ઊભો રહે છે. સામે તેનો જ મિત્ર ઊભો રહે છે. જે જીતે તેણે સારા કામ કરવાના. એક જ મંચ પરથી પોતાની વાત મૂકવાની. ખોટી નિંદા ને આક્ષેપોથી દૂર રહેવું. મત મેળવવા માટે પૈસા, દારૂ કે અન્ય કોઈ રીતે ભ્રષ્ટાચાર ન કરવો. આવા સંકલ્પો સાથે બંનેએ ચૂંટણી લડી ને નારણભાઈ જીત્યા પણ ખરા. પોતાના પ્રદેશના અનેક પ્રશ્નોનું નિરાકરણ તેમણે લાવી દીધું. ગામમાં દૂધ શીતકેન્દ્ર, વીજળીનું સબસ્ટેશન વગેરે સગવડો ઊભા કરીને આજે કેટલાય ઉચ્ચ હોદ્દાઓને શોભાવી રહ્યા છે. આવા તો કેટલાય બાળકોમાં સંસ્કારપોષણનું કામ આ સંસ્થામાં થયેલું છે. ઉત્તમ નાગરિકોનું ઘડતર કરતા આ સંસ્કારધામને સો સો સલામ.

શહેરની શ્રેષ્ઠ શાળાઓ હોંશિયાર, ૮૦ થી ૯૦ ટકા ઉપર ગુણ હોય તેવા વિદ્યાર્થીઓને જ એડમિશન આપે, મસમોટી ફી ઉઘરાવે, ઉત્તમ બાળકોની સાથે સજાગ મા-બાપ પણ હોય–આ બધું હોય પછી તો તે શાળાનું પરિણામ સો ટકા આવે જ ને! તેમાં નવાઈ શી? પરંતુ અહીં તો ઓછી સમજણશક્તિવાળા, ભણતરનું મૂલ્ય ન સમજતા, અભણ અને વ્યસનોમાં લપેટાયેલા વાલીઓના બાળકો ભણવા આવે. આર્થિક,

સામાજિક તેમજ વૈચારિક રીતે પછાત એવા આ બાળકો માટે કામ કરવાનું આ સંસ્થાએ સ્વીકાર્યું છે. કોઈપણ જાતની જાહેરાતો નથી. દેખાડા નથી. જશ ખાટી લેવાની કોઈ વાત મનમાં નથી. ચૂપચાપ બસ કામ કર્યે જવું છે. આ લોકો શ્રી માતાજીના સુત્ર 'તમારા કાર્યોને જ તમારા વતી બોલવા દો'માં માને છે ને સંસ્કાર પરિવર્તનનું આ કપરું કાર્ય કરી રહ્યા છે. બાળકોને શિક્ષણ ઉપરાંત પર્યાવરણ સુરક્ષા, લોક સંગઠન અને લોકશક્તિ નિર્માણ, આપત્તિઓ વેળાએ અસરકારક સહાય, આરોગ્ય સુરક્ષા એ આ સંસ્થાના કાર્યક્ષેત્રો છે, જેમાં નિષ્ઠાપૂર્વક કામ થઈ રહ્યું છે.

સામાન્યતઃ સૌ ફળદ્રુપ જમીનમાં બીજ રોપે છે. જ્યાંથી તેમને ઉત્તમ ફળ મળી શકે. તેમના કાર્યનું પરિણામ તરત દેખાડી શકાય, પણ અહીં તો વેરાનભૂમિને ખેડનારા ખેડૂતો કામ કરે છે. ઉજ્જડ વગડાને મધુવન બનાવવાની નેમ લઈને કામ કરતી આવી સંસ્થાઓ જૂજ જ હોય છે. મરુભૂમિમાં રખડતાં રખડતાં આવી કોઈ જગા મળી જાય ત્યારે રણમાં વીરડી મળી ગયાનો અહેસાસ થાય છે. આવી વીરડીમાં મીઠાશની બે બુંદ ઉમેરવાની ભાવના સહેજે થઈ જાય તેમ છે.

[સંસ્થાની વિગત-ગ્રામ સ્વરાજ સંઘ, સોનટેકરી, પ્રો. નીલપર, તા. રાપર-કચ્છ-૩૭૦૧૬૫. ફોન : ૦૨૮૩૦-૨૯૩૦૧૩.]

[નકુલભાઈ ભાવસાર-મો. : ૦૯૮૨૫૦૧૪૦૭૪.]

✷ ✷ ✷

geeta-jain1949@yahoo.com
Mobile : 09969110958 / 09406585665

*શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ૨૦૦૬ની સાલમાં પર્યુષણ સમયે આર્થિક સહાય આપવા માટે આ સંસ્થાની પસંદગી કરી હતી અને રૂપિયા ૨૦૧૫૪૨૧/- (રૂપિયા વીસ લાખ પંદર હજાર ચારસો એકવીસ)નો ચેક અર્પણ કરવા સંસ્થાના કાર્યકરો ત્યાં ગયા હતા. આ સંસ્થાએ આવી ઉત્તમ પ્રગતિ કરી છે એ જાણી અમે સંતોષ અને ગૌરવ અનુભવીએ છીએ, યથાર્થ સ્થાને દાન પહોંચાડવાનો આનંદ અનુભવીએ છીએ.*

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

**જનરલ ફંડ**

| | |
|---|---|
| ૧૦૦ | દીપક કે શાહ |
| ૧૦૦ | કુલ રકમ |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૫૦૦૦ | મોહનલાલ બેચરદાસ મહેતા (જ્યોતિ આઈસ્ક્રીમ) |
| ૫૦૦ | એક ભાઈ તરફથી |
| ૫૫૦૦ | કુલ રકમ |

**દિપચંદ ડી. શાહ પુસ્તક પ્રકાશન ફંડ**

| | |
|---|---|
| ૨૮૦૦૦ | કામધેનુ એગ્રો કેમ. ઇન્ડસ્ટ્રીઝ |
| ૨૮૦૦૦ | કુલ રકમ |

**નેપાલ રાહત નિધિ**

| | |
|---|---|
| ૨૧૦૦૦ | જ્યોત્સના ચંદ્રકાંત શાહ |
| ૫૦૦૦ | નીલા જયેશ શાહ |
| ૨૬૦૦૦ | કુલ રકમ |

**પ્રેમળ જ્યોતિ ફંડ**

| | |
|---|---|
| ૫૦૦૦ | મૃદુલાબેન તંબોલી, યુ.એસ.એ. |
| ૫૦૦૦ | કુલ રકમ |

## સુધારો

**કિશોર ટિંબડીયા કેળવણી ફંડ**

મે, ૨૦૧૫નો અંક પાનું નં. ૩૪

રૂા.૧૦૦૦૦ મુલચંદ નાથાલાલ શાહને બદલે શૈલી ઉમંગ શાહ સુધારીને વાંચવું.

રૂા.૧૦૦૦૦ સુંદરજી જમનાદાસ પોપટને બદલે ઝુબીન ઉમંગ શાહ સુધારીને વાંચવું.

**નેપાળ રાહત ફંડ**

મે, ૨૦૧૫નો અંક પાનું નં. ૩૪

રૂા.૫૦૦૦૦૦ પાંચ લાખ શ્રી બિપીનભાઈ જૈન એક શૂન્ય વધુ લખાઈ ગયું હતું. મુદ્રણદોષ બદલ ક્ષમાપ્રાર્થી છીએ

● *તમે માત્ર તમારા જ સુખ માટે જીવવા માગો છો એ જ તમારી નિરાશાનું કારણ છે.*

–લિયો ટૉલ્સટૉય

## આશા નિરાશા

● જ્યાં કોઈ આશા નથી હોતી, ત્યાં કોઈ ઉદ્યોગ પણ નથી હોતો.

-જૉન્સન

● દરેક વસ્તુમાં નિરાશ થવા કરતાં આશાવાન થવું બહેતર છે.

–ગેટ

● હું આશાવાદી છું, કારણ કે નિરાશાવાદી થવાથી કોઈ લાભ નથી.

–ચર્ચિલ

● નિરાશાના પંખીઓ માથા પર ભલે ઉડ્યા કરે, પરંતુ તે આપણાં માથામાં માળો બાંધે તે ન પાલવે.

–સંકલિત

● આશાવાદી ગરીબ નિરાશાવાદી ધનિક કરતાં વધુ સુખી હોય છે.

–હરિભાઉ ઉપાધ્યાય

● આશાવાદ : જગતમાં ક્યાંક ને ક્યાંક તો પરોઢ હોય જ છે.

–સંકલિત

● આશા જ એવી મધમાખી છે, જે વગર ફૂલે મધ બનાવે છે.

–ઈંગર સોલ

● આશા જીવનની દોરી છે, પરંતુ કોઈ પ્રયાસ કર્યા વગર માત્ર આશા રાખવાથી કોઈ કામ થતું નથી.

–અજ્ઞાત

● આશા એ તો જીવનનું લંગર છે. તેનો સહારો છોડી દેવાથી માણસ ભવસાગરમાં ડૂબી જાય છે. હાથપગ હલાવ્યા વિના એકલી આશા રાખવાથી જ કામ નહીં ચાલે.

–લુકમાન

● આશાવાદી : એ વસંતનો માનવ દેહધારી અવતાર છે.

–લૂઈ પાશ્ચર

● નિરાશાવાદ વિધ્વંશને નોતરે છે. નિરાશા એક મોત છે. રિબાવીને મારતું મોત!

–સ્વેટ માર્ડન

● આશા જ જીવન છે, જીવન જ આશા છે.

–ગેટે

● નિરાશામાં પ્રતીક્ષા અંધજનની લાઠી સમાન છે.

–પ્રેમચંદ

● દુઃખીના દર્દનું ઓસડ કેવળ આશા છે.

–સોક્રેટીસ

# PIUS QUEEN SHILVATI

**Gujarati : ACHARYA MUNI SHREE VATSALYADEEPJI ● Translation : PUSHPA C. PARIKH**

King Chetak had a very beautiful daughter named Shilvanti. She was married to king of Chandrapradyat of Ujjain. She was a very religious minded, good natured and pius lady. She used to go everyday for religious lectures to the temple. She used to obeserve many penances also.

King Chandrapradyat had very able secretary named Bhudev. The queen used to chit chat with Bhudev. Somehow or the other the secretary started loving the queen. The queen did not know about it. She used to talk with him very frankly considering him as her brother. She could not guess the bad intention of Bhudev.

Once upon a time in the absence of the king, Bhudev entered the palace and tried to go near the queen and show his love to her. He misbehaved a little. Shilvanti being a very clever and pius lady became alert and could manage to leave the palace.

Now Bhudev realised his mistake and ran away from there and reached home. He did not attend in the duty also. He gave a wrong excuse of ill health.

The next day king and queen both went to see Bhudev. The queen inquired about his health and requested to stay in the palace so that he can be looked after well. Bhudev was feeling guilty plus he was surprised at the queen's offer. The queen had uttered those words so frankly and showing her love for Bhudev as a real brother. Bhudev felt very bad. He repented in his mind for his action. The queen wished to bring her brother Bhudev on the right path. She assured him that no body was informed about his behaviour in the palace the other day. The queen at the same time took promise from Bhudev to treat all other ladies as sisters and mothers.

Bhudev also promised her to behave as per her request.

✷ ✷ ✷

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**


**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**




**॥ મહાવીર કથા ॥**

**બે ડી.વી.ડી. સેટ**


ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**




**॥ ગૌતમ કથા ॥**

**બે ડી.વી.ડી. સેટ**


અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**




**॥ ઋષભ કથા ॥**

**ત્રણ ડી.વી.ડી. સેટ**


રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**




**॥ નેમ-રાજુલ કથા॥**

**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા



**પાર્શ્વ-પદ્માવતી કથા**

**ત્રણ ડી.વી.ડી. સેટ**

પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**માર્ચ, ૨૦૧૫માં પ્રસ્તુત થયેલ હેમચંદ્રાચાર્ય કથાની ડી.વી.ડી. પણ મે માસમાં તૈયાર થઈ જશે.**

**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે– ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

THE SEEKER'S DIARY

## Purpose

The morning after the 3 wonderful days of the Shri Uttaradhyan Sutra vivechan; I woke up with this void- ' Now what?

Elated by the three months work leading upto three days of Gurudev's Satsang; I did feel the positive after effects of the glorious happy feelings in my heart but also felt a deep sense of a ' now what? What do I wake up and get out of bed for today?

Nothing stays for too long; each moment is so fleeting; so any event or moment one has been in; will eventually be over.

This article is going to be about this elusive thing called 'Purpose', 'Goal' 'Aim' 'Laqshya' (લક્ષ્ય) or whichever name we call it. Many of us have it and many more of us dont have or question it till we are old, frail and and at the end of the life path – **what has been the purpose of my existence?**

I had asked Gurudev on the final day of the three day discourse in Mumbai - 'what do i do now? And he in his gentle simple manner he had shared with me that since he was young, he made daily goals, weekly goals, monthly goals and goals which were do-able goals as well as difficult goals, every single day. One must go into the day knowing what one wishes to accomplish from it and go about doing exactly that. To even have a tiny lakshya and go about ensuring that it is scratched off at the end of the day from the to do list.

Looking back in retrospect; for years I have floated, - done good things, done nothing, utilised some time and wasted a lot of time but since these last few days with Gurudev, everything just became more streamlined and seeing how he has such a Purpose, it feels ridiculous not to have one.

Anyway, since I am a commitment phobic, I decided to deal with my phobia by making day to day purpose, small purpose with an overall larger sub-concsious purpose of making my life and mind in such a way so as to not to miss the bus in the form of samkit/ self realisation/ liberation.

Purpose- what is it? The dictionary meaning of it is -' the reason for which something is done or created or for which something exists.'

I have and am constantly wondering-what is this human life created for? Eat, drink, sleep, procreate, procrastinate, relationships, work, hobby – or something else? What is the purpose of this life; what is it for?

Muslihuddin Sadi - A famous Sufi Poet said:

**"How are we to know our life's purpose? Can anybody tell us? No, no one can tell us, for life in its very nature is self-revealing and it is our own fault if we are not open to that revelation that life offers to us. It is not the fault olife. Man is the offspring of nature; therefore, his purpose belongs to nature. But the artificiality of life brings obscurity, and this prevents him from receiving that knowledge which is the revelation of his own soul.**

**If asked how one should proceed, I would advise the study of every object, whether false or true, which holds and attracts us, either outwardly or inwardly.**

**We are here for a purpose, everyone for a particular purpose. Each one of us is an atom of this universe and completes the symphony; and when we do not strike our note, it means that note is lacking in the symphony of the whole. When we do not fulfill our life's purpose in the way for which we were created, we are not living rightly and consequently, we are not happy.**

**Our happiness depends on living rightly, and right living depends on striking our note. The realization of that purpose is in the book of our heart. Open that book and look at it. The aim of all meditation, concentration and contemplation is only to open this book, to focus our mind, and to see what purpose there is in our life. As soon as we see that our ultimate goal, our life's object and happiness, our true health and well being, and our real wealth lie in the fulfillment of our purpose, then the whole trend of our life will."**

Emerson says-'**"The purpose of life is not to be happy. It is to be useful, to be honorable, to be compassionate, to have it make some difference that you have lived and lived well."**

And yet; so often I am sunk in the feeling that all of my

life, relationships, home , travels, everything seems like a blur.- they all begin to blur. I feel i am in a perpetual quest- searching, wandering waiting for something to happen to me, a miracle or some divine intervention, something that will change everything, that all the pieces will fall in place suddenly and complete the something that my whole life has been leading up to.

But that rarely happens... or atleast does not happen soon for sure.

It could be deep passionate love for something or someone, it could be a deep committed cause or the strums of a violin, an art form or a gourmet chef..

But till that all consuming focused purpose finds a way and docks within us , let us all who are as adrift as me, try and go the Zen way-to make each moment count, make each moment into a purpose.

**"When we are able to be in the moment, we no longer feel compelled to watch the clock. Whatever your work might be, bring all of yourself to it. When you are fully present, you may find that your labor is no longer a burden. Wood is chopped. Water is carried. Life happens."**

Reshma Jain

The Narrators

Tel: +91 99209 51074

# Lok-Sansthan-Vichay (લોક–સંસ્થાન–વિચય) વ્યવસ્થિત–શક્તિ ?

S. M. SHAH

Some of the Enlightend-Beings or the sages in their sacred vision & sanctintified wisdom have revealed the size, shape, area etc. of the universe, with the regions there-in, where living-beings exist. The whole universe is a great cosmic mechanism with its own self-propelling force, uncreated & uncontrolled by any super-imposed outside force. Its unitary character can be properly identified only by recognising & giving proper place to each of its parts. Broadly the parts are ``Jiva" & ``Ajiva", which are eternal, uncreated, unending & perpetual. There is a constant & continuous interplay between ``Jiva" & "Ajiva" elements, requesting in bewildering cosmic manifestations in material, psychic & emotional spheres around us.

The cosmic manifestations between jiva & ajiva lead to the mechanism of transmigration & rebirth. In other words change, but not total annihilation (destruction) of the jiva & ajiva elements, which the modern physical-science says that matter is undestructible. The theory of `Karma' is the natural deduction of `cause & effect' syndrome.

If the self-propelling mechanism of the universe (as above) is accepted, it will not be difficult to conclude that every part from smallest to biggest, has to play its role. In short you cannot do anything to destroy even a nut or a bolt of the universal mechanism, without damaging it as well as your own-self. To know this complex mechanism, to understand & explain its working (વ્યવસ્થિત-શક્તિ) is the task of an Enlightened-Being whose inherent abidance is in pure self but embodied in physical body (like any human-being) To live according the set-rules of the universal power (વ્યવસ્થિત-શક્તિ), to play ones own designated role as a part of mechanism under the able-guidance of Sat-guru is the task of an Aspirant or Seeker, so that universal-machine can work properly.

The above doctrine, expounded by the omniscients, cannot be carried out successfully without accepting total non violence. True non-violence is not the product of an intellectual understanding alone but by abidance in pure self while carrying out worldly duties as destined. One cannot be non-violent unless one understands the real nature of `cause & effect' syndrome. This leads us to the doctrine of `Sydvad' or the theory of relativity. This theory in short expounds that every judgement is relatively true, because it depends upon relations to the specific circumstances. How to comprehend the True-Reality? Sages say that your salvation is in your own hands. You are your own master, the shaper of your destiny. If pleasures & pains are the result fo your own actions under influence of ignorance of self, the way of salvation is also in your own hands, ofcourse under loving care of a `Sat-guru.'

✷ ✷ ✷

563, Anand van Society, New Sama Road, Vadodara-390 008. Phone : (0265) 2782364.

JAIN LAITY OR HOUSEHOLDERS (SHRÄVAKAS AND SHRÄVIKAS)

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

LESSON – 6 (2)

❑ DR. KAMINI GOGRI

Monks and nuns are very keen about the uplift of their souls and hence they sacrifice all worldly enjoyments and family relationships, and adopt the five great vows (Mahä-vratas). For those who want to remain in family life, the complete avoidence of the five principle sins are difficult. For them Jain ethic specifies the following twelve vows to be carried out by the householders. Of these twelve vows, the first five are main vows of limited nature (Anuvratas). They are somewhat easier in comparision with great vows (Mahävratas). The great vows are for the ascetics. The next three vows are known as merit vows (Guna-Vratas), so called because they enhance and purify the effect of the five main vows and raise value manyfold. It also governs the external conduct of an individual. The last four are called disciplinary vows (Shikshä-vratas).They are intended to encourage the person in the performance of their religious duties. They reflect the purity of one's heart. They govern one's internal life and are expressed in a life marked by charity. They are preparatory to the discipline of ascetic's life. The Three merit vows (Gunavrata) and four disciplinary vows (Shikshävratas) together are known as the seven vows fo virtuous conduct (Shilä). A person may adopt these vows, according to his individual capacity and circumstances with the intent to adopt ultimately as full or great vows. The layperson should be very careful while observing and following these limited vows. These vows being limited or restricted vows may still leave great scope for the commitment of sins and possession of property. The twelve vows are described as follows: Twelve vows of Laity (Householders) Five Main Vows of Limited Nature (Anuvratas) : 01 Ahinsä Anuvrata – Nonviolence Limited Vow, 02 Satya Anuvrata – Truthfulness Limited Vow, 03 Achaurya Anuvrata – Nonstealing Limited Vow, 04 Brahmacharya Anuvrata – Chastity Limited Vow, 05 Aparigraha Anuvrata – Non-attachment Limited Vow. Three Merit Vows (Guna Vratas): 06 Dik Vrata – Limited area of activity vow, 07 Bhoga Upbhoga Vrata – Limited use of consumable and non-consumble items, 08 Anartha-danda Vrata – Avoidance of purposeless sins. Four Disciplinary Vows (Shikshä-vratas): 09 Sämäyika Vrata – Meditation vow of limited duration 10 Desävakäsika Vrata – Activity vow of limiting space, 11 Paushadha Vrata – Ascetic's life vow of limited duration, 12 Atithi Samvibhäg Vrata – Charity vow

**Five Main Vows of Limited Nature (Anuvratas)**

1. Non-violence Limited vow (Ahinsä Anuvrata). In this vow, a person must not intentionally hurt any living being (plants, animals, human etc.) or their feelings either by thought, word or deed by himself or through others, or by approving such an act committed by somebody else. Intention in this case applies to selfish motives, sheer pleasure, and even avoidable negligence. A person may use force, if necessary, in the defense of his country, society, family, life, property, and religious institute. His agricultural, industrial, occupational living activities do also involve injury to life, but it should be as minimum as possible, through being careful and using due precaution. In Jain scripture the nature of violence is classified in four categories: Premeditated Violence: To attack someone knowingly. Defensive Violence: To commit intentional violence in defense of one's own life. Vocational Violence: To incur violence in the execution of one's means of livelihood. Common Violence: To commit violence towards one sense living beings such as plants in the performance of daily activities. Premeditated violence is totally prohibited for all. A householder may not have a choice but to incur violence defensively and vocationally provided he maintains complete detachment. Common violence may be unavoidable for survival, but even here, one should minimize violence in all daily activities such as in preparing food, cleaning house, etc. This explains the Jain's practices of filtering drinking water, vegetarianism, not eating meals at night, and abstainence from alcohol. Nonviolence is the foundation of Jain ethics. Lord Mahavir says: `One should not injure, subjugate, enslave, torture or kill any living being including animals, insects, plants, and vegetation. This is the essence of religion. It embraces the welfare of all living beings including animals, insects, vegetation etc. It is the basis

of all stages of knowledge and the source of all rules of conduct. 2. Truthfulness Limited Vow (Satya Anuvrata): The second of the five limited vows is Truth. It is more than abstaining from falsehood. It is seeing the world in its real form and adapting to that reality. The vow of truth puts a person in touch with his inner strength and inner capacities. In this vow, a person avoids lies, such as giving false evidence, denying the property of others entrusted to him, avoid cheating others, etc. The vow is to be followed in thought, action, and speech, by doing it himself or by getting it done through others. He should not speak the truth, if it harms others or hurts their feelings. He should, under these circumstances, keep silent. 3. Non-stealing (Achaurya/Asteya) Limited Vow: In this vow, person must not steal, rob, or misappropriate others goods and property. He also must not cheat and use illegal means in acquiring worldly things by himself or nor through others or by approving such acts committed by others. 4. Chastity (Brahmacharya) Limited Vow: The basic intent of this vow is to conquer passion. Positively stated, the vow is meant to impart the sense of serenity to the soul. In this vow, the householder must not have a sensual relationship with anybody but one's own lawfully wedded spouse. Even with one's own spouse, excessive indulgence of all kinds of sensual pleasure needs to be avoided. 5. Non-possession / Non-attachment (Aparigraha) Limited Vow: Non-possession is the fifth limited vow. As long as a person does not know the richness of joy and peace that comes from within, he tries to fill his emptiness and insecure existence with the clutter of material acquistions. One must impose a limit on one's needs, acquisitions, and possessions such as land, real estate, goods, other valuables, animals, money, etc. The surplus should be used for the common good. One must also limit every day usage of the number of food items, or articles and their quantity. The Jain principle of limited possession for householders helps the equitable distribution of wealth, comforts, etc., in the society. Thus Jainism helps in establishing socialism, economic stability, and welfare in the world. Non-possession, like non-violence, affirms the oneness of all life and is beneficial to an individual in his spiritual growth and to society for the redistribution of wealth.

**Three Merit Vows (Guna-Vratas)** 6. Limited Area of Activity Vow (Dik Vrata): This vow limits one's worldly activities to certain area in all the ten directions; north, south, east, west, north-east, north-west, south-east, south-west, above and below. A person gives up committing sins in any place outside the limited areas of his worldly activity. This vow JAIN LAITY OR HOUSEHOLDERS provides a space limit to the commitments of minor sins such as defensive, vocational, and common violence for our survival not restricted by the limited vows of non-violence. Thus outside the limited area, the limited vows assume the status of full vow (Mahä Vratas). 7. Limited use of Consumable / Non-consumable items vow (Bhoga-Upbhoga Vrata) : Generally one commits a sin by one's use or enjoyment of consumable (Bhoga) and non-consumable (Upbhoga) objects. Consumable (Bhoga) means enjoyment of an object, which can only be used once, such as food and drink. Non-consumable (Upabhoga) means enjoyment of an object, which can be used several times, such as furniture, clothes, ornaments and buildings. One should, therefore, limit the use of these two objects in accordance with one's need and capacity by taking these vows. This vow limits the quantity and number of items to the commitment of minor sins not restricted by non-possession limited vow (Aparigraha Anuvrata). 8. Avoidance of Purposeless and Unnecessary Sins Vow (Anartha-danda Vrata) : One must not commit unnecessary or purposeless sin or moral offense as defined below.

- Thinking, talking, or preaching eveil or ill of others.
- Doing inconsiderate or useless acts such as walking on grass unnecessarily
- Manufacturing or supplying arms for attack.
- Reading or listening to obscene literature, or carelessness in ordinary behaviour.

**Four Disciplinary Vows (Shikshä-vratas)** :

9. Equanimity or Meditation Vow of Limited Duration (SHRÄVAKAS AND SHRÄVIKÄS) (Sämäyika Vrata): This vow consists in sitting down at one place for at least 48 minutes concentrating one's mind on religious activities like reading religious books, praying, or meditating.This vow may be repeated many times in a day. It is to be observed by mind, body, and speech. The meditation of 48 minutes makes a person realize the importance of the life long vow to avoid all sinful activities and is a stepping-stone to a life of full renunciation. During Sämäyika time, one meditates on the soul and its relationship with karma. One should practice this vow of Sämäyika by giving up affection and aversion (Rag and Dvesha), observing equanimity towards all objects, thinking evil of no one, and be-

ing at peace with the world. 10. Limited Duration of Activity Vow (Desavakasika Vrata): This vow sets new limits to the limitations already set by Dik Vrata and Bhoga Upbhoga Vrata. The general life long limitation of doing business in certain areas and the use of articles are further restricted for particular days and times of the week. This means that one shall not, during a certain period if time, do any activity, business, or travel beyond a certain city, street, or house. 11. Limited Ascetic's Life Vow (Paushadha Vrata): This vow requires a person, to live the life of a monk for a day or longer. During this time one should retire to a secluded place, renounce all sinful activites, abstain from seeking pleasure from all objects of the senses and observe due restraint of body, speech and mind. A person follows five great vows (Mahä-vratas) completely during this time. He passes his time in spiritual contemplation, performs meditaton (Sämäyika), engages in self-study, reads scriptures, and worships Gods (Arihantas and Siddhas). This vow promotes and nourishes one's religious life and provides training for ascetic life.

**12. Charity Vow (Atithi Samvibhäg Vrata)** : One should give food, clothes, medicine, and other articles of his own possession to monks, nuns and pious and needy people. The food offered should be pure and given with reverence. One should not prepare any food especially for momks or nuns because they are not allowed to have such food. Donating of one's own food and articles to monks and others provides as inner satisfacton and raises one's consciousness to higher level. It also saves him from acquiring more sins if he would have used the same for his nourishment, comfort and pleasure.

**Peaceful Death (Sanllekhana) :** I

In the final days of life, a househoder can attain a peaceful death if he/she truly follows the above twelve vows. The peaceful death is characterized by non-attachment to worldly objects and by a suppression of passions at the time of death. The last thought should be of a calm renunciation of the body, and this thought should be present long before death supervences.

**Conclusion:**

By performig these twelve vows, a lay follower may live a righteous life and advance towards a fuller and more perfect life, and conquer desire. While earning wealth, supporting family, and taking up arms to protect himself his family, his country, against intruders, he is taught self restraint, love and enmity. On one hand, he is debarred from doing any harm to himself, to his family, to his country, or to humanity by reckless conduct. On the other hand, by giving up attachments he gradually prepares himself for the life of ascetics. If one goes deeper into the rules laid down, he will find that the practice of limiting the number of things to be kept or enjoyed eliminates the dangethe danger or concentration of wealth at one point, which will help to minimize poverty and crime in society.

**(To be Continued)**

76-C, Mangal Flat No. 15, 3rd Floor,
Refi Ahmed Kidwai Road, Matunga, Mumbai-400019.
Mobile : 96193 / 79589 / 98191 79589
Email : kaminigogri@gmail.com

## Story of the Third Chakravarti Maghava :

Out of the virtuous twelve Chakravartis, Maghava Chakravarti was the third and reigned in the period of the 15th Tirthankara Dharmanath. At that time, Shravasti Nagari was very large and glorious where a king named Samudravijay was living happily with his queens. His chief queen was Bhadra, very beautiful and soft hearted. Before the birth of Maghava, queen Bhadra saw 14 dreams. When the child was born he was called Maghava which meant Indra as he was very good looking and courageous.

In his young age he saw a Chakra in his armory. He adored the Chakra and paid homage. Along with the Chakra and army he commenced his journey to win the different states in Bharat Ksetra. After winning all the kingdoms he entered his own Shravasti Nagari. All the kings and Indras honored him as a Chakravarti king and performed Rajyabhisheka ceremony.

There were many kings under his sovereignty. He had lots of queens, jewels, elephants and all luxuries but he thought of other ways which could help him in getting moksa. He established many jeweled golden shrines on hills for the benefit of people. He gathered more punya with this act. Thus he became a famous Chakravarti in true sense. In the end of his life he renounced the world to be an ascetic. After completing his lifespan he became Deva and later on he will attain Moksa in birth.

## The Third ChakravartiKing Maghavaa - By Dr. Renuka Porwal, Mob.: 098218 77327



During the period of 15th Tirthankara Dharmanath, the third Chakravarti Maghavaa ruled in Bharat Ksetra. In the Nagar of Shravastithere lived a king named Samudra-vijay. His chief queen Bhadra was very beautiful. When a child was born to them, they called it Maghavaa which means Indra as he was very good looking and courageous.

In his young age he saw a Chakra in his armory. He adored the Chakra and paid homage. Along with the Chakra and army he commenced his journey to win the different states in Bharat Ksetra. After winning all the kingdoms he entered his Shravasti Nagari. All the kings and Indras honored him as a Chakravarti king and performed Rajyabhisheka.

He established many jeweled golden shrines on hills for the benefit of people. He gathered more punya with this act. In this way he become a famous Chakravarti. At the end of his life he renounced the world. After the death he became Mahardhika Deva in Devaloka. He will attain Moksa in next birth.

Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# રણમાં વીરડી

□ ગીતા જૈન

જીવનમાં નદીની જેમ વહેતા રહેવાનું નક્કી કરી યોગ અને પ્રાકૃતિક ચિકિત્સાના કામને લઈને 'સ્વયમ્ સ્વસ્થ બનો અભિયાન' આજથી ૧૯ વર્ષ પૂર્વે આદર્યું ને ભારતભ્રમણ શરૂ કર્યું. અમારી આ પ્રવૃત્તિની ફલશ્રુતિ શું એની તો ખબર નથી પરંતુ મને આ પ્રવૃત્તિએ ઘણું ઘણું આપ્યું છે. દસ દસ દિવસે નવા નવા લોકોની વચ્ચે રહેવાનું, નવી નવી જગાઓના પ્રાકૃતિક સૌંદર્યનું રસપાન કરવાનું, અલગ અલગ પ્રદેશની સંસ્કૃતિને જોવા-જાણવાનું ને આવું તો કંઈ કેટલુંય મને ભીતરથી સમૃદ્ધ કરતું ગયું છે. આ પ્રવાહમાં વહેતા કેટલીક

**કોઈને મદદરૂપ થવા માત્ર પાસે પૈસા હોવા જ જરૂરી નથી.**

એવી સંસ્થાઓમાં રહેવાનું થાય જેની પ્રવૃત્તિઓ હૃદયને સ્પર્શી જાય ને તેના વિશે વાત કર્યા વિના રહી ન શકાય. આવી જ એક સંસ્થા **'ગ્રામ સ્વરાજ સંઘ' – નીલપર, તાલુકો રાપર – કચ્છ** સાથે તાજેતરમાં યોગશિબિરના સંચાલનાર્થે જોડાવાનો યોગ થયો. અલબત્ત, આ સંસ્થા સાથે મારે ઘણાં વર્ષોનો અનુબંધ રહ્યો છે. ૨૦૦૧ના ભૂકંપ વખતે પણ આ સંસ્થા મારફતે રાપર ભચાઉની આજુબાજુના ગામડાંઓમાં કામ કરવાનો અવસર આ. નકુલભાઈ ભાવસારના સહયોગથી સાંપડેલો. પણ આ વખતે તો દસ દિવસ રોકાવાનું થતાં તેને ઝીણવટપૂર્વક જોવા જાણવાનું બન્યું. 'સારું જોઈએ તો ભાઈ સૌને રે કહીએ' એ ન્યાયે અંતરને સ્પર્શી ગયેલી કેટલીક વાતો કહેવાની તક ઝડપું છું.

ગાંધીમૂલ્યોને વરેલી આ સંસ્થાની સ્થાપના અગ્રણી સામાજિક કાર્યકર – ગાંધીવિદ્ સ્વ. મણિભાઈ સંઘવીએ ૧૯૭૮માં કરી હતી. એક-બે ઝૂંપડી, વેરાન ભૂમિ ને ખડકાળ પ્રદેશમાં આરંભાયેલું આ યજ્ઞકાર્ય આજે પાંત્રીસ વર્ષે એટલું તો ફૂલ્યું ફાલ્યું છે કે સોનટેકરી નામે ઓળખાતું આ સંસ્થાનું નયનરમ્ય પરિસર ખરા અર્થમાં સોનું (ઉત્તમ નાગરિકો) ઊપજાવનારું બની રહ્યું છે. શ્રી સુનીલ શિશુ શાળા, શ્રી નાનાલાલ વોરા વિનયમંદિર, ઉ. બુ. વિદ્યાલય અને શ્રી બક્ષીપંચ આશ્રમશાળા વલ્લભપુરમાં આશરે પાંચેક સો જેટલા બાળકો અહીં જીવન ઘડતરનું શિક્ષણ મેળવી રહ્યા છે. બાળકોની સંખ્યા કરતાં પણ અગત્યનું છે તેમને અપાતી તાલીમની નવી તરાહ અને તેના સુફળ.

કચ્છમાં આ વર્ષે મેઘરાજા મહેરબાન નથી થયા તેથી જળસંકટની સાથોસાથ અબોલા પ્રાણીઓ માટે ચારાના પ્રશ્નો પણ ઉભા થયા છે. લીલા ચારાના ભાવ વધી ગયા હોવાથી સંસ્થામાં ચલાવવામાં આવતી શ્રી રવિશંકર મહારાજ ગૌશાળાની ગાયોને ચારાની મુશ્કેલી સર્જાઈ. આ. નકુલભાઈ ભાવસારે બાળકો સમક્ષ વાત કરીને સમજાવ્યું કે તમે શ્રમ કરીને પણ ગાયોને ચારાનું દાન કરી શકો છો. સ્વેચ્છાએ છોકરાઓની ટીમ તૈયાર થઈ, રેતીના ટ્રેક્ટર ભરી તેમાંથી મળેલ મજુરીના પૈસાથી વિદ્યાર્થીઓએ ગાયો માટે લીલો ચારો ખરીદ્યો. સંસ્થાની બાલિકાઓ પણ આ શ્રમદાનના સિદ્ધાંતને સમજી આ કામમાં સહભાગી થઈ. આ વાત વિશેષ અગત્યની એટલે છે કે આ બાળકોમાંથી મોટા ભાગનાના વાલીઓના પૂર્વજો શિકારી વૃત્તિ ધરાવતા હતા. પશુ પક્ષીનો શિકાર કરવો એ જેમને મન સહજ હતું તેમના બાળકો જીવદયાના કાર્યો કરતા થયા છે. ગાયો માટે કેટલો ચારો આવ્યો એ અગત્યનું નથી. અગત્યનું એ છે કે આ બાળકોમાં દયા, કરુણા, દાન જેવા ઉમદા ગુણોનું બીજારોપણ થયું. સ્વાભાવિક છે કે આ બાળકો મોટા થઈ કોઈ અબોલા જીવ પર હથિયાર ફેંકતા અચકાશે – અટકશે.

## પંથે પંથે પાથેય

સામાન્ય લાગતું આ કાર્ય કેટલું મોટું છે એ સુજ્ઞજનોને કહેવું પડે ? વળી, સંસ્થામાં લીલોચારો જ્યાં વાવવામાં આવ્યો હોય તેને ઘુડખર ખાઈ ન જાય એ માટે નરેશ અને કુણાલ જેવા વિદ્યાર્થીઓ શિયાળાની કડકડતી રાત્રે ચોકી કરવાની સ્વૈચ્છિક તૈયારી બતાવે, બીજા મિત્રો પણ તેમાં જોડાય. તેમની આ સંસ્થાપ્રીતિ અને સદભાવને સલામ કરવાનું મન થઈ જાય છે.

અહીં રહેતા બાળકો મોટેભાગે સામાન્ય આર્થિક સ્થિતિવાળા હોય, સંસ્થા દ્વારા ઓછામાં ઓછી ફી રાખવામાં આવે, પણ કેટલાક વાલીઓ તો એટલો અર્થભાર પણ ન ઉપાડી શકે તો તેવા વિદ્યાર્થીઓને દાખલ કરવાની ના ન પાડી દેવાય. એ બાળક જો મોટા હોય તો શ્રમ કરીને એટલે

**આ બાળકોમાં દયા, કરુણા, દાન જેવા ઉમદા ગુણોનું બીજારોપણ થયું.**

ટ્રેક્ટર ભરીને વળતર કરી આપે એટલે ફી ભરપાઈ થઈ જાય. પણ એકલો વિદ્યાર્થી કયારે ટ્રેક્ટર લાકડા કાપી લે, માટે તેના દસ-બાર સાથીમિત્રો તેની મદદે આવે ને રવિવારની કોઈ સાંજે ભરેલા ટ્રેક્ટર સાથે ગૌરવભેર બાળકો પરત કરે ત્યારે જેની ફી ભરપાઈ થઈ ગઈ હોય તેના ચહેરા પર જાત-મહેનતે ભણવાનો આનંદ હોય તો તેના સાથીઓના હૈયા પોતાના મિત્રના ભણતર માટે સહભાગી થયાના સંતોષથી છલકતા હોય. સ્વાવલંબનની તાલીમની સાથોસાથ કોઈને

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૪૨)

To,

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.